હિન્દનાં વિદ્યાપીઠો

પ્રાચીન અને મધ્યકાલીન

ભાગ ૧



લેખક

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

◉ હિન્દનાં વિદ્યાપીઠો ◉

આ લેખકની કૃતિઓ

૧

હિન્દનાં વિદ્યાપીઠો

પ્રાચીન અને મધ્યકાલીન

ભા. ૧

મૂલ્ય દોઢ રૂપિયો

આ પુસ્તક મુંબાઈ યુનિવર્સિટીની ૧૯૩૬ મ્ન ૩૭ની બી એ. ની પરીક્ષા માટે ગૂજરાતી પાસ કોર્સમાં પાઠ્ય પુસ્તક તરીકે નિયત થયું છે.




૨

પ્રવાસનાં સંસ્મરણો

મૂલ્ય એક રૂપિયો

"કવિને શોભતી દૃષ્ટિએ એમણે (કર્તાએ) તે તે સ્થળનું સૃષ્ટિસૌંદર્ય નિરખ્યું છે, એનો ઉપયોગ કર્યો છે, અને વિષયને અનુરૂપ સુંદરતાવાળા ગદ્યમાં પોતાની લાગણી પ્રકટ કરી છે..... રા. રતિલાલનું પુસ્તક માત્ર સૃષ્ટિસૌંદર્યના રસિક વર્ણનોથી જ ભરેલું નથી. આ ઉપરાંત 'આસામના બાસીઓ', 'કાશ્મીરનું ઇતિહાસદર્શન' વગેરે ઐતિહાસિક માહિતીની કંડિકાઓ પણ છે.

આચાર્યશ્રી આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ
(વસન્ત: સંવત ૧૯૯૦: પૃ. ૭૮-૮૦)


CHECKED 1973
Initial

હિન્દનાં વિદ્યાપીઠો:

પ્રાચીન અને મધ્યકાલીન

ભાગ ૧.

યોજનાર :

રતિલાલ મોહનલાલ ત્રિવેદી. બી. એ.

આવૃતિ ૧ લી. પ્રત : ૧૦૦૦ સંવત ૧૯૮૮.

મૂલ્ય : રૂપિયો દોઢ.

લેખક અને પ્રકાશક :
રતિલાલ મોહનલાલ ત્રિવેદી.
પૌરાણિક નિવાસ.
શાન્તિનિકેતન સોસાયટી, એલિસબ્રીજ,
અમદાવાદ.

: મુદ્રક :
ધી 'સૂર્યપ્રકાશ' પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યું.
પાનકોર નાકા : અમદાવાદ.

પ્રિય ભાઈ શામદાસ પરમાનંદ વાસવાણિને..

પ્રસ્તાવના.

આજથી આઠેક વર્ષ ઉપર મૈસુર યુનિવર્સિટીના એક પદવીદાન સમારંભ પ્રસંગે હિન્દની પ્રાચીન અને અર્વાચીન કેળવણી વિષે ડૉ. **એની બેઝન્ટનું** તેજસ્વી અને પ્રેરણાત્મક ભાષણ મારા વાંચવામાં આવ્યું ત્યારથી એ વિષયનો કાંઈક ઊંડો અભ્યાસ કરવાની આકાંક્ષા ઉત્પન્ન થઈ. પહેલાં પાંચ-છ વર્ષમાં પ્રસંગોપાત્ત જે થોડાં ઘણાં સાધનો ઉપલબ્ધ થઇ શક્યાં તેટલાં વાંચ્યાં-વિચાર્યાં. વિશેષેકરીને છેલ્લા દોઢ-બે વર્ષમાં એ વિષયના અભ્યાસ માટે ગૂજરાત વિદ્યાપીઠ પુરાતત્ત્વ વિભાગમાંથી કેટલાક મૂલ ગ્રન્થો અને પત્રો (Journals) વાંચવાની સંપૂર્ણ સગવડ મળી શકી. **મહાત્મા ગાંધીજીની** અનેક ભેટોમાં ગૂજરાત વિદ્યાપીઠ ગ્રન્થાલય, અમદાવાદને એક અમૂલ્ય ભેટ છે. એ ગ્રન્થાલયનો છૂટથી ઉપયોગ થઈ શક્યો તેને પરિણામે જ આ લઘુ ગ્રન્થ હું પ્રસિદ્ધ કરી શક્યો છું.

હિન્દની સંસ્કૃતિના ઇતિહાસમાંથી એક સત્ય એ મળી આવે છે કે હિન્દુસ્થાને સ્થૂલ તલવારોની ધારો કાઢવા કરતાં બુદ્ધિની સૂક્ષ્મ ધારો કાઢવામાં પોતાનું ધ્યાન બહુધા પરોવ્યું હતું.

અતિપ્રાચીન કાલથી તે આજ પર્યંત ભારતની સંસ્કૃતિના અનેક પ્રવાહો વહી રહ્યા છે. આ વિવિધ પ્રવાહો એક બીજાથી નિતાન્ત ભિન્ન રીતે વહેતા નથી પરંતુ એક બીજામાં ઓતપ્રોત થએલા છે. આમાંના એક પ્રવાહને અનુલક્ષીને આ ગ્રન્થ યોજાયો છે.

વર્તમાન જગત સમક્ષ ઉકેલ માટે તત્પર ઉભેલા અગણિત કોયડાઓમાં કેળવણીનો મહાપ્રશ્ન કેન્દ્રસ્થાને હોવાથી હિન્દના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસમાંથી થોડાંક કિરણો વેરવાનો અલ્પ યત્ન આ ગ્રન્થમાં કર્યો છે.

આ ગ્રન્થની યોજના વિષે આરંભના પ્રકરણમાં ખુલાસો કર્યો છે. પહેલું પ્રકરણ જ આ પુસ્તકની સાચી પ્રસ્તાવના છે. ' પરિશિષ્ટ અને ટિપ્પણ 'માં કેટલાક વિચારોનાં મૂલ વિસ્તારથી ઉતાર્યા છે અને કેટલુંક સ્પષ્ટીકરણ કર્યું છે. બીજા ભાગમાં વલભીવિહાર ઉપરાંત દક્ષિણનાં વિદ્યાપીઠો, સંગમો, અગ્રહારો, મઠો, વસતિઓ ઇત્યાદિ વિષે કેટલુંક નિરૂપણ કરવા ઇચ્છા છે.

આ ગ્રન્થ રચવામાં હું અનેક વિદ્વાનોનો ઋણી છું. આચાર્યશ્રી આનંદશંકરભાઈ પાસેથી પ્રસંગોપાત કિંમતી સૂચનાઓ મળી છે. ગ્રન્થને અન્તે આપેલી યાદીમાં કેટલાક વિદ્વાનોનો ઋણસ્વીકાર હું કરી શકયો છું.

હિન્દની પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસીઓને આ ગ્રન્થ કાંઈક ઉપયોગી થશે એમ આશા છે.

છેવટે, ગ્રન્થાલયનો ઉપયોગ કરવાની સગવડ આપ્યા બદલ ગૂજરાત વિદ્યાપીઠના સંચાલકોનો, અને કેટલીક અગત્યની સૂચનાઓ આપ્યા બદલ મારા મિત્ર ભાઈ નાનાલાલ મોહનલાલ શાહ. બી. એ. એલ્. એલ્. બી. નો હું ઉપકાર માનું છું.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી.

વિષયાનુક્રમ:

* અનુક્રમ પ્રમાણે નાલન્દા પછી વલભી મહાવિહારનું પ્રકરણ આવવું જોઇએ પરંતુ કેટલાંક સાધનો તુરતમાં ઉપલબ્ધ નહિ થવાથી બીજા ભાગમાં એ મૂકવાનું નિર્ધાર્યું છે.

What a University should be?

A University should be the home of the untrammeled and the unafraid where eager and sceptical spirits gaze at the phenomenon of mankind and at the farflung world with frank ingenuous interest. A University should be a place where nothing is taken for granted, where everything must prove itself, where any kind of question may be asked, where freedom is unabridged to observe, to think, to write, and to speak. Over the doors of our universities, might well be written these words:

" Here is a home where brave spirits may search and understand. "—Too often there are no such words—Raymond B. Fosdick, in the Virginia Quarterly Review P. 511, 1929.

૧

કેળવણીનો પ્રશ્ન

(ભૂતકાળ અને વર્તમાનકાળ)

વર્તમાન સમયના સમર્થમાં સમર્થ ચિન્તકોને કેળવણીનો પ્રશ્ન આજ મૂઝવી રહ્યો છે. વિશેષેકરીને દારુણ મહાયુદ્ધે માનવવાટિકાને ખેદાન મેદાન કરી નાંખી ત્યારપછી આ એકજ પ્રશ્ન જગતભરનું ધ્યાન રોકી રહ્યો છે. આ સાર્વત્રિક લાગણીનું યથાર્થ પ્રતિબિમ્બ પાડતાં ડીન ઇંગ યોગ્ય કહે છે કે 'એક સુપ્રસિદ્ધ વિદ્વાને એક ફ્રેન્ચમેન, સ્વિડ, ડચ, અમેરિકન, ચાઇનામૅન અને જૅપેનીઝને પૂછ્યું 'તમારા દેશમાં મુખ્ય રસનો વિષય કયો છે? તમારા દેશજનોની સાચી શ્રદ્ધા શામાં છે? તે સર્વેએ ઉત્તર વાળ્યો 'કેળવણી'[1] જીવનના આ સહુથી અગત્યના પ્રશ્નમાં મનુષ્યનો રસ અને એની શ્રદ્ધા દિનપરદિન વધતાં જ જાય છે. ડૉ. ટાગોર કહે છે તેમ "મનુષ્યના સર્વપ્રશ્નોનું મૌલિક સમાધાન કેળવણીમાં જડે છે." માનવજાતિનાં લગભગ બધાં જ દુઃખો અજ્ઞાનનો વારસો છે. જ્યાં સુધી કેળવણી રૂપી પાયો ઊંડો અને મજબૂત ન હોય અર્થાત્ જ્યાં સુધી વિશાળ પાયા ઉપર કેળવણી ન મંડાય ત્યાં સુધી કોઇ પણ સંસ્કૃતિનું ચણતર ડગમગતું રહે છે અને મહાન પરિવર્તોને લીધે પડી પણ જાય છે. કેળવણી એ "સંસ્કૃતિનો સૂક્ષ્મસાર' છે અને તેથી 'ગરીબમાં

---

૧ આચાર્ય ધ્રુવે ' સન્નારીઓને બે બોલ ' લેખમાં ઉતારેલું ડીન ઈંગનું અવતરણ.

ગરીબ અને નિકૃષ્ટમાં નિકૃષ્ટ જનના દ્વાર સુધી એ પહોંચવી જોઇએ.' પોતાની બુદ્ધિનો પ્રદીપ પ્રકટાવવો એ મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ હક છે.

આજ પ્રથમ નહિ સ્વીકારાએલી એવી એક હકીકત સ્વીકારવામાં આવે છે તે એ કે 'રાષ્ટ્રીય પુનર્ઘટનાનો પ્રશ્ન એ મુખ્યત્વે કરીને રાષ્ટ્રીય કેળવણીનો જ પ્રશ્ન છે.' મિ. ફિશરના શબ્દોમાં કહીએ તો 'રાષ્ટ્રનું ભાવિ કલ્યાણ શાળાઓ ઉપર અવલંબે છે.' આજ સમગ્ર જગતમાં કેળવણીનું પુનર્વિધાન થઇ રહ્યું છે.

ઇંગ્લંડ આજ અપૂર્વ રીતે શાળાઓ પ્રત્યે લક્ષ આપી રહ્યું છે. પણ એની કેળવણીનો હેતુ ઉન્નત અને વિશાળ હોવો જોઇએ, 'ધન કરતાં વધારે ઊંચો અને રાષ્ટ્ર કરતાં વધારે વ્યાપક હોવો જોઇએ.' 'ઇંગ્લંડની' પબ્લિક શાળાઓમાં પ્રવર્તમાન અમીરશાહી પદ્ધતિ જે 'ખૂદ ઇંગ્લંડમાં કે સામ્રાજ્યના દૂરના ભાગોમાં અધિકાર અને સત્તાની પદવીઓ અર્થે' મનુષ્યોને કેળવવાનો હેતુ રાખે છે તેમાં મૌલિક ફેરફારની જરૂર રહે છે. પરંતુ બર્ટ્રાન્ડ રસલ તો કહે કે—

"અમીરશાહી કાલાતીત છે. વૉટરલૂનું યુદ્ધ ઇટનનાં ક્રીડાંગણો પર ભલે જીતાયું હોય પણ બ્રિટિશસામ્રાજ્ય ત્યાં જ ખોવાવાની અણી પર છે. અર્વાચીન જગતને જુદો જ આદર્શ જોઇએ છે. ભવિષ્યનો કારભારી સ્વતંત્ર નાગરિકોનો સેવક હોવો જોઇએ; એને જોઈ જોઇને તાજુબ થતી પ્રજાનો પરોપકારી અમલદાર તો ખચિત નહિ જ. ઉચ્ચ બ્રિટિશ કેળવણીમાં સમાએલો અમીરશાહી સંપ્રદાય વિનાશકારક છે."[1]

---

૧ બર્ટ્રાન્ડ રસલ On Education પૃ. ૪૩-૪૪. પૃ. ૧૪૮.

સમસ્ત જગતમાં કેળવણીનું અર્વાચીન વલણ પ્રજાકીય છે. આ એક આજ બહુમાન્ય અભિપ્રાય છે કે વિશિષ્ટ અધિકાર ભોગવતા વર્ગમાંજ કેળવણી મર્યાદિત થવી ન જોઇએ પરંતુ આમવર્ગને એ સ્વાધીન હોવી જોઇએ. પરંતુ જ્યારે કોઇ સ્વાર્થી હેતુ સિદ્ધ કરવા માટે કેળવણીનો ઉપયોગ થાય છે ત્યારે આપણે ખાસ ચેતવું જોઇએ. એવા ઘણાએ મનુષ્યો પડ્યા છે કે જેઓ કેળવણીને એક રાજકીય સાધન તરીકે ગણે છે. રસલ Principles of social Reconstruction માં કહે છે કે "લગભગ બધી કેળવણીનો હેતુ રાજકીય છે: એનું ધ્યેય બીજાં વિરુદ્ધ મંડળો સામે કોઇ રાષ્ટ્રીય કે ધાર્મિક અથવા સામાજિક મંડળોને મજબૂત બનાવવાનું છે. મુખ્યત્વે કરીને આ ધ્યેયને અનુલક્ષીને શિક્ષણના વિષયો નક્કી થાય છે, અમુક જ્ઞાન અપાય છે અને અમુક નથી અપાતું અને વિદ્યાર્થીઓને કેવી માનસિક ટેવો પાડવી જોઈએ તેનો નિર્ણય કરાય છે. મન અને આત્માના આન્તરવિકાસને અર્થે તો ભાગ્યેજ કાંઇ કરવામાં આવે છે" યુવાનોનાં અસરકારક ચિત્તમાં એક તરફી મતનો ઝોક ઉત્પન્ન કરવો એ કેળવણીનું લક્ષ્ય નથી પરંતુ સ્વતંત્ર વિચાર અને શોધની ખીલવણી કરવી એ છે. મનુષ્યે વિચારથી ડરવું ન જોઇએ કારણકે 'વિચાર મહાન પવનવેગી અને સ્વતન્ત્ર છે, જગતની પ્રભા છે અને માનવ આત્માનો શ્રેષ્ઠ મહિમા છે'[૧] વળી આપણા જીવનનો ઉચ્ચ નિયમ સહકાર છે, સ્પર્ધા નહિ. સહકાર એજ આપણા યુગનું મુખ્ય સૂત્ર છે, એજ આપણાં દુઃખમા-

---

૧ બર્ટ્રાન્ડ રસલ.

ત્રનો અનન્ય ઉપાય છે. સ્પર્ધા યુદ્ધને ઉત્પન્ન કરે છે; સહકાર ભ્રાતૃભાવ અને શાન્તિનો ઉત્પાદક છે. પ્રો. ગિલ્બર્ટ મરે યોગ્યજ કહે છે કે 'પ્રત્યેક પ્રજામાં અને પ્રજાઓ વચ્ચે પણ ભ્રાતૃભાવની આપણને જરૂરિયાત છે" કેળવણીમાં સુધારાની કોઇપણ સાચી હિલચાલ આન્તરરાષ્ટ્રીય જ થવી જોઈશે. રસલના શબ્દો ફરી ટાંકીએ તો 'પરદેશીઓના આક્રમણના ભયને લીધે કેવળ રાષ્ટ્રીય હિલચાલ જરૂર નિષ્ફળ નીવડવાની. જેઓ વધારે સારું જગત ઇચ્છે છે તેઓએ અન્યદેશોમાં એવી ઇચ્છા ધરાવનાર મનુષ્યો સાથે સહકાર કરવો પડશે [1] જો અન્ય લોકો આજ વિચારથી પ્રોત્સાહિત થાય તો કેળવણીના સુધારાનો હેતુ સિદ્ધ થાય. જગતની શાંન્તિ અર્થે આન્તરરાષ્ટ્રીય સંમતિથી "નાણાંની પેઠે કેળવણી પણ આન્તરરાષ્ટ્રીય ધોરણ પર રચાય તો જ જગતની ઉન્નતિ થાય અને એનો પ્રવાહ જુદાજ માર્ગે વળે.'

પરંતુ આ મહાન દર્શન સિદ્ધ થાય તે પહેલાં પ્રત્યેક પ્રજા સ્વતન્ત્ર થવી જોઇએ અને પ્રજાસંઘમા સ્વતન્ત્ર એકમ તરીકે સ્થાન એણે પ્રાપ્ત કરવું જોઇએ. એક પ્રજા ઉપર બીજી પ્રજાની હકૂમત એ ભૂતકાળનો અવશેષ થવો જોઇએ. 'નિકૃષ્ટ પ્રજાઓ' પર અમલ કરવાની ઘેલછાનો નિતાન્ત અન્ત આવવો જોઇએ.

ત્યારે અર્વાચીન જગતની અનેક નિરાશાઓમાં કેળવણી એ એકજ 'અમર આશા' છે. આત્મોદ્ધારને અર્થે ભગીરથ

---

૧ બર્ટ્રાન્ડ રસલ: Principles of Social Reconstruction પૃ ૨૩૩–૨૩૪.

પ્રયત્ન કરતી માનવજાતિનું એ એકલું જ આશ્વાસન છે. વ્યક્તિઓ, જાતિઓ અને પ્રજાઓને એકત્ર કરનાર એ મહાન સંયોજક બલ છે. ઉચ્ચ આશય અને વિશાળ લક્ષ્ય સમેત એ જગતની પુનર્ઘટનાનું અચૂક સાધન છે. મિ. એચ. જી. વેલ્સ એના 'The Outline of History'ના છેલ્લા પ્રકરણામાં કહે છે કે—

"આખી પૃથ્વીના ઇતિહાસમાં મનુષ્યજાતિનાં મહામંડળો ઉત્પન્ન થવામાં અને વિકાસ પામવામાં ધર્મ અને કેળવણી એ બે જ સંયોજક બળો જણાયાં છે. ઓગણીસમી સદીમાં ધર્મ અને બુદ્ધિના વિરોધને લીધે સામાન્ય કેળવણીથી ધર્મનું શિક્ષણ છૂટું પડી ગયું. એને પરિણામે આન્તરરાષ્ટ્રીય રાજનીતિ નિર્દય રાષ્ટ્રવાદના કોકડામાં પડી અને ઉદ્યોગ અને ધંધાનું જીવન કઠોર, આપમતલબી અને અનુત્પાદક લાભ ઢૂંઢવાની નીતિમાં પડી પાછળ ધકેલાતું ગયું છે. પ્રાચીન સંયમ સરી જવા લાગ્યો છે; મનુષ્યની બુદ્ધિનો ખરેખર અપકર્ષ થયો છે. પરંતુ વ્યવસ્થિત કેળવણીમાંથી ધર્મના શિક્ષણનું છૂટાપણું અલ્પકાલિક છે; ક્ષણિક અવ્યવસ્થા છે અને થોડા સમયમાં જ વસ્તુ અને ભાવનામાં કેળવણી ધાર્મિક થયા વિના રહેશે નહિ." મિ. વેલ્સના મત પ્રમાણે, "કેળવણી એ વ્યષ્ટિની સમષ્ટિ માંટેની તૈયારી છે અને એ તૈયારીતુ મધ્યબિન્દુ ધર્મની કેળવણી છે. પરંતુ જ્યારે સમષ્ટિના આપણા વિચારો વિશીર્ણ હોય અને એની પુનર્ઘટના થતી હોય ત્યારે સમષ્ટિ માટે વ્યષ્ટિને આપણે તૈયાર કરી શકીએ નહિ. ભાવિની ઉજ્જવલ આશાનું સ્વરૂપ સૂચવતાં મિ. વેલ્સ કહે છે કે 'પરંતુ આ યુગની વેદના અને કરુણતામાંથી નૈતિક બૌદ્ધિક અને ધાર્મિક પુનર્જીવન પ્રકટ થશે જેમાં જગતની સેવા અર્થે વિવિધ જાતિઓ એકત્રિત થશે. આવા પુનર્વિધાનનું સ્વરૂપ અને સામર્થ્ય આપણે અગાઉથી ભાખી શકીએ નહિ. આવી વસ્તુઓનો

+ એચ. જી. વેલ્સ: The Outline of History પૃ. ૬૦૯

આરંભ બહુ સ્પષ્ટ જણાતો નથી. મહાન જાતીય સંચલનો આરંભમાં 'નિશાચાર ચોરની પેઠે' પ્રવેશ કરે છે અને પછી જોતજોતામાં બળવાન અને વ્યાપક બને છે. પ્રબળ પવનની પેઠે ધર્મની લાગણી જીવનનાં બારણાં અને આગળિયા ઉઘાડી થાકના આ જમાનામાં અનેક દુર્લભ વસ્તુઓને સુલભ કરે પણ ખરી."

જગતમાં સર્વત્ર કેળવણીનું પુનરાલોચન પુનર્વ્યવસ્થા અને પુનઃસર્જન થઈ રહ્યાં છે. આદર્શની સિદ્ધિ તત્કાલ પણ થાય. સમુદ્રમાં ભરતી ચઢે એટલા વેગથી જીવન જીવવું જોઇએ.

હિન્દુસ્થાનની કેળવણીનો પ્રશ્ન અખિલ ભૂમંડલના સર્વ સાધારણ પ્રશ્નનોજ એક ભાગ છે. અલબત્ત, એમાં હિન્દના પ્રજાસ્વરૂપના બંધારણમાં રહેલી વિશિષ્ટતાઓ અને વિદેશી રાજ્યની તાબેદારી એ બે મુખ્ય ભેદ તો છે જ "આ દેશમાં કેળવણીની પદ્ધતિ કાંઇ ખાસ ઉતાવળમાં દાખલ કરવામાં આવી નહોતી પણ લગભગ એક શતક પર્યંત પુખ્ત વિચાર કર્યા પછી જ શરુ કરવામાં આવી હતી. ઇ. સ. ૧૭૫૭ માં પ્લાસી ની લઢાઇ થઇ અને 'વૂડના ખરીતા'ની તારીખ ઈ. સ. ૧૮૫૪ છે."[૧] હિન્દની કેળવણીના આ સામાન્ય રીતે કહેવાતા 'મુક્તિપત્રે' 'પ્રજાકીય કેળવણીનો મૃત્યુઘંટ વગાડયો'[૨] અને આખી પ્રજાને વિદેશી ભાષામાં શિક્ષણ આપવાનો વિચિત્ર પ્રયોગ'[૩] સરકારના ટેકાથી સર ચાર્લ્સ વૂડે આદર્યો. પરિણામે

---

૧ બી. ડી. બસુ. Education under the East India Company પ્રસ્તાવના.

૨, ૩ ડૉ. એની બેઝન્ટ: Kamala Lectures ૧૯૨૫ પૃ. ૭.

અઠયોતેર વર્ષ પર્યંત રાજ્યના અંકુશ પછી પણ, હિન્દી જનતાના માત્ર એક અલ્પ ભાગને તે કેળવણી સ્પર્શી શકી. જે સરકાર પ્રતિવર્ષ હિન્દના મહેસુલનો અર્ધ ઉપરાંત ભાગ વધારાના ફાજલ લશ્કરના નિભાવ અર્થે ખર્ચે છે તે સરકાર પાસે હિન્દુસ્થાનના લોકોને કેળવવાને પૂરતું ધન નથી. ઇ. સ. ૧૭૫૭ થી હિંદમાંથી નિરંતર વહેતા ધન પ્રવાહને લીધે હિન્દી જનતા સાવ કંગાળ બની ગઇ છે અને અસાધારણ રીતે ખર્ચાળ બનતી કેળવણી એ પ્રાપ્ત કરી શકે તેમ નથી. પરિણામે હિન્દમાં જ્યાં ત્યાં પુષ્કળ અજ્ઞાન પ્રસર્યું છે અને 'દારિદ્ર, રોગચાળો, કોમી વિખવાદ અને ઔદ્યોગિક મંદતા' આદિ અજ્ઞાનજન્ય પરંપરા પ્રવર્તી છે. હિન્દ પર બ્રિટનની માલિકીના એકસો સીત્તેર વર્ષ પછી જગતની એક ભારે કેળવાએલી પ્રજા કેળવણીના વિષયમાં અત્યંત પછાત પડી ગઈ છે.

ગુણની બાબતમાં પણ પરિણામ બિલ્કુલ નિરાશાજનક છે. હિન્દને પોતાનું વિશિષ્ટ માનસ છે એ વાત હિન્દની કેળવણીની યોજનામાં આપણા વિદેશી વહીવટદારો તદ્દન વીસરી જ ગયા. હિન્દની પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસનો અનાદર થયો. હિન્દના ભૂતકાળના મહાન વારસાનો અસ્વીકાર થયો. દેશીભાષાઓ એકકોર મૂકાઇ અને ' મહાસાગરમાં થઇને' દૂર દેશાવરથી આણેલી વિદેશી ભાષા શિક્ષણનું વાહન બની. પરિણામ ધાર્યા પ્રમાણે જ આવ્યું. અખિલ હિન્દુસ્થાન થોડો સમય મૂર્છિત થયો. એક મહાનદેશ સ્વતન્ત્ર કાર્યશક્તિ અને આત્મવિશ્વાસશૂન્ય 'માનસિક અશકતો'ની

પ્રજા બની ગયો. પરદેશી વહીવટદારોની પેઠે શિક્ષિત હિન્દી વાનો પણ લોકજીવનના સાચા પ્રવાહથી તદ્દન વિમુખ રહ્યા. પરંતુ ઊંડામા ઊંડા ઘોર અન્ધકારમાં પણ હિન્દુસ્થાનને સર્જનશક્તિની ઊણપ રહી નથી. 'રાજમન્ત્રીઓ, જ્ઞાનીઓ અને કર્મવીરો' હિન્દુસ્થાન ઉત્પન્ન કરે એવો હેતુ અંગ્રેજી કેળવણીના અગ્રેસરોનો કદાપિ નહોતો તથાપિ દેશમાં છૂટી છવાયી પ્રતિભાશાલી વિભૂતિઓ પ્રકટ થઇ અને હિન્દની સંસ્કૃતિની જ્યોત જ્વલંત રાખી.

હિન્દુસ્થાનમાં ઘણાખરા વિચારકો કેળવણીની પ્રચલિત પદ્ધતિથી અસંતુષ્ટ બની કેળવણીના સ્વરૂપ સબન્ધી વિચાર કરવા મંડી ગયા. 'વર્તમાન શિક્ષણમાં સુધારો કરવો' એ વિચારને લીધે રાષ્ટ્રીય કેળવણીનાક્ષેત્રમાં અખતરાઓ શરુ થયા. શાળાઓ, મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠો સ્થપાયાં. હિન્દની પ્રાચીન સંસ્કૃતિના પુનરુદ્ધાર અર્થે નવીન હીલચાલ ચાલુ થઈ. દેશીભાષાઓ શિક્ષણની વાહન બની અને દેશી સાહિત્યનો બહોળો વિકાસ થવા માંડયો. દેશમાં પ્રકટેલી રાષ્ટ્રોદ્ધારની જાગૃતિ સાથે જ્ઞાનના પુનરુદ્ધારની આ હીલચાલ નિકટ રીતે જોડાએલી હતી. ગાંધીના પડકારની સાથેજ " અખિલ હિન્દ નૂતન મહિમાથી મહોરાયો ? કોઇપણ ભોગે સ્વાતંત્ર્ય સિદ્ધ કરવાનો હિન્દની પ્રજાએ નિશ્ચય કર્યો. પરિણામે ૧૯૨૦ ના આયર્લેન્ડની પેઠે આજના હિન્દુસ્થાન માં "જેમ જેમ રાષ્ટ્રીય હીલચાલ ઉત્કટ થવા લાગી તેમ તેમ રાષ્ટ્રોદ્ધારનાં સાંસ્કારિક તત્ત્વો સાધારણ રીતે ગૌણ બની ગયાં; કારણ કે રાષ્ટ્રનુ સમગ્ર ધ્યાન આ હીલચાલમાંજ લીન

બન્યું અને બધી પ્રવૃતિઓ એમાંજ કેન્દ્રિત થઇ. "+

આપણા દેશમાં મંડાએલા આ મહાન રાષ્ટ્રયજ્ઞની પૂર્ણાહુતિ પછી અનેક ધોરણોના મૂલ્યની નવી આંકણી થશે. કેળવણીમાં પણ નવાં ધોરણો નક્કી કરવાનાં રહેશે. આપણાં રાષ્ટ્રીય વિદ્યાલયો આપણા લોકજીવનનાં જીવન્ત અંગો હોવાં જોઈએ અને એમનું મંડાણ આપણા દેશના સંસ્કાર અને સંપ્રદાય ઉપર રચાવું જોઈએ. પરંતુ તેમ કરવામાં આપણે આપણા દેશના ભૂતકાળને ધ્યાનમાં રાખવો પડશે.

જો કોઇપણ પ્રજા ભવિષ્યમાં શું કાર્ય કરી શકે એ સમજવું હોય તો તેણે ભૂતકાળમાં શી કાર્યસિદ્ધિ કરી છે તે પ્રથમ આપણે જાણવું જોઈએ. આપણા દેશે જગતની સંસ્કૃતિનાં અનેક અંગો ઘડવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ડૉ. બી. ડી. બસુ 'Education under the East India Campary' નામના ગ્રન્થમાં લખે છે કે "બ્રિટીશ યુગ પૂર્વે હિન્દમાં કેળવણીની એવી સંસ્થાઓ હતી કે જે પાશ્ચાત્ય દેશોમાં અસ્તિત્વ ધરાવતી નહોતી." આપણે બહુ આગળ ન જઈએ અને માત્ર દોઢસો વર્ષ પહેલાંની વાત કરીએ તો ઈંગ્લંડની કેળવણીનો વિસ્તાર શકય કરવામાં આપણી તે સમયની કેળવણીની પદ્ધતિએ કેટલી અસર કરી છે એ વિચારવા જેવું છે. આપણી 'મૉનિટર પદ્ધતિ' ગ્રેટબ્રિટન અને પશ્ચિમના ખ્રીસ્તી દેશોને હિન્દની બક્ષીસ છે. આ પદ્ધતિ ઈંગ્લંડની પ્રાથમિક શાળાઓમાં ઈ.

+ જે. એસ. હોઇલેન્ડ ; The case for India. 144–145

સ. ૧૭૯૮ માં ડૉ. એન્ડ્રયુ બેલના પ્રયાસથી દાખલ કરવામાં આવી અને ઇંગ્લંડની પ્રાથમિક કેળવણીના વિસ્તારમાં તે એટલી બધી ઉપકારક નીવડી કે એને 'મદ્રાસ સિસ્ટમ' એ નામથી ઓળખાવી ઉપકારવૃત્તિ દર્શાવવામાં આવી. હાલ પણ ઈંગ્લંડના ગરીબ વિદ્યાર્થીઓને કેળવવામાં આજ પદ્ધતિ પ્રચલિત છે.

વર્તમાન યુરોપને કેટલેક અંશે ઘડવામાં પણ હિન્દનો વિચાર ઉપકારક થયો છે. ઇ. સ. ૧૭૮૫ માં પ્રસિદ્ધ થએલા 'શાકુન્તલ' ના ભાષાન્તરે યુરોપમાં 'રોમેન્ટિક મૂવ્મેન્ટ' નો આરંભ કર્યો. એજ અરસામાં પ્રકટ થએલા ભગવદ્-ગીતાના ભાષાન્તરે યુરોપની પીડિત જનતાને આશાનો સંદેશ આપ્યો. વર્ડ્ઝવર્થ અને ટેનિસન જેવા કવિઓ પણ આ અસરથી ઘણે અંશે પ્રેરાયા છે. ગેટે ઉપર 'શાકુન્તલ' ની અપાર અસર થઈ છે. 'Close thy Byron and open Goethe' 'બાયરન બંધ કરી ગેટે ઉઘાડો' એ કાર્લાઇલનો ઉપદેશ ધ્યાનમાં રાખવા જેવો છે. મહાયુદ્ધનો ઉત્પાદક **નીચ્ચે** 'મનુસ્મૃતિ' માંથી શક્તિના 'દૈવીકરણ' નો મન્ત્ર મેળવે છે. "Close thy Bible and open the Code of Manu."—બાયબલ બંધ કરો અને 'મનુસ્મૃતિ' ખોલો એ નીચ્ચેનો એના દેશજનોને ઉપદેશ મન્ત્ર છે. વળી તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં પણ, **શૉપનહૉર**, બર્ગ્સન, **થૉરો** અને કૈસરલિંગ હિન્દનું ઋણ સ્વીકારે છે[1] સત્યની ઝાંખીને માટે તરફડતા આત્માની વેદના પ્રકટ કરતાં **શૉપનહૉર** બોલી ઉઠે છે' સમસ્ત જગતમાં ઉપનિષદ જેવો

---

૧ વિલાડયુરન્ટ The case for India પૃ. ૬

કલ્યાણકારી અને ઉન્નતિકારક બીજો એકકે અભ્યાસ નથી. મારા જીવનનું એ આશ્વાસન થયો છે; મારા મૃત્યુનું પણ એજ આશ્વાસન થશે." કૈસરલિંગ કહે છે કે 'હિન્દુસ્થાને ગહનમાં ગહન અધ્યાત્મશાસ્ત્ર રચ્યું છે અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પશ્ચિમ કરતાં હિન્દની સંપૂર્ણ શ્રેષ્ઠતા છે જ."

ઘણાં શતકોથી હિન્દુસ્થાન વિદ્યાની ભૂમિ તરીકે સુપ્રસિદ્ધ છે. હિન્દમાં સર્વસાધારણ અક્ષરજ્ઞાન પ્રવર્તતું હતું તે વિષે 'એન્સાઇક્લોપિડિયા જેવા ગ્રન્થમાં નિઃસંદિગ્ધ ઉલ્લેખ થયો છે કે—

"હિન્દના ઈતિહાસમાં કોઈપણ કાળે હિન્દ દેશ વિદ્યાના સંસ્કારથી રહિત નહોતો. દેવનાગરી લિપિનું મૂળ પ્રાચીનતામાં લુપ્ત થયું છે. શિલાલેખ, તામ્રપટ અને તાડપટ પરના લેખો અને ઉત્તરકાલમાં કાગળના વિશાળ ઉત્પાદન (Manufacture) પરથી જણાય છે કે હિન્દમાં સામાન્ય કેળવણી હતી એટલુંજ નહિ પણ લખવાની કળાનો પણ એ દેશમાં સર્વસાધારણ પ્રચાર હતો. વળી પુરાતનતા અને બુદ્ધિની સૂક્ષ્મતામાં બ્રાહ્મણોએ સાચવેલું હિન્દનું સાહિત્ય અપ્રતિમ છે. રાજ્યોની અનેક ઉથલપાથલો છતાં ગામડામાં શિષ્ટ વર્ગોને માતૃભાષા દ્વારા અતિ સરલ પ્રકારનું શિક્ષણ સર્વકાલે આપવામાં આવ્યું છે. કાશી અને નદીઆનાં સરસ્વતી મંદિરો એથેન્સ અને ઍલેકઝાન્ડ્રિયાનાં વિદ્યાલયોનું સ્મરણ કરાવે છે અને ગણિતનું શિક્ષણ હૉરેસે વર્ણવેલી રોમની કેળવણીનું સ્વરૂપ સંભારી આપે છે.

'એન્સાઈક્લોપિડીઆ ઓફ ઍડયુકેશન' ના ત્રીજા વોલ્યુમમાં 'હિન્દુસ્થાન' વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ થયો છેઃ—

"અતિ પ્રાચીનકાળથી હિન્દુસ્થાન ધર્મો સાથે સમવાય સંબન્ધ ધરાવનાર વિદ્યાલયો, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની ભૂમિ હતું. આ ધર્મોએ અંગ્રેજોના આગમન પૂર્વે લોક સંમૂહને ધારણ કરી હિન્દની કેળવ-

ણીના પ્રવાહ અને વિકાસ ઉપર ભારે અસર કરી છે. આમાનાં પ્રથમ હિન્દુધર્મે હિન્દને વૈદિકવાઙ્મય, બ્રાહ્મણવર્ણ અને વર્ણવ્યવસ્થા અર્પી શબ્દાન્તરમાં કહીએ તો હિન્દની ઉચ્ચ કેળવણીમાં જે જે પ્રાણવાન અને શાશ્વત સિદ્ધ થયું છે તે સઘળું અર્પણ કર્યું.'

આમ ભારતવર્ષના ઇતિહાસમાં યુગે યુગે–પ્રાચીન, મધ્યકાલીન પ્રત્યેક યુગમાં–વિદ્યાનો અવિચ્છિન પ્રવાહ વહેતો રહ્યો છે. દશરથના રાજ્યમાં કોઇ પ્રજાજન અવિદ્વાન કે નાસ્તિક નહોતો એમ રામાયણના બાલકાંડમાં[1] ઉલ્લેખ છે. યુદ્ધનો ભેરી ઘોષ બંધ કરી ધર્મઘોષ કરનાર રાજર્ષિ અશોકના શિલાલેખો[2] સામાન્ય જનસમૂહ વાંચી શકે એ હેતુથી લોકભાષામાં કોતરાએલા છે. ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યના સિંહાસન પાસે બેસીને મહાકવિ કાલિદાસે સમકાલીન રાજગણને 'રઘુવંશ'[3] ના પ્રાચીન રાજર્ષિઓના આદર્શોનુ સ્મરણ કરાવીને કહ્યું કે તેઓ પ્રજાને વિનય–કેળવણી–આપી એનું રક્ષણ

---

૧ 'द्रष्टुं शक्यमयोध्यायां नाविद्वान्न च नास्तिकः'

રામાયણ બાલકાંડ સર્ગ ૬.

૨ "The distribution of his Inscriptions meant to be read by the masses and located and built in populons Centres in North and South, East and West proves the magnitude of his Empire."

Radhakumud Mookerjee
Lahore University Lectures.

૩ प्रजानां विनयाधानाद्रक्षणाभरणादपि ।
स पिता पितरस्तासां केवलं जन्महेतवः ॥

રઘુવંશ સર્ગ ૧.

કરી પોષણ કરતાં. પણ સહુથી ચકિત કરે એવી હકીકત તો એ છે કે તત્ત્વચિંતનની છેવટની ભૂમિકાના સિદ્ધાન્તો હિન્દુસ્થાનના લોકજીવનમાં ઓતપ્રોત થઇ શક્યા છે, દેશના આન્તર માસમાં સુદૃઢ થઈ ગયા છે. કવિવર રવીન્દ્રનાથ કહે છે કે 'હિન્દમાં તત્ત્વચિન્તનનું કાર્ય માત્ર પાંડિત્યનું એકલ-પણું પ્રાપ્ત કરવાનું નથી પરંતુ લોકજીવનમાં વ્યાપ્ત થવાનું છે." હિન્દુસ્થાનમાં ધાર્મિક હૃદયવાળા અસંખ્ય સન્તપુરુષોએ તત્ત્વજ્ઞાનને હિમાલયનાં ગગનસ્પર્શી શિખરો ઉપરથી 'કવિતાની પાંખ ઉપર બેસાડીને[1] સપાટ ભૂમિ ઉપરનાં ખેતરોમાં અને ખેડુતના ગરીબ ઝૂંપડામાં ઊતાર્યું છે. અને તેથી જ નિરક્ષર સ્ત્રીપુરુષો અને રસ્તે ચાલતા ભીખારીઓ પણ 'ગહનતાની પરિસીમાના સિદ્ધાન્તોને એકતારામાં ગાય છે.'[2] ત્યારે એક સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે આ બધું આ દેશમાં શી રીતે બની શક્યું છે? એનો ઉત્તર કવિવર ટાગોર આપે છે કેઃ—

" જમાનાઓ થયા હિન્દમાં સામુદાયિક કેળવણીની જે અદ્ભુત પ્રથા પ્રવર્તે છે અને જે હાલ ઉચ્છેદ પામવાની તૈયારીમાં છે તેને લીધે. આપણાં વિદ્યાસ્થાનો—જ્યાં દેશના દૂર દૂરના ભાગમાંથી આવીને પ્રસિદ્ધ વિદ્યાગુરુની આસપાસ વિદ્યાર્થીઓ એકત્રિત થાય છે—આસ્થળો ઊંડા શાન્ત જળથી ભરેલાં સરોવર જેવાં છે, જે દુર્ગમ માર્ગ દ્વારા પહોંચી શકાય છે. પરંતુ આ સ્થળોમાંથી નિરંતર ઉત્પન્ન થતી અને વાદળામાં પરિણમતી વરાળને, પવન ખેતરે ખેતરે પહાડો અને ખીણોમાં થઇને દેશના સર્વભાગોમાં લઈ જાય છે. પૌરાણિક કથાઓ ઉપર રચાએલાં સંગીતકલ્પ નાટકો, કુશળજનોનાં પારાયણ અને વાર્તાકથન,

---

૧, ૨, આચાર્ય ધ્રુવ.

ભિક્ષુક ગાયકોનાં ગીતોદ્વારા સર્વત્ર પ્રસરતું લોક-સાહિત્યનું સંગીત પ્રધાન ધન-આ સર્વ એ વાદળાં છે જે મૂળરૂપમાં અધ્યાત્મશાસ્ત્રના કઠિન સિદ્ધાન્તોના વિચારો વડે જનતાની મનોભૂમિને ખેડવામાં સહાયક બને છે. સાંખ્ય વેદાન્ત અને યોગદર્શનમાં સમાએલા ગહન વિચારો લોકસાહિત્યના જીવન્ત પાકમાં રૂપાન્તર પામ્યા છે અને જેઓને આ વિચારોના મૂળ સુધી પહોંચવાની નિરાંત અને કેળવણી કદાપી મળી શકે તેમ નથી તેઓના ઘરના છેક દ્વાર સુધી એ લઈ જવામાં આવ્યા છે. '+

આપણે જોઇ ગયા કે હિન્દમાં વિશાળ પાયા પર રાષ્ટ્રીય કેળવણીની પદ્ધતિ પ્રચલિત હતી. હિન્દુસંસ્કૃતિનું મૌલિક બંધારણ ગ્રામપંચાયતની રચના પર હતું. હિન્દુસ્થાનની ગ્રામપંચાયતોને લીધે ગામડામાં કેળવણી પોષાતી. લગભગ ગામડે ગામડે શાળાઓ હતી. આ ઉપરથી એમ જણાય છે કે સમસ્ત દેશ કેળવાએલો હતો. ગામડાનો શિક્ષક ગ્રામજનસમુદાયનો જાહેર સેવક હતો અને એની પ્રતિષ્ઠા અતુલ હતી. છેક બ્રિટીશ યુગ મંડાયો ત્યાં સુધી સામુદાયિક કેળવણીની આ પ્રથા વિશાળ પ્રમાણમાં પૂરજોશમાં પ્રવૃત હતી. મેકસમૂલર કહે છે કે—

"બ્રિટીશ લોકોએ બંગાળાનો કબજો લીધો તે પહેલાં બંગાળામાં એંશી હજાર દેશીશાળાઓ હતી અથવા દર ચારસોની વસતિએ એક શાળા હતી એમ પ્રમાણ હતું. બ્રિટીશ હિન્દના ઇતિહાસમાં લડલો કહે છે તેમ " જે જે હિન્દી ગામડાએ પ્રાચીન સ્વરૂપ સાચવી રાખ્યું છે તેમાં બાળકો વાચન લેખન અને અંકગણિત જાણે છે પણ બંગાળાની પેઠે જ્યાં જ્યાં આપણે ગ્રામ

+ કવિવર રવીન્દ્રનાથ: Prsesidential Address at the first Philosophical congress.

પંચાયતની પદ્ધતિનો ઉચ્છેદ કર્યો છે. ત્યાં ત્યાં ગ્રામશાળા પણ અદૃશ્ય થઇ ગઈ છે.”[1]

હિન્દની જમાનાઓથી ચાલતી આવતી ગ્રામસંસ્થાનો અણછાજતી રીતે ઉચ્છેદ કરવામાં આવ્યો અને હિન્દના ગ્રામ-સંગઠનની અને કેળવણીના વિસ્તારની આ મહાન સંસ્થા ભૂતકાળની એક માત્ર અવશેષ બની ગઇ.

આપણા દેશમાં જેમ સામુદાયિક કેળવણીનો સર્વસાધારણ પ્રચાર હતો તેમ ઉચ્ચ કેળવણી પણ વિશાળ પ્રમાણમાં પ્રવૃત હતી. અતિપ્રાચીનકાળથી તે અઢારમા શતકના મધ્યભાગ પર્યંત હિન્દુસ્થાનમાં ઉચ્ચ સાહિત્ય કલા અને વિજ્ઞાનનાં સતત ઝરણાં વહ્યાં કર્યાં છે. વેદયુગના બ્રહ્મનિષ્ઠ કુલપતિઓ–દશહજાર વિદ્યાર્થીઓને અન્નદાનાદિ પોષણ આપી અધ્યાપન કરાવનાર વિદ્યાગુરુઓ–ના અહિંસાપ્રધાન શાન્ત આશ્રમો એ આપણાં નૈસર્ગિક વિદ્યાપીઠો હતાં અને એમાં જ્ઞાનની અનેકવિધ શાખાઓનું છાત્રગણ એકનિષ્ઠાથી સાંગોપાંગ અધ્યયન કરતો. આ તપોવનમાંથી વહેતા સારસ્વત-પ્રવાહે અખિલદેશને સંસ્કારભીનો કર્યો હતો. સંસ્કૃત યુગના આરંભકાળમાં પ્રત્યેક શાળાના વિશિષ્ટ અધ્યાપકથી અધિષ્ઠિત એવી વિદ્યાની અષ્ટાદશશાખાસંપન્ન **તક્ષશિલા** વિદ્યાપીઠ **ઑક્સફર્ડ** અને કેમ્બ્રીજ યુનિવર્સિટીઓનું સ્મરણ કરાવે છે. ઈસ્વીસનના સાતમા શતકમાં **નાલન્દા** તો સમસ્ત જગતમાં મહાન આન્તરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતું. એનું બૌદ્ધિક જીવન ભવ્ય હતું. એની વ્યવસ્થા અદ્ભુત હતી. આઠસો

---

૧ ‘Ker Harde’ ના ‘India’માંથી

વર્ષ પર્યંત આ વિદ્યાપીઠે હિન્દુસ્થાનનો માનસિક ઉત્કર્ષ સાધ્યો છે. વારાણસી તો અનેક યુગો થયાં હિન્દુસંસ્કૃતિના અભેદ્ય ખડક જેવી ઉભી છે. છ હજાર ભિક્ખુઓથી ભરપૂર **વલ્લભીવિહાર** **નાલન્દા**થી જ ઊતરતું સૌરાષ્ટ્રમાં વિદ્યાનુ સુપ્રસિદ્ધ સ્થાન હતું, પૂર્વમાં **વિક્રમશીલા**ના વિદ્યાપીઠમાં છ મહાવિદ્યાલયો હતાં અને એની જાહોજલાલીના સમયમાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ હતા. મધ્યકાલીન હિન્દમાં **મિથિલા** અને **નવદ્વીપ**નાં વિદ્યાપીઠો હિન્દુસંસ્કૃતિનાં પૂર્વનાં મહાન કેન્દ્રો હતાં. પ્રતિષ્ઠિત સંસ્કૃત વિદ્વાનોનો સમાજ ઉત્પન્ન કરનાર વિજયનગર ચૌદમા સૈકામાં દક્ષિણમાં સુપ્રસિદ્ધ વિદ્યાસ્થાન હતું. તામિલ સાહિત્યનો વિકાસ સાધનાર ‘ તામિલ સંઘ ’ થી સુપ્રસિદ્ધ **મદુરા** વિદ્યાનું મહાન્ કેન્દ્ર હતું અને રિશેલુની ‘ ફ્રેન્ચ એકેડેમિ ’ ને મળતું આવતું હતું. પ્રાચીન મૈસુરમાં બેલ્ગામે અને **કાંચી** (કંજેવરમ) એ દક્ષિણનાં કેટલાંક મુખ્ય વિદ્યાક્ષેત્રો હતાં. આ ઉપરાંત **મથુરા**, ઉજ્જન, **પાટલીપુત્ર**, ઉદન્તપુરી, જગદ્દલ આદિ વિદ્યાસ્થાનોએ અનેક પીઢ વિદ્વાનો ઉત્પન્ન કર્યાં છે અને ભારતવર્ષના બૌદ્ધિક વિકાસમાં મહાન ફાળો આપ્યો છે. આમ હિન્દુસ્થાન એના ઇતિહાસના ઉષ:કાલથી વિદ્યાપીઠોની ભૂમિ તરીકે નામાંકિત છે.

આ વિદ્યાપિઠોનું ઉત્પન્ન વિશાળ હતું. આ સંસ્થાઓમાં શીખવતા વિષયોનો વિસ્તાર અને વિવિધતા આશ્ચર્યચકિત કરે તેવા છે.

છાન્દોગ્ય ઉપનિષદ્માં **નારદે** શી શી જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરી છે એવો પ્રશ્ન **સનત્કુમાર** એ ઋષિને પૂછે છે ત્યારે એ ઉત્તર આપે છે કે:—

"ભગવન! હું ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, ચોથો અથર્વવેદ, પાંચમો ઇતિહાસ-પુરાણ, વેદોનો વેદ (વ્યાકરણ), પિત્ર્ય, (પિતૃસંસ્કાર), ગણિત, દૈવ, નિધિ (કાલ નિર્ણયકવિદ્યા), તર્ક, કાવ્ય, રાજ્યનીતિ, દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા, ભૂતવિદ્યા, ક્ષત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા અને સર્પ-દેવજન-વિદ્યા (સર્પ-વશીકરણની વિદ્યા અને લલિતકલા) શીખ્યો છું."

સનત્કુમાર ઉત્તર આપે છે "આ બધું જ્ઞાન જે તમે સંપાદન કર્યું છે તે માત્ર નામનું છે."

પ્રાચીન આશ્રમ વિદ્યાપીઠોમાં જ્ઞાનની જે વિવિધ શાખાઓનો વિકાસ થતો તેનો ઉલ્લેખ મહાભારતમાં થએલો છે. પ્રો. રાધાકુમુદ મૂકર્જી એમના 'Ancient Indian Education from the Epics' (વિશ્વભારતી જુલાઈ ૧૯૨૫) નામના લેખમાં લખે છે કેઃ—

'એ યુગમાં, વેદ, યજ્ઞસાહિત્ય અને કલા, સંહિતાનો મુખપાઠ, સામાન્ય શુદ્ધોચ્ચારણ, શિક્ષા, છન્દસ્, શબ્દ, વ્યાકરણ, અને નિરુક્તની પ્રત્યેક શાખામાં નિષ્ણાતવિશારદો હતા; આત્મવિજ્ઞાન, બ્રહ્મોપાસના, મોક્ષધર્મ અને લોકાયત વૈશેષિકમાં પ્રવીણ તત્ત્વચિન્તકો હતા; ન્યાયના સિદ્ધાન્તોમાં સુવિજ્ઞાત નૈયાયિકો હતા; ભૌતિકશાસ્ત્રજ્ઞો અને કલાકોવિદો પણ હતા; વિવિધ માપ અને આકૃતિઓવાળી યજ્ઞની વેદીઓ રચવામાં કુશળ જનો અને દ્રવ્ય-ગુણના જ્ઞાનસંપન્ન શાસ્ત્રીઓ પણ હતા; અને વાનરો અને પક્ષીઓ વિષે જ્ઞાન ધરાવનાર પ્રાણીશાસ્ત્રીઓ પણ હતા.'

૨

વળી તક્ષશિલાનાં વિદ્યાલયોમાં સાહિત્ય કલા અને વિજ્ઞાન શીખવાતાં. અભ્યાસક્રમમાં વેદત્રયી, અષ્ટાદશકલા, ચિકિત્સા-વિદ્યા, ધર્મશાસ્ત્ર અને ધનુર્વિદ્યાનો સમાવેશ થતો અને સુપ્રસિદ્ધ વિશિષ્ટ વિદ્યાલયોમાં આ વિષયોનું શિક્ષણ અપાતું. નાલન્દાનો અભ્યાસક્રમ પણ વિશાળ હતો. અભ્યાસના વિષયોમાં વેદત્રયી, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, (વ્યાકરણ અને ભાષાશાસ્ત્ર) ચિકિત્સાવિદ્યા, અથર્વવેદ, સાંખ્ય, ન્યાય અને યોગશાસ્ત્ર, મુખ્ય હતા. દક્ષિણ હિન્દનાં કેટલાંક વિદ્યાપીઠોમાં તો રસવાદ (રસાયણ શાસ્ત્ર), ધાતુવાદ અને ગારુડવાદનું પણ સંગીનજ્ઞાન આપવામાં આવતું.

આ અભ્યાસક્રમને અર્વાચીનવિદ્યાપીઠોના અભ્યા-સક્રમ સાથે સરખાવીએ તો હિન્દના ઇતિહાસના વિવિધ યુગોમાં જ્ઞાનની સામગ્રી કેટલી વિશાળ હતી તેનો સાક્ષા-ત્કાર થઈ શકે છે. જ્ઞાનની પ્રત્યેક શાખાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછીજ નિર્ણયો બાંધવામાં આવતા. પ્રાચીન વિદ્યાપીઠોનું એક વિશિષ્ટતત્ત્વ એ હતું કે વિદ્યાની જુદી જુદી શાખાઓની ખીલવણી થતી એટલુંજ નહિ પણ અ-ભ્યાસ અને અનુભવનાં પરિણામો સૂત્રાત્મક સાહિત્યમાં ટૂંકાવવામાં આવતાં–જે સાહિત્ય માનવ વિચારના ઇતિહાસમાં અદ્વિતીય છે.

આ વ્યવસ્થિત વિદ્યાપીઠો ઉપરાંત કેટલાંક વ્યવસ્થિત આકાર વિનાનાં વિદ્યાપીઠો પણ હિન્દમાં હતાં. પ્રાચીન ગ્રીસના મહાન જ્યોતિર્ધરો સૉક્રેટિસ અને પ્લેટોની પેઠે યાજ્ઞવલ્કય, શંકર અને રામાનુજ જેવા મૂળ વિચારના પ્રવર્તકો જાતેજ

જીવન્ત વિદ્યાપીઠો હતા. અનેક વિદ્વાનો અને સત્યશોધકો આ મહાજ્ઞાનીઓની આસપાસ એકત્રિત થતા, એમના જ્ઞાનના અખૂટ ઝરણામાથી અમૃતપાન કરતા અને એના બદલામાં દેશની બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં આગેવાની લેતા. આ પ્રમાણે ગુરુ–શિષ્ય પરંપરા વિચાર અને વિદ્યા ઊતરી આવતાં, યુગો પર્યંત દેશમાં અદ્‌ભુત સાંસ્કારિક અવિચ્છિન્નતા જાળવતાં અને સર્વકાળે જનતાને ઉજાળતાં.

સરસ્વતીની સેવામાં જીવન સમર્પણ કરનાર વિદ્વાનોને હિન્દુસ્થાને રાજા–મહારાજાઓ કરતાં પણ અધિક સન્માન આપ્યું છે. નાલન્દાના આચાર્ય શીલભદ્ર સમક્ષ સમ્રાટ્ હર્ષવર્ધન પણ અદબથી વર્તતા. ડૉ. બેઝન્ટના શબ્દોમાં કહીએ તો "રાજાઓ વિદ્યાપીઠો બંધાવતા અને દ્રવ્યનું દાન કરતા પરંતુ પોતાના અધિકારનો દાવો કરતા નહિ. જ્યારે સરસ્વતી રાજ્યશ્રીની મુલાકાતે જતી, જ્યારે કોઇ વિદ્વાન કોઈ રાજાના દરબારમાં પ્રવેશ કરતો, ત્યારે ખુદ શ્રીકૃષ્ણ પણ સિંહાસન પરથી નીચે ઊતરતા અને જ્ઞાનીના ચરણે મસ્તક નમાવતા." વિક્રમશીલા વિદ્યાપીઠના એક પદવીદાન સમારંભમાં દેશના રાજા પધારે છે તોપણ સભાજનમાંથી કોઇ ઉભું થતું નથી પરંતુ જ્યારે પરમપૂજ્યપ્રતાપી આચાર્ય 'જોવો અતીશ' (દીપંકર) પરિષદ્‌માં પધારે છે ત્યારે સર્વ સભાજન ઉભા થઇ એને સત્કારે છે. નાના મોટા દેશી વિદેશી સર્વ એને એકી ટશે જોઇ રહે છે અને એની મનોહર આકૃતિ અને મંદ મંદ હસતા મુખને જોતા કોઈને તૃપ્તિ થતી નથી.

મહાન પંડિતોને માથે રાજમુકુટથી એ અધિક મૂલ્યવાન શેલાં બંધાતાં. એમની પાલખી ઉપાડવામાં રાજાઓ પણ સામેલ થતા. આવું સન્માન મેળવવામાં સ્ત્રીઓનો પણ મહાન હિસ્સો હતો. તાંજોરના રાજા રઘુનાથનાયક જે કવિ, સંગીતશાસ્ત્રી, શૂરવીર યોદ્ધા અને રાજ્યતન્ત્રી હતા તેના વિષે રામભદ્રામ્બા નામની એક કવયિત્રીએ મહાકાવ્ય રચ્યું અને કવિતાસાર્વભૌમની ઉપાધિ પ્રાપ્ત કરી.

સરસ્વતીના આ મહાન ઉપાસકો અથાગ શ્રમસેવી વિદ્યોપાર્જન કરતા. નદીઆ વિદ્યાપીઠના આચાર્ય પંડિત વાસુદેવ સાર્વભૌમનું સ્મરણ કરતાં આજ પણ રોમાંચ ખડાં થાય તેમ છે. નદીઆમાં ન્યાયશાસ્ત્રના અધ્યયન માટે પાઠ-શાલા નહોતી. મિથિલા વિદ્યાપીઠમાં 'નવ્ય ન્યાય' ના ગ્રન્થની માત્ર એક હસ્તલિખિત પ્રત હતી. આ વિદ્યાપીઠે પંડિત વાસુદેવને નકલ ઊતારવા માટે એ પ્રત ન આપી. આથી લેશ પણ નાહિંમત ન થતાં વાસુદેવ સાર્વભૌમે મિથિલાના પ્રસિદ્ધ ન્યાયાશાસ્ત્રાચાર્ય પાસે અધ્યયન કરી એ અખિલ ગ્રન્થ કંઠે કર્યો. મિથિલાથી નવદ્વીપ આવીને પંડિત વાસુદેવે ન્યાયની પાઠશાળા સ્થાપી અને એ વિષયનું સાંગોપાંગ અધ્યયન દાખલ કર્યું.

આ પ્રાસ્તાવિક પ્રકરણ પૂરું કર્યા પહેલાં એક અગ-ત્યનો પ્રશ્ન ચર્ચી લેવો યોગ્ય લાગે છે. હિન્દની સંસ્કૃતિનો પ્રવાહ મુસલ્માન સમયમાં પણ શું અવિચ્છિન્ન વહ્યા કર્યો ? સાધારણરીતે આ યુગમાં હિન્દની આન્તર રાજનીતિમાં પરદેશી રાજાઓ વચ્ચે પડતા નહિ. પ્રો. રાધાકુમુદ મૂકર્જી

એમના ' Local Self-Government in Ancient India ' નામના ગ્રન્થની પ્રસ્તાવનામાં આ પ્રશ્ન વિસ્તારથી ચર્ચે છે. એ વિદ્વાનપ્રોફેસર લખેછે કે:–

મુસલ્માન સમયમાં પણ હિન્દુ–હિન્દ પોતાનું નિયમિત જીવન ગાળી શકતું અને પોતાની સામાજિક અને આર્થિક વ્યવસ્થામાં પોતાના બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રવાહનું અનુસંધાન કરી શકતું, જેમાં મુસલ્માનોને સ્થાન નહોતું. વિદેશી રાજાઓએ હિન્દના રાજકીય પાટનગરનો કબ્જો લીધો પરંતુ હિન્દના હૃદયનાં પરાંમાંજ તેમને રહેવું પડતું. આ અર્થમાં હિન્દુસ્થાનના ઇતિહાસનો મુસલ્માન યુગ એ ભ્રાન્તિમૂલક નામ છે; કારણ કે એ સમય બહુધા હિન્દુ પ્રવૃત્તિનો છે જેનો નિયમિત ક્રમ હિન્દના ઈતિહાસમાં સાધારણ એવા તત્કાલીન રાજકીય પરિવર્તોથી ભાગ્યે જ વિચ્છિન્ન થયો હતો. આર્યજનસંસ્કૃતિનો પ્રવાહ 'અવિરામ ધારે' વહ્યા કર્યો. આનો પુરાવો તે સમયનાં વિવિધ બૌદ્ધિક અને ધાર્મિક સંચલનોમાં અને અનેક કર્મવીરો અને જ્ઞાતીઓના ઉદયમાં મળી શકશે. ''

આ યુગમાં વિદ્યાની લગભગ બધીજ શાખાઓમાં હિન્દની પ્રતિભાનો અદ્ભુત મ્હોર પૂર બહારમાં ખીલે છે. આઠમા સૈકામાં મહાન મીમાંસાચાર્ય કુમારિલ ભટ્ટ થઈ ગયા જેણે ' અનેક સંપ્રદાયોની ગૂંચ અને મૂઝવણમાંથી ખરો વૈદિકમાર્ગ' પ્રવર્તાવ્યો. નવમા શતકમાં સંસ્કૃતવિદ્યામાં અને સકલશાસ્ત્રમાં પારંગત કુમારિલ કરતાં પણ વધારે મહાન શંકરાચાર્ય થયા. આ મહાન તત્ત્વચિન્તક અને સમર્થ વ્યવસ્થાપકે આધ્યાત્મિક દિગ્વિજય અર્થે આખા હિન્દુસ્થાનમાં ફરી ' પ્રાચીન ઉપનિષદોના જ્ઞાનવાદ અને અદ્વૈતવાદ ' ને એના નવીન સ્વરૂપમાં પ્રવર્તાવ્યો અને હિન્દુ (વેદ) ધર્મને વિશાળ તાત્ત્વિક પાયા ઉપર મૂકયો જેથી

એક વાર ફરીથી એ ધર્મ અખિલ હિન્દના સર્વશ્રેષ્ઠ અને લોકપ્રિય ધર્મ તરીકે વ્યવસ્થિત થયો. આ શતકોનો બૌદ્ધિક ઈતિહાસ પ્રસિદ્ધ જ્યોતિર્ધરોથી ઝગઝગે છે. આઠમા શતકના પૂર્વાર્ધમાં પ્રથમ કનોજના યશોવર્માનો અને પછી લલિતાદિત્યનો રાજકવિ **ભવભૂતિ**, **માઘ**, (૮૪૦) **પદ્મગુપ્ત** (૯૫૦), નૈષધનો કર્તા **શ્રીહર્ષ**, બિહારના પાલરાજાઓના દરબારનો **ભટ્ટનારાયણ** (૮૫૦). કનોજના તોમારના દરબારનો **રાજશેખર** (૯૦૦), જયદેવ, (૧૧૦૦) અને કાશ્મીરના કવિઓ સોમદેવ, ક્ષેમેન્દ્ર, બિલ્હણ, અને રાજતરંગિણીના લેખક કલ્હણ થઈ ગયા.[1]

અગીઆરમાં શતકમાં દક્ષિણ હિન્દમાં બસવ નામે એક આચાર્યે વીરશૈવ અને લિંગાયતપન્થ (શૈવપન્થનું એક વિશિષ્ટ સ્વરૂપ) પ્રવર્તાવ્યો. બારમા શતકમાં વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્યે વૈષ્ણવધર્મનું પુનરુત્થાન કર્યું.

આ ઉપરાંત હિન્દુપ્રાણપ્રતિષ્ઠાનાં ઉદાહરણો બીજા અનેક તેજસ્વી જ્ઞાનવીરોના ઉદયમાં મળી આવે છે. કાનડીમાં બ્રાહ્મણઆચાર્ય **માધવપૂર્ણપ્રજ્ઞ**, દૂર દક્ષિણ દેશમાં વૈષ્ણવ વિદ્વાન અને કવિ વેદાન્તદેશિકાચાર્ય, પીઢ પ્રજ્ઞાસંપન્ન **અપય દીક્ષિત**, **માધવાચાર્ય**, વૈષ્ણવ ધર્મના બે સમર્થ સુધારકો **વલ્લભાચાર્ય** અને **ચૈતન્ય** આ સમયની મહાન વિભૂતિઓ હતા. વળી સમર્થ ન્યાયશાસ્ત્રાચાર્યો, **વાચસ્પતિ**, ઉદયન, ગંગેશ અને શિરામણિ, સુપ્રસિદ્ધ ગણિત અને જ્યોતિષશાસ્ત્રવિશારદ **ભાસ્કરાચાર્ય**, સંસ્કૃત અને પ્રાકૃતના મહાન વિદ્વાન **હેમચન્દ્ર**, મિતાક્ષરાના લેખક **વિજ્ઞાનેશ્વર**,

૧ પ્રો. રાધાકુમુદ મૂકર્જીના પૂર્વોક્ત ગ્રન્થની પ્રસ્તાવનાને આધારે.

મનુસ્મૃતિના ટીકાકાર કુલ્લૂક, દાયભાગના કર્તા જીમૂતવાહન અને વિજયનગરના મહાન જ્યોતિર્ધર સાયણાચાર્ય આ યુગમાંજ ભરપૂર બૌદ્ધિક જીવન જીવી ગયા.

પરંતુ આ સમયનું વિશિષ્ટ સ્વરૂપ તો હિન્દુસ્થાને સન્તપરંપરા ઉત્પન્ન કરી તે છે. આ સન્તસાધુઓએ લોક ભાષામાં ધાર્મિક લાગણીથી ભરપૂર પ્રેરણાત્મક ભજનો ગાયાં. છે. જે જે ગ્રામજનોએ એકાગ્રતાથી અને ભક્તિભાવથી એમનાં ભજનો સાંભળ્યા તેઓએ પોતાના જીવનમાં એમનો ઉપદેશ ઊતાર્યો. આ સાધુ–સન્તોમાં રામાનન્દ અને કબીર, નાનક અને તુલસીદાસ, વિદ્યાપતિ અને ચંડીદાસ, મીરાં અને નરસિંહ, રામદાસ અને તુકારામ અગ્રગણ્ય હતાં. આજ સમયમાં નાઝીરશાહે મહાભારતનું પ્રથમ બંગાળી ભાષાન્તર કરવાની આજ્ઞા કરી અને હુસેનશાહની આજ્ઞાથી માલાધર બસુએ ભાગવતપુરાણનું પહેલીજવાર સંસ્કૃતમાંથી બંગાળીમાં ભાષાન્તર કરાવ્યું.

હિન્દુ સંસ્કૃતિ પ્રત્યે મુસલ્માન રાજાઓનું આ સમભાવ અને પ્રશંસાયુક્ત વલણ બે સંસ્કૃતિઓને એક મહાસંસ્કૃતિમાં ગૂંથવાના અકબરના પ્રયત્નમાં પરિસીમાએ પહોંચ્યું અને અફસોસ કે સમુરનના યુદ્ધમાં દારા શીકોની હાર પછી એના કરુણ મૃત્યુને લીધે ત્યાં જ સમાપ્ત થયું.

અકબરને સર્વધર્મ પ્રત્યે સહિષ્ણુતા અને આદરભાવ હતા. પ્રત્યેક અઠવાડિયે એ ચર્ચાપરિષદ્ ભરતો જેમાં સુફીઓ, ધર્મગુરુઓ, ધર્મશાસ્ત્રીઓ, સુન્નીઓ, શિઆઓ, બ્રાહ્મણો, જૈનો, બૌદ્ધો, ચાર્વાકો, ખ્રીસ્તીઓ, યહુદીઓ.

પારસીઓ, અને એકે એક ધર્મના વિદ્વાનો અનેક વિષયો પરત્વે સૂક્ષ્મ ચર્ચાઓ કરતા. નવીન જગદ્વ્યાપી ધર્મનું અકબરનું આ સ્વપ્ન હતું. વાસ્તવિક રીતે કહીએ તો શિકાગોમાં ભરાતી સર્વધર્મપરિષદ્ (Parliament of Religions) નો એ સાચો અગ્રણી હતો. એના સમયમાં હિન્દુઓના પવિત્ર ગ્રન્થોમાંથી ઉર્દૂમાં ઘણાં ભાષાન્તરો થયાં અને હિન્દુઓ અને મુસલ્માનો એકજ શાળામાં સાથે સાથે અભ્યાસ કરતા થયા. ટોલ અથવા સંસ્કૃત પાઠશાળાઓની પેઠે મદ્રાસાઓ મસ્જીદો અને ઉર્દૂ પાઠશાળાઓ આખા દેશમાં પથરાએલી હતી એજ હિન્દુ મુસ્લીમ સંસ્કૃતિના સમન્વયનો સર્વમાન્ય પુરાવો છે.

આમ મુસલ્માન રાજાઓ હિન્દની સામાજિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિચ્છેદ કરી શકયા નહિ કારણકે રાજકીય અંધાધુનીના સમયમાં પણ હિન્દની સંસ્કૃતિનો અવિચ્છન્ન પ્રવાહ વહ્યા કર્યો. હિન્દના ઈતિહાસના મુસલ્માન રાજ્ય દરમિયાન હિન્દુઓ એક પ્રકારનું 'સામાજિક સ્વરાજ્ય' ભોગવી શકતા.

જેમ હિન્દુસ્થાને વિવિધ પ્રજાઓની મૂળસંસ્કૃતિના વિકાસમા કિંમતી ફાળો આપ્યો છે તેમ હિન્દમાં આવનાર વિદેશીઓએ પણ હિન્દની પ્રાચીન સંસ્કૃતિમાં ઊમેરો કર્યો છે. હિન્દની સંસ્કૃતિના મૂળ ઝરણા સાથે ઘણાએ વિદેશી પ્રવાહો ભળી ગયા છે અને મૂળને મજબૂત કર્યું છે. મુસલ્માન વિજેતાઓએ આગ અને તલવારથી હિન્દ ઉપર આક્રમણ કર્યું અને સંસ્કૃતિનાં ધામોનો વિધ્વંસ કર્યો પરંતુ

આ ખંડનવૃત્તિનો ઉત્સાહ શિથિલ થઈ ગયો અને ઇસ્લામનો પ્રવાહ હિન્દી જનતાના જીવન સાથે ઓતપ્રોત થવા માંડયો. (અને શા માટે ન થાય? 'મધ્યયુગ'ના અન્ધકારમાં વિદ્યા અને સંસ્કૃતિની જ્યોત એણે જ ઝગઝગતી રાખી નહોતી ?) મધ્યકાલીન યુગના કેટલાએ સન્તસાધુઓની ઉત્પત્તિને માટે હિન્દ ઈસ્લામનુ ઋણી છે. આ સન્તજનોએ ઉભયસંસ્કૃતિનાં શુભ તત્ત્વોને અદ્‌ભુત રીતે સંગ્રહી પોતાના જીવનમાં મૂર્તિમન્ત કર્યાં હતા. ડૉ ટાગોરના શબ્દોમાં કહીએ 'તો આપણા સંગીતમાં,શિલ્પકલામાં, ચિત્રકલામાં, અને સાહિત્યમાં મુસલ્માનોએ સનાતન અને અમૂલ્ય ફાળો આપ્યો છે.'

હિન્દુસ્થાનની કેળવણીની આ ટૂંકી સમીક્ષા છે. આપણે જોઇ ગયા કે હિન્દમાં બ્રિટીશ યુગ પૂર્વના સમયમાં સામાન્ય અને ઉચ્ચકેળવણીની વિશાળ યોજના પ્રચલિત હતી. આપણે એ પણ જોઈ ગયા કે બ્રિટીશ અંકુશ નીચે હિન્દની કેળવણીની અવસ્થા સંતોષકારક નથી અને ચાલુ કેળવણીની પદ્ધતિમાં ફેરફાર કરવા માટે પ્રબળ અપેક્ષા છે. પરંતુ હિન્દનો અન્તર્દીપ હજી ઓલવાઇ ગયો નથી. જો હિન્દુસ્થાન પોતાની કેળવણીનું તન્ત્ર પોતાના હાથમાં રાખી શકે તેમ હોય તો એના 'ભૂતકાળના ભંડારમાં' કેળવણીની પુનર્ઘટના અર્થે વિચારનાં બીજ મળી રહેશે. કવિવર ટાગોર એમની સબળ વાણીમાં કહે છે તેમ:—

" જે દુર્ભાગી લોકોએ પોતાના ભૂતકાળનો પાક ગુમાવ્યો છે તેઓએ વર્તમાનકાળને પણ ખોયો છે. તેઓની પાસે વિકાસનાં બીજ રહ્યાં નથી અને માગીભીખીને તેઓ માંડમાંડ ગુજરાન ચલાવે છે. આપણે એમ ધારવાનું નથી કે પ્રાચીન સંસ્કૃતિના સંપ્રદાય વગરની

જગતની પ્રજાઓમાંની આપણે એક પ્રજા છીએ. આપણા પૂર્વજોના સંસ્કૃતિસંચયના ભંડારને ખુલ્લો મૂકવાનો અને જીવનવ્યવહાર માટે વાપરવાનો આપણો સમય આવ્યો છે. એની સહાયતાથી આપણે આપણા ભવિષ્યને આપણું પોતાનું કરવું જોઇએ અને બીજી પ્રજાઓની કચરાપટીનાં ચીંથરાં સદૈવ વીણીવીણીને જીવન કદાપિ ગુજારવું ન જોઇએ. ”

હિન્દના વર્તમાનકાળની કથા કરુણાજનક છે; એના ભૂતકાળની વાર્તા પ્રેરણાત્મક છે. ત્યારે આપણે પ્રાચીન તપોવનોમાં, વિહારોનાં વિશાળ ઉદ્યાનોમાં, બ્રાહ્મણોના અગ્રહારોમાં અને જૈનોની વસતિઓમાં થોડુંક પરિભ્રમણ કરીએ અને વિશેષેકરીને અર્વાચીન ગાંધીના પ્રાચીન સમાનધર્મા જગતના કોમળમાં કોમળ તત્ત્વચિન્તક ગૌતમ બુદ્ધના, અને રાષ્ટ્રસંઘના તાજવગરના અધ્યક્ષ–જગતના દયાળુમાં દયાળુ રાજરાજેશ્વર અશોકના મુખમાંથી નીકળીને કાલમહામંદિરની વીથિકાઓમાં મંદ પ્રતિધ્વનિપરંપરાથી વિસ્તરી રહેલો, ‘શાન્ત ન્હાનકડો અવાજ’ સાંભળીએ. ’

૨.

આશ્રમ વિદ્યાપીઠ.

—o—

" પ્રથમ પ્રભાત ઉદય તવ ગગને,
પ્રથમ સામરવ તવ તપોવને,
પ્રથમ પ્રચારિત તવ વનભવને,
જ્ઞાન ધર્મ કત પુણ્ય કાહિની—
અયિ ભુવન મનમોહિનિ—

રવીન્દ્રનાથ.

આપણા દેશની સંસ્કૃતિનું મંડાણ અનંતપ્રકૃતિના કોમલ ઉત્સંગમાં છે. પ્રકૃતિનાં વિવિધસ્વરૂપોમાં વિશાલ વિશ્વદૃષ્ટિથી ;પરમાત્મશક્તિનું સૂક્ષ્મદર્શન કરનાર અનેક ઋષિમુનિઓએ આર્યસંસ્કૃતિને ઘડી છે. આ તપસ્વીઓ કોઈ અવિરતપ્રવાહમાં વહેતી સરિતાના કાંઠાપરના વનપ્રદેશમાં આશ્રમો બાંધતા અને ખડધાન ફળમૂલ ઇત્યાદિથી શરીર નિર્વાહ કરતા. તેઓ સાદું અને પવિત્ર જીવન ગાળી તત્ત્વ-જ્ઞાનના મહાપ્રશ્નો વિષે ઉન્નત વિચાર ચલાવતા. દ્રવ્ય અને સાંસારિક સુખ કરતાં નિદિધ્યાસનમાં તેમને વધારે સંતોષ મળતો. સંન્યાસવૃત્તિદ્વારા તેઓ આધ્યાત્મિક શાન્તિ પ્રાપ્ત કરતા. 'આકાશના તારાગણ અને અન્તરમાં રહેલા નીતિ-નિયમ' દ્વારા તેઓ પરમાત્માના અસ્તિત્વ વિષે શ્રદ્ધા મેળ-વતા. એમના આશ્રમોનું વાતાવરણ વિવિધ વિહંગોના મધુર કલરવથી હૃદયંગમ હતું, હરિણોના સ્વચ્છન્દ વિહારથી નિર્ભીત હતું, પવિત્ર વેદમન્ત્રોનો ધ્વનિ ઉચ્ચારતા વિદ્યાર્થીગણના

નાદથી ગાજતું હતું, સુવાસિત પુષ્પો અને ફલભારથી લચી પડતાં વૃક્ષોથી ભરપૂર હતું, અને અગ્નિદેવને અર્પણ થતી આહુતિઓની મીઠી સુગન્ધવાહક ધૂમશિખાથી વ્યાપ્ત હતું. તપોવનના આ સાદા પવિત્ર અને નિર્દોષ વાતાવરણમાં પુરાતન ઋષિવરોએ જીવમાત્રની મૌલિકએકતાનો સાક્ષાત્કાર કર્યો. આ એકતાનો સિદ્ધાન્ત હિન્દુતત્ત્વચિન્તનો કળશ છે અને માનવાજાતિના વિકાસક્રમમાં ભારતવર્ષનો સર્વોત્તમ ફાળો છે.

તપોવનના આશ્રમો અને આશ્રમવાસીઓ પ્રત્યે ભારતવર્ષ સેંકડો વર્ષો થયા માન અને પ્રેમની દૃષ્ટિએ જોતો આવ્યો છે. હિન્દના પ્રાચીન ઈતિહાસનો મ્હોટો ભાગ અરણ્યની આસપાસ ગૂંથાએલો છે અને અરણ્યવાસીઓના સંદેશાથી ભરપૂર છે. કવિવરરવીન્દ્રનાથ એમના ‘ તપોવન ’ માં કહે છે કેઃ—

“ ભારતવર્ષમાં સહુથી વિસ્મયકારક હકીકત તો એ છે કે એની સંસ્કૃતિનું પ્રભવસ્થાન નગર નહિ પણ વન છે. આ વનમાં માટીના લોચાની પેઠે એક બીજામાં લપેટાઇ જાય એટલા ખીચોખીચ સંબન્ધમાં મનુષ્યો આવતા નહિ. ત્યાં તો વૃક્ષો, છોડવાઓ, સરિતાઓ અને સરોવરો સાથે મનુષ્યોને નિકટ પરિચયમાં આવવાનો પુષ્કળ અવકાશ હતો. આ અરણ્યોમાં મનુષ્યો હતા પણ ભીડ નહોતી; ત્યાં મોકળાશ હતી. વનની એકલતાને લીધે ભારતવાસીનું ચિત્ત જડ ન બનતાં અધિક તેજસ્વી બનતું. હિન્દના બે પ્રાચીન યુગો–વૈદિક અને બૌદ્ધ યુગોને–તપોવને જ પોષ્યા છે, આપણા વેદકાળના ઋષિઓની પેઠે બુદ્ધભગવાને પણ હિન્દના તપોવનમાંજ ઉપદેશામૃત રેડયું છે. રાજમહેલમાં એમનું સ્થાન નહોતું પણ તપોવને એમને પોતાના

ઉત્સંગમાં લીધા. તપોવનમાંથી વહેતા. સંસ્કૃતિના પ્રવાહે સમસ્ત હિન્દને રસબોળ કરી દીધું. "

હિન્દના 'અરણ્યસદ' ઋષિમુનિઓએ પ્રાચીન આર્ય સમાજ અર્થે 'હેતુ અને નિયમનપુરઃસર' જીવનની યોજના કરી હતી. મનુષ્યજીવન એ અનંતની શોધઅર્થે આત્માની યાત્રા હોઈને 'એના પ્રભાત, મધ્યાહ્ન, નમતો પહોર અને સન્ધ્યા' રૂપી ચાર આશ્રમોમાં વિચરી અન્તે મૃત્યુમાં પર્યવસાન પામતું. આ જ્ઞાનવીરોએ પ્રતિભાદૃષ્ટિથી જીવનને કલા તરીકે કલ્પ્યું અને બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ્ય અને પ્રવ્રજ્યા રૂપી ચાર આશ્રમોમાં વ્યવસ્થિત કર્યું. મનુષ્યના ઐહિક જીવનનો પ્રથમ ખંડ વિદ્યોપાર્જનનો સમય હતો, જે દરમિયાન જ્ઞાનપ્રાપ્તિ અર્થે અથાગશ્રમ સેવન કરવું પડતું. જીવનનો બીજો ખંડ વિવિધ કર્તવ્ય અને આનંદથી યુક્ત ગૃહસ્થ જીવન હતું. આ કર્મ અને યોગક્ષેમનો સમય હતો. ગાર્હસ્થ્યની ઉચ્ચ પદવી સ્વીકાર્યા છતાં, માનવજીવનના અંતિમ ધ્યેય તરીકે હિન્દે એની ગણના કદાપિ કરી નથી. હિન્દની ભાવના અનુસાર, સર્વશ્રેષ્ઠ પરમાત્માની શોધ અર્થે ગૃહનો પણ ત્યાગ કરવો જોઈએ. મનુષ્યજીવનનો વિકાસ સાધવામાં અતિમહત્ત્વનાં સ્વીકારાએલાં ગૃહ અને સમાજનાં બન્ધનોની પણ પાર જવાનું રહ્યું. એક પ્રકારની ત્યાગદૃષ્ટિએ આદિથી તે અન્ત સુધી માનવજીવનને પરિરક્ષવું જોઈએ, કારણ કે મનુષ્યનું અંતિમલક્ષ્યબિન્દુ મોક્ષ હતું. એટલે જ્યારે ગૃહસ્થનાં બાળકો પુખ્ત વયનાં થાય અને એની પોતાની શારીરિક શક્તિ દુર્બલ થવા માંડે ત્યારે એ વનમાં

નિવૃત્ત થતો અને પ્રકૃતિનાં સૌમ્ય અને ભવ્ય દૃશ્યો વચ્ચે જીવનનો તૃતીય ખંડ ગાળતો. અરણ્યની એકાન્તમાં જીવનના પરમલક્ષ્યનું એ ચિન્તન કરતો અને પવિત્ર અને આધ્યાત્મિક સાધનામય જીવન નિર્વહણ કરતો. જીવનનો ચતુર્થખંડ અથવા અંતિમકાંડ પરિવ્રાજકના જીવનમાં પર્યસાન પામતો. પરમજ્ઞાનની શોધમાં સંન્યાસી સર્વસ્વનો ત્યાગ કરતો. સંયમ અને જ્ઞાનપૂર્વક ગુજારેલા અખિલ જીવનની પરિસીમા સંન્યાસીના જીવનમાં પહોંચતી. આવું વ્યવસ્થિત જીવન મૃત્યુપર સ્વાભાવિકરીતે વિજય પ્રાપ્ત કરીશકતું. વાસનાનો ક્રમેક્રમે ક્ષય થતાં, '**नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम्**' એ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થતી.

સામાન્ય જનસમુદાયના અર્થે એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં એમ ક્રમાનુસાર વિચરવાનું રહેતું. [1]પરમજ્ઞાનની પ્રાપ્તિમાં જીવનનો ટાઢો પહોર અને સન્ધ્યા વ્યતીત થતાં અર્થાત્ સામાન્ય રીતે ત્રીજાઆશ્રમનો વાનપ્રસ્થ અને ચતુર્થાશ્રમનો સંન્યાસી ઉચ્ચ તત્ત્વજ્ઞાનના અધિકારીઓ ગણાતા.. પણ બ્રહ્મજ્ઞાનના કોઈ મહાન જ્યોતિર્ધરો નાની ઉમ્મરે પણ પ્રકૃષ્ટજ્ઞાનનો અધિકાર પ્રાપ્ત કરી શકતા. જે ક્ષણે સંસાર પ્રત્યે ખરી વિરક્તિ ઉત્પન્ન થાય તેજ સમયે સંસારનો ત્યાગ કરી પરમ સત્યના અન્વેષણમાં લાગી જવાતું. આ પ્રમાણે,

---

१ ब्रह्मचर्यं समाप्य गृही भवेद्गृहाद्वनीभूत्वा प्रव्रजेत् ।
यदिवेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेद्गृहाद्वावनाद्वा ॥

उपनिषद्.

ભારતવર્ષની પ્રાચીન આશ્રમવ્યવસ્થામાં માનવજીવનની પરમ સિદ્ધિ અર્થે વિશિષ્ટ યોજના કરવામાં આવી હતી.

ભારતીયઆદર્શ અનુસાર મનુષ્યજીવન એ સંસ્કાર પરંપરા છે. 'ગર્ભાધાન' થી આરંભીને છેક 'અન્ત્યેષ્ટિ' પર્યંત સંસ્કાર પહોંચે છે અને એ દ્વારા વ્યષ્ટિજીવનનું સમષ્ટિનું ઋણ પ્રકટ થાય છે. તદનુસાર બ્રહ્મચર્ય અને વિદ્યોપાર્જન એ પ્રત્યેક દ્વિજને આવશ્યક હતાં. વિદ્યાથી વિરહિત રહેવું એના કરતાં વધારે અધમતા બ્રાહ્મણ માટે અકલ્પ્ય હતી. સામાન્ય રીતે બ્રાહ્મણના પુત્રનું 'ઉપનયન' ગર્ભાધાન પછી આઠમે વર્ષે થતું, ક્ષત્રિયનું અગિયારમે વર્ષે અને વૈશ્યનું બારમે વર્ષે થતું. હાથમાં સમિધ્ લઇને 'શ્રોત્રિય' અને 'બ્રહ્મનિષ્ઠ' ગુરુ પાસે વિદ્યાર્થીને લઈ જવામાં આવતો.

પ્રાચીન ભારતમાં. સાધારણ રીતે વાનપ્રસ્થ ગુરુઓ (બ્રહ્મચારી અને ગૃહસ્થનો પણ સમાવેશ થતો.) દ્વિજના કુમારોને વિદ્યાભ્યાસ કરાવતા. એમના આશ્રમો વિદ્યાનાં મહત્ત્વનાં સ્થાનો હતા. આ બ્રહ્મનિષ્ઠ તપસ્વીઓના ચરણે બેસીને અગણિત વિદ્યાર્થીઓ પરમજ્ઞાન સંપાદન કરતા અને વિદ્યાની વિવિધ શાખાઓમાં પારંગત થતા. ગુરુ–શિષ્ય વચ્ચે અત્યંત પવિત્ર સંબન્ધ પ્રવર્તતો. ગુરુ પ્રત્યે શિષ્યને શ્રેષ્ઠ આદરભાવ રહેતો. ગુરુને માતાપિતા તુલ્ય અથવા એથી પણ અધિક ગણવામાં આવતા કારણ કે માતાપિતા આ સ્થૂલ શરીરના નિર્માતા છે પરંતુ ગુરુતો આધ્યાત્મિક જીવનના સ્રષ્ટા છે. ગુરુપાસેથી પ્રાપ્ત થતું જ્ઞાનમાત્ર ગુરુનો આશીર્વાદ ગણાતું.

ગુરુના આશીર્વાદને લાયક થવા માટે નમ્રતા અને નિરભિમાનવૃત્તિપૂર્વક શિષ્ય કઠોર તપસ્યામાંથી પસાર થતો. ગુરુ પણ શિષ્યને વિદ્યાદાન આપવું એ કર્તવ્ય ગણતા અને એ કૃપાદાન છે એમ કદાપિ માનતા નહિ.

શિક્ષણ અથવા બ્રહ્મચર્યના આ સમયમાં વિદ્યાર્થીનું ધ્યાન માત્ર ગ્રન્થોનાપરિશીલનમાં જ રોકાતું નહિ પરંતુ એ પ્રકૃતિ સાથે સાક્ષાત્ સંબન્ધમાં આવતો અને એનાં વિવિધ સ્વરૂપો સાથે સંબન્ધ બાંધતો. ગુરુના આધ્યાત્મિક વિકાસ સાથે શિષ્યનો આત્મવિકાસ થતો. ભૂતમાત્ર પ્રત્યે સેવા અને દયાભાવના વાતાવરણમાં એનો આત્મા અધિકાધિક ખીલતો. અતિથિસેવામાં એને રસ પડતો અને પશુ પંખી અને વૃક્ષોને એ મિત્રવત્ માનતો. એ કાષ્ઠસંચય કરતો અને પોતાના અને ગુરુના અર્થે ભિક્ષા યાચતો. ગમે તે જાતિનો કે સામાજિક સ્થિતિનો વિદ્યાર્થી હોય પણ પ્રત્યેકને જનતાના દૃષ્ટિબિન્દુથી કેળવણી અપાતી. નિત્યાન્ન માગીને ઉદરનિર્વાહ કરવાનું કર્તવ્ય વિદ્યાર્થીના શિરે રહેતું એમાં સમાજનું ઋણ અદા કરવાની ભાવના સદૈવ જાગૃત રાખવી એજ દૃષ્ટિ મુખ્યત્વે કરીને હતી.

આપણા તપોવનકાળના શિક્ષણમાં આત્મશિક્ષણ ઉપર ખૂબ ભાર મૂકવામાં આવતો. ઉપનિષદ્માં ઈન્દ્ર અને વિરોચનની આખ્યાયિકા આનું સૂચક ઉદાહરણ છે. [1] ગુરુ શિષ્યને એકાદ સૂત્ર ઉપર ચિન્તન કરવાનું કહે અને અમુક સમય

---

૧ જુઓ છાન્દોગ્યોપનિષદ્ અધ્યાય ૮ અને હિન્દુ (વેદ) ધર્મ પૃ. ૬૮, ૬૯,

પછી તેનું પરિણામ માગે. આવી માનસિક કસરતને લીધે વિદ્યાર્થીની ગુપ્તશક્તિઓ વિકાસ પામતી. આપણા પ્રાચીન વિદ્યાગુરુઓ વિદ્યાર્થીની મુશ્કેલીઓ ઉકેલવામાં રોકાતા નહિ પરંતુ તેની માનસિક શક્તિઓને ઉત્તેજી બહાર તારવતા અને તેથી વિદ્યાર્થી પોતેજ પોતાની મુશ્કેલીઓનું સમાધાન કરી શકતો. આ રીતે સર્ગશક્તિ અને ઊંડું જ્ઞાન તેઓ પ્રાપ્ત કરી શકતા.

આ સમયનો અભ્યાસક્રમ વ્યાપક હતો. એમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ; અથર્વાંગિરસ, ઇતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદ્, શ્લોકો, સૂત્રો, વ્યાખ્યાન અને અનુવ્યાખ્યાનનો સમાવેશ થતો.[1]

પ્રાચીન તપોવનો વિવિધ આશ્રમોથી ભરપૂર હતા. કેટલાક આશ્રમોમાં એક ઋષિ બે ત્રણ શિષ્યોને અધ્યયન કરાવતા. વળી સાંદીપનિ ઋષિના જેવા બીજા કેટલાક આશ્રમોમાં એક પ્રસિદ્ધ વિદ્યાગુરુની આસપાસ અનેક વિદ્યાર્થીઓ એકઠા થતા. આ બંને પ્રકારોમાં ગૃહનુંજ વાતાવરણ પ્રવર્તતું હતું. આ શિક્ષણકાલ દરમિયાન વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં વસતા, કાષ્ઠસંચય કરતા, ઢોર ચરાવતા, ભિક્ષા માગતા, ગુરુની અંગત પરિચર્યા અને ગૃહકાર્ય કરતા અને એમના ચરણે બેસીને વિનય અને પૂજ્યભાવ પૂર્વક જ્ઞાન ગ્રહણ કરતા. આ ગુરુઓને એમના શિક્ષણકાર્યમાં ‘વડા વિદ્યાર્થીઓ’ મદદ કરતા. વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ ગુરુને યોગ્ય ભેટ આપતા અને પોતાના ગામ

[1] બૃહદારણ્યક ઉપનિષદ્. વધુ માહિતી માટે જુઓ પ્રકરણ ૧.

કે શહેરમાં પાછા ફરતા. કૌત્સે વરતન્તુ અર્થે રઘુ પાસેથી ગુરુદક્ષિણા યાચી એ વાતનો ઉલ્લેખ રઘુવંશમાં થએલો છે. શ્રીકૃષ્ણે સાંદીપનિ ગુરુના ખોવાએલા પુત્રને પાછો સોંપ્યો એ હકીકત ભાગવત પુરાણમાં ઉપલબ્ધ થાય છે. શિક્ષણના સમાપ્તિકાલે વિદ્યાર્થી દેશમાં પર્યટન કરતો અને ગુરુ પાસે પ્રાપ્ત કરેલી વિદ્યા અનુભવની કસોટીએ ચઢાવતો. માનસિક દૃષ્ટિ વિસ્તૃત કરીને વિદ્યાર્થીનું ગૃહાગમન થતું અને ગૃહસ્થ જીવનનો આરંભ થતો.

વિદ્યાભ્યાસ પૂરો થયે આચાર્ય શિષ્યને ઉપદેશ આપતા :

"સત્ય બોલ; ધર્મ ચર (આચર); સ્વાધ્યાયમાં ચૂકીશ નહિ. આચાર્યને ગમતું ધન લાવી આપ. પછી પ્રજાતન્તુનો ઉચ્છેદ ન કરવો (અર્થાત્ પરણવું); સત્યમાં ચૂકવું નહિ; કુશળમાં ચૂકવું નહિ; કલ્યાણમાં ચૂકવું નહિ; સ્વાધ્યાય–પ્રવચનમાં ચૂકવું નહિ; દેવકાર્ય (દેવપૂજન) અને પિતૃકાર્ય (પિતૃપૂજન) માં ચૂકવું નહિ. માતાને દેવ સમાન ગણ; પિતાને દેવ સમાન ગણ; આચાર્યને દેવ સમાન ગણ; અતિથિને દેવ સમાન ગણ. જે સારાં કર્મ હોય તે સેવવાં, બીજાં નહિ; અમારાં સારાં ચરિત હોય તે ઉપાસવાં, બીજાં નહિ."[1]

પૂર્વોક્ત પ્રકારના આશ્રમો ઉપરાંત પ્રાચીન હિન્દમાં 'પરિષદ્' નામનાં વિદ્યાસ્થાનો હતાં. પ્રો. મેક્સમૂલર અને એ વિદ્વાનને અનુસરીને સર રમેશચન્દ્ર દત્ત કહે છે કે,

---

૧ આ. બા. ધ્રુવઃ હિન્દુ (વેદ) ધર્મ: પૃ. ૭૨, ૭૩. જુઓ તૈત્તિરીય ઉપનિષદ્.

“ આ પરિષદો અથવા બ્રાહ્મણ વિદ્યાલયો યુરોપની યુનિવર્સિટી જેવી સંસ્થાઓ હતાં અને જ્ઞાન સંપાદન કરવા માટે અગણિત વિદ્યાર્થીઓ ત્યાં જતા. પાંચાલોની પરિષદોમાં શ્વેતકેતુ શિક્ષણ લેવા ગયો એવો બૃહદારણ્યક ઉપનિષદમાં ઉલ્લેખ છે. આ પરિષદોમાં વિદ્વાન બ્રાહ્મણોની સંખ્યા ૨૧ થી માંડીને ૩ સુધી અથવા છેવટ ૧ સુધી રાખવામાં આવતી. ” પરંતુ આ પરિષદો એ વિદ્યાની સ્થિર સંસ્થાઓ નહોતી પણ યજ્ઞાદિ વિશિષ્ટ કાર્ય અર્થે નિયુક્ત વિદ્વદ્‌સમાજો હતી. ખાસ કાર્ય સમાપ્ત થતાં એ સંસ્થાઓ આપોઆપ વીખરાઇ જતી. એટલે પરિષદમાંથી વિદ્યાપીઠની ઉત્પત્તિ થઈ એ કહેવું યથાર્થ નથી. દશહજાર છાત્રગણથી ઉભરાતા વિદ્યાપીઠોની ઉત્પત્તિ એક મહાન ઋષિના યશવિસ્તારમાંથી જન્મી છે. આવા યશસ્વી ગુરુની આસપાસ વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં એકત્રિત થતાં અને એના આશ્રમમાં એની પાસે અન્તેવાસી થઇને વિદ્યાભ્યાસ કરતાં. આવાં કેટલાંક વિદ્યાપીઠો હિમાલયમાં આવેલાં હતાં. નૈમિષારણ્ય એક મહાન વિદ્યાપીઠ જ હતું. એના અધિષ્ઠાતા કુલપતિ **શૌનક** હતા. દશહજાર વિદ્યાર્થીઓને વિદ્યાદાન અને અન્નદાન આપે તે આચાર્ય કુલપતિ કહેવાતો. **શૌનક**ના દ્વાદશ વર્ષના સત્રમાં અનેક વિદ્વાનો એકત્ર થયા હતા અને ધર્મ તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના વિવિધ વિષયોની ચર્ચા ચલાવતા હતા. આવા યજ્ઞસમારંભોમાં વિદ્વન્મંડલ સમક્ષ રાષ્ટ્રના મહાકાવ્યોનું પારાયણ થતું. જનમેજયના સર્પસત્ર સમયે જેમ **વૈશમ્પાયને** મહાભારતનું પારાયણ કર્યું તેમ **સૌતિએ** **શૌનક**ના યજ્ઞ પ્રસંગે કર્યું. આ ઉપરાંત **મહાભારત**માં અનેક આશ્રમો

અને આશ્રમવિદ્યાપીઠોનાં મનોહર વર્ણનો છે. ઋષ્યશૃંગ, માર્કંડેય, કણ્વ, વસિષ્ઠ, વિશ્વામિત્ર અને વ્યાસના આશ્રમો વિદ્યાનાં પ્રસિદ્ધ ધામ હતાં જ્યાં અનેક વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ પ્રાપ્ત કરતા.

રામાયણમાં કથાપુરુષ રામચન્દ્રજી તપોવનમાં વિદ્યા અને ધર્મના ધામરૂપ અનેક આશ્રમોમાં પ્રવેશ કરે છે અને ત્યાં પરમ આનંદ અને શાન્તિ અનુભવે છે. વળી તક્ષશિલા અને વારાણસીના અનેક સ્નાતકો સંન્યાસવૃત્તિ સ્વીકારીને હિમાલયમાં આશ્રમો બાંધતા અને પાંચસો પાંચસો શિષ્યોને અને કેટલીકવાર એથી પણ અધિક સં-ખ્યાને શિક્ષણ આપતા એવો જાતકોમાં ઉલ્લેખ છે. મહાકવિ કાલિદાસે શાકુન્તલ, રઘુવંશ અને કુમારસંભવમાં તપોવનની કીર્તિ અમૃતાક્ષરે કોતરી છે. બાણ અને ભવ-ભૂતિએ પણ તેજસ્વી શૈલીમાં આશ્રમનાં વર્ણનો કર્યાં છે.

મહાત્મા ગાંધી અને કવિવર ટાગોરે પણ રાષ્ટ્રની ઉગતી પ્રજાને કેળવવાને અર્વાચીન સ્વરૂપમાં આશ્રમો સ્થાપ્યા છે. આ પ્રમાણે જે આશ્રમવાસી તપસ્વીઓએ દેશની સંસ્કૃતિ ઉપર અદ્ભુત અસર કરી છે તેમનું ઋણ હિન્દે સદૈવ સ્વીકાર્યું છે.

પ્રાચીન હિન્દમાં કન્યાઓની કેળવણીનો સર્વસાધારણ પ્રચાર હતો. કુમારોની પેઠે કન્યાઓનો પણ ઉપનયન સંસ્કાર થતો.[1] પ્રાચીનકાળના કન્યાશિક્ષણ વિષે હારીત[2]

---

१ पुराकल्पे कुमारीणां मौञ्जीबन्धनमिष्यते ।
अध्यापनं च वेदानां सावित्रीवचनं तथा ।
वृद्धमनु.

૨ આચાર્ય ધ્રુવઃ હિન્દુ (વેદ) ધર્મ.

કહે છે કે:—

" द्विविधाः स्त्रियो ब्रह्मवादिन्यः सद्योवध्वश्च । तत्र ब्रह्मवादिनीनामुपनयनमग्नीन्धनं वेदाध्ययनं स्वगृहे च भिक्षाचर्येति । सद्योवधूनां तु उपस्थिते विवाहे कथंचिदुपनयनमात्रं कृत्वा विवाहः कार्यः ।

બે પ્રકારની સ્ત્રીઓ હોય છે–બ્રહ્મવાદિની અને સદ્યો-વધૂ (તુરત પરણનારી) તેમાં બ્રહ્મવાદિનીઓને ઉપનયન, અગ્નિદીપન, વેદાધ્યયન અને પોતાને ઘેર ભિક્ષાચર્યા; સદ્યોવધૂને વિવાહ ઉપસ્થિત થયો હોય તો ગમે તેમ ઉપનયન કરી દઈને વિવાહ કરવો. "[1]

બે સુપ્રસિદ્ધ તાપસીઓ કુરુક્ષેત્ર પાસે આશ્રમો બાંધીને રહેતી હતી. એવો મહાભારતમાં ઉલ્લેખ છે. આ બેમાં એક જે બ્રાહ્મણકન્યા હતી તેણે આજીવન બ્રહ્મચર્યવ્રત સેવીને યોગશક્તિ મેળવી અને 'તાપસસિદ્ધા' બની. બીજી જે ક્ષત્રિય કન્યા હતી, જે રાજપુત્રી હતી, તેણે બ્રહ્મચારિણી રહીને આધ્યાત્મિક વિકાસ પ્રાપ્ત કર્યો.

---

૧ આ સંબન્ધમાં આચાર્ય ધ્રુવના ' Indian women's University ' (૧૯૨૯) ના પદવીદાન સમારંભના ભાષણમાંથી નીચેના શબ્દો જાણવા જેવા છે:—

" The word 'सद्य' immediately in this Context is Significant. Between the two extremes it implies one more class of girls who did not

હવે હિન્દના મહાકવિએ આશ્રમવિદ્યાપીઠનું એક મનોહર ચિત્ર આપ્યું છે તે ટૂંકામાં ઉતારીએ. મહાભારતના આદિપર્વ (૬૯) માં કણ્વના આશ્રમનું હૃદયંગમ આલેખન છે. મહાકવિ કાલિદાસે આજ કુલપતિની આશ્રમસંસ્થાનું વર્ણન કર્યું છે, "એક સાથે વસતી અને એક સાથે અધ્યયન કરતી એવી દસહજાર તેજસ્વી, પવિત્ર અને પ્રેરક માનવ આકૃતિ-વાળી વિદ્યાસંસ્થાનું માનસિકચિત્ર આલેખવાનો યત્ન કલ્પનાને પરમ આહ્લાદક છે. કવિના ચિત્રના પ્રકાશમાં વેદના સમયની કેળવણીની સંસ્થા કેવી હશે એનો સરસ ખ્યાલ કણ્વનું વિદ્યાપીઠ આપણને આપે છે."

હિમાલયની તળેટીમાં ધર્મારણ્ય નામનું એક વિશાળ તપોવન હતું જેનો એક ભાગ કુણ્વ ઋષિના વિદ્યાપીઠ અર્થે વપરાતો. એનું વાતવરણ અત્યંત સુન્દર હતું. આશ્રમ પાસે થઈને માલિની નદીનાં નીર વહેતાં હતાં. શીતલ અને સુગન્ધિત પવનની લહરીઓ જલસીકરનું વહન કરતી હતી. એના વિશાળ કાંઠાપર હંસમિથુનો વિહાર કરતાં હતાં. નદીની નહેરો આશ્રમની વચ્ચે થઈને વહેતી હતી અને

---

marry 'immediately' after initiation but spent intermediate years in education as they were originally expected to do before the pressure of the Iron Age altered the old custom and Upavita Samskara became a sham."

શ્રી. ગોપાલરાવ કુલકર્ણી : ' A University in S'akuntala : ' To Morrow ' પત્રમાંથી.

બંને બાજુનાં વૃક્ષોનાં મૂળોને ધોઈને સ્વચ્છ કરતી હતી. યજ્ઞધૂમની લેખા સર્વત્ર દૃષ્ટિગોચર થતી હતી. એ શાન્ત આશ્રમના ઉપવનોમાં હરિણશિશુઓ નિર્ભયતાથી અને સ્વસ્થતાથી આમ તેમ ફરતાં હતાં. કોકિલા અને શુકના મધુર અને પ્રાસાદિક સ્વરો સમસ્ત આશ્રમપ્રદેશને આનંદિત કરતા હતા. તાપસોનાં વલ્કલો વૃક્ષોની શાખાઓપર સૂકાતાં હતાં. વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓ ફળ, ઝાડ અને લતાઓને અપત્યસમાન ગણીને ઉછેરતાં, છોડવાઓને જળ પાતાં અને સંભાળપૂર્વક તેમનું જતન કરતાં. આશ્રમના વિદ્યાર્થીઓ વનમાંથી ફળ અને કાષ્ઠ ભેગાં કરી આશ્રમમાં લાવતા. કોઇ અજાણ્યા આગન્તુકનું પણ આતિથ્ય કરવાની ફરજ પ્રત્યેક આશ્રમવાસીને માટે હતી. આશ્રમવાસીઓ આશ્રમનાં પ્રાણીઓને મમતાપૂર્વક ઉછેરતાં. જીવનમાત્રને પવિત્ર ગણવામાં આવતું. કોઇ પ્રાણીને પીડા કરવામાં આવતી નહોતી એટલે હિંસા તો ક્યાંથી જ હોય ? અહિંસાના સિદ્ધાન્તનું પરિપૂર્ણ પાલન થતું. રાજાની મૃગયા આશ્રમની હદ પાસે થંભી જતી. '**न खलु न खलु बाणः संनिपात्योऽयमस्मिन् । मृदुनि मृगशरीरे पुष्पराशाविवाग्निः ।**' એ પ્રાણીમાત્રના અભયદાન અર્થે નીકળેલી કરુણચીસનો ધ્વનિ અખિલ આશ્રમના વાતાવરણમાં સંભળાતો.

કુલપતિ કણ્વની વિદ્યાસંસ્થાના આવા પવિત્ર અને શાન્ત તપોવનમાં સત્યાન્વેષણના સમાન કાર્યમાં ગુરુ અને શિષ્ય વ્યાપૃત થતા. પ્રકૃતિ અને ભૂતમાત્રના સમાગમમાં તેઓ આવતા અને અખિલ સર્જનની મૌલિક એકતાનો સાક્ષાત્કાર કરતા. તેઓ ઉલ્લાસના સ્વાતંત્ર્યના અને તપ-

સ્યાના સંયમના વાતાવરણમાં વિકાસ પામતા. સાથે અભ્યાસ કરતાં કુમાર—કુમારીઓ (તાપસ-તાપસીઓ) બ્હેન અને ભાઈ સમાન સાથે રહેતાં. પ્રત્યેક આશ્રમવાસીને બ્રહ્મચર્યનું વ્રત આવશ્યક હતું. આ વ્રતનો ભંગ થતાં આશ્રમ ત્યજવાની અચૂક સજા ખમવી પડતી. કન્યાઓની અધિષ્ઠાત્રી તાપસવૃદ્ધા ગૌતમી હતાં અને અખિલ આશ્રમના અધ્યક્ષ અને પ્રાણ કુલપતિ કણ્વ હતા જે આશ્રમનો કારભાર ભારે વ્યાવહારિક ચાતુર્યથી ચલાવતા.

આવા સાદાઇ, તપ અને અહિંસાના વાતાવરણમાં પ્રાચીન વિદ્યાપીઠો જનતામાં જ્ઞાનનો પ્રકાશ અને પ્રેરણા ફેલાવે અને માનવજાતિની ઉચ્ચ વિભૂતિઓ ઉત્પન્ન કરે એમાં આશ્ચર્ય લાગશે નહિ.

રાષ્ટ્રજીવનની આન્તર અપેક્ષામાંથી જન્મેલાં આ આશ્રમ-વિદ્યાપીઠો લોકોની અસંખ્ય જરૂરિયાતો પરિપૂર્ણ કરતાં. આજ અર્વાચીન હિન્દનાં વર્તમાન વિદ્યાપીઠો છતાં આપણે માટે એ વિદ્યાસ્થાનો ઉપકારક સંદેશ આપી શકે છે. કવિવર ટાગોર એમના 'The Centre of Indian Culture'[1]માં આ મનોહર સંદેશ નીચે પ્રમાણે મૂકે છે:—

"આપણાં તપોવનો, જે આપણાં પ્રાકૃતિક વિદ્યાપીઠો હતાં તે જીવનશૂન્ય નહોતાં. ત્યાં ગુરુ અને શિષ્ય ભરપૂર જીવન જીવતા. તેઓ ફલ અને ઇન્ધન એકઠાં કરતા, ઢોર ચરાવતા અને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરતા. આપણી સંસ્કારિતાનું કેન્દ્ર એ આપણા દેશના

૧ આ વિચારને વ્યવહારમાં ઉતારવાને કવિશ્રી શાન્તિ નિકેતન અને સુરુલની એક વાક્યતા કરવાનો અખતરો કરી રહ્યા છે.

બૌદ્ધિક જીવનનું કેન્દ્ર હોવા ઉપરાંત એના આર્થિક જીવનનું પણ કેન્દ્ર હોવું જોઇએ. આવી વિદ્યાસંસ્થાએ જમીન ખેડવાનું, ઢોર ઉછેરવાનું અને પોતાનું તેમજ વિદ્યાર્થીઓનું પોષણ કરવાનું કાર્ય કરવું જોઇએ. એણે જીવનની જરૂરિયાતો ઉત્પન્ન કરવા માટે વિજ્ઞાનની મદદથી ઉત્તમોત્તમ સાધનો અને ઉપકરણો યોજવાં જોઇએ. આવી સંસ્થાનું અસ્તિત્વ જ સહકારિતાના સિદ્ધાંત પર રચાએલાં એનાં ઔદ્યોગિક સાહસોની સફળતા ઉપર અવલંબવું જોઇએ. આવા પરસ્પર સહકારને લીધેજ વિદ્યાગુરુઓ અને શિષ્યો જીવન્ત અને ક્રિયાત્મક ગાંઠથી જોડાઇ શકે. ”



૩.

તક્ષશિલા વિદ્યાપીઠ

આપણા દેશમાં અતિપ્રાચીનકાળથી તે અઢારમી સદીના મધ્યભાગ સુધી સાહિત્ય અને કલાનો અદ્ભુત સ્રોત વહ્યા કર્યો છે. યુનિવર્સિટી એ વિદ્વજ્જનોનું મંડળ હોવી જોઈએ એ ન્યુમને બાંધેલું લક્ષણ **તક્ષશિલા નાલન્દા** અને **વિક્રમ-શીલા** જેવાં વિદ્યાપીઠોને સુયોગ્ય રીતે લાગુ પડે છે. રાવળ-પીંડીની વાયવ્યમાં એકવીશ માઇલને અંતરે **તક્ષશિલાનગર** આવેલું હતું. હમણાં જ તક્ષશિલાના અવશેષો પૌરાતનિક **સર જોહન માર્શલ**ના પ્રયાસથી બહાર કાઢવામાં આવ્યા છે. પરંતુ એનું વાસ્તવિક જીવન તો ઘણું પુરાતન છે. એક અત્યંત મનોહર ખીણમાં ટેકરીઓની વચ્ચે વિદ્યાનું આ સુપ્રસિદ્ધ કેન્દ્રસ્થાન આવેલું હતું. પૂર્વે મધ્યએશિયા અને પશ્ચિમ એશિયાને હિન્દ સાથે જોડનાર મહાન વ્યાપારી માર્ગ પર આ શહેરની સ્થિતિ હતી. ઈ. સ. પૂર્વે ૫૨૧ માં ઇરાની-ઓએ તક્ષશિલાનગર જિત્યું ત્યારથી એ તારીખવાર ઇતિ-હાસની રંગભૂમિ ઉપર દૃષ્ટિગોચર થાય છે. ઈરાનીઓએ બે શતક પર્યંત ત્યાં શાસન કર્યું. ઈરાનિયન સામ્રાજ્યના અસ્ત પછી એ ગ્રીકના હાથમાં ગયું. ઇ. સ. પૂર્વે ૩૨૬ ના વસન્તકાળમાં **સીકંદર તક્ષશિલા**ની સરહદમાં પેઠો અને ત્યાંના રાજાને તેણે સ્વાધીન કર્યો. સીકંદરના સમયમાં તે અતિ સમૃદ્ધ નગર હતું. નગરની વસતિ ઘણી હતી. આસપાસનો પ્રદેશ ફળદ્રુપ હતો. આજ અરસામાં આ નગરમાં ગ્રીક અને હિન્દુ તત્ત્વજ્ઞો

પરસ્પર સમાગમમાં આવતા ગયા અને જ્ઞાનની સગાઈ ખીલવતા ગયા. પૂર્વમાં **સી**કંદરના મહાન સામ્રાજ્યના અસ્ત પછી **ત**ક્ષશિલા મૌર્યરાજાઓના હાથમાં ગયું અને મૌર્યસામ્રાજ્યમાં અન્તર્ગત થયું. **બિ**ન્દુસારના રાજ્યમાં **અ**શોક **ત**ક્ષશિલાનો સુબો નીમાયો હતો. **હૅ**વલ કહે છે કે "**અ**શોક તક્ષશિલા અને ઉજ્જનનાં વિદ્યાપીઠોમાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી હતી." અશોકના રાજ્યમાં **ત**ક્ષશિલા બૌદ્ધ ધર્મની અસર નીચે આવ્યું. મૌર્યો પાસેથી એ બેકિટ્રયન ગ્રીકના હાથમાં ગયું અને એમની પાસેથી શક લોકોએ તે જિત્યું. શક પછી પાર્થિયન લોકો આવ્યા અને ઇન્ડો પાર્થિયન પાસેથી કુષાણોએ તે જિતી લીધું. આ વિદેશી રાજાઓની હકુમત દરમિયાન પણ બૌદ્ધ સંસ્કારિતાના એક અગત્યના કેન્દ્રસ્થાન તરીકે એ વિકાસ પામતું ગયું અને 'પશ્ચિમ એશિયા અને ચીન' માંથી ત્યાં વિદ્યાર્થીઓ ઉભરાતા ગયા. પરદેશીઓએ હિન્દુ ધર્મ અને કલામાં નવીન વિચારોનો ફાળો આપ્યો અને પોતે પણ હિન્દુસંસ્કૃતિ જીવનમાં ઉતારી. **અ**શોકથી માંડીને કનિષ્ક પર્યંત ભગવાન બુદ્ધના પવિત્ર સ્મરણને અર્થે **ત**ક્ષશિલામાં સુપ્રસિદ્ધ સ્મરણસ્તંભો મંદિરો અને સ્તૂપો બંધાતાં ગયાં. કુષાણોનો સહુથી બલિષ્ઠ રાજા કનિષ્ક હિન્દ જિતવાને આવ્યો પરંતુ હિન્દથી પોતેજ જિતાયો. એણે પ્રથમ બ્રાહ્મણ-ધર્મ અને પછી બૌદ્ધધર્મ સ્વીકાર્યો. કનિષ્કના અને એના ઉત્તરાધિકારીઓના રાજ્ય દરમિયાન **ત**ક્ષશિલા 'મહાયાન બૌદ્ધ સંપ્રદાયનું મહાન વિદ્યાસ્થાન' બન્યું.

એરિયન, **સ્ટ્રે**બો, **ટો**લેમી, **ડા**યોનિસિયસ, **પ્લી**ની, **ફા**—હ્યાન અને હ્યુ એનસંગે એમના ગ્રન્થોમાં તક્ષશિલાનો

ઉલ્લેખ કર્યો છે. હ્યુએનસંગે એ પ્રદેશની રમણીયતા અને ફળદ્રુપતાનું વર્ણન કર્યું છે. ઇસ્વીસનના સાતમા શતકમાં હ્યુએનસંગના સમયમાં એ નગરમાં રાજકુલનો અસ્ત થયો હતો. ઈસ્વીસનના નવમા શતક પછી ઇતિહાસની રંગભૂમિ ઉપરથી **તક્ષશિલાનું** અદર્શન થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં તક્ષશિલાના ઘણા ઉલ્લેખો મળી આવે છે. મહાભારતમાં **તક્ષશિલાના** એક શિક્ષાગુરુ **ધૌમ્યનો** ઉલ્લેખ છે. રાજા **જનમેજયે તક્ષશિલાની** ખીણને જિતી ત્યાં જ મહાન સર્પસત્ર આરંભ્યો. **ભરતે તક્ષશિલા** અને પુષ્કલાવતી નામનાં બે નગરો બંધાવ્યાં એવો **રામાયણમાં** ઉલ્લેખ છે. **ભગવાન પાણિનિ** પોતાના વ્યાકરણસૂત્રોમાં એક અગત્યના નગર તરીકે **તક્ષશિલાનો** નિર્દેશ કરે છે. 'રઘુવંશ'માં **ભરતે** પોતાના બે પુત્રો **તક્ષ** અને **પુષ્કલને તક્ષશિલા** અને **પુષ્કલશિલાની** ગાદીએ બેસાડ્યા એવો ઉલ્લેખ છે. **ક્ષેમેન્દ્રના** 'અવદાન કલ્પલતા'માં **અશોક** અને **કુણાલની** અદ્ભુત કથા સંબન્ધી પણ આ સુપ્રસિદ્ધ સ્થાનનો ઉલ્લેખ થયો છે.

તક્ષશિલા વિદ્યાનું સુવિખ્યાત સ્થાન હતું, બ્રાહ્મણ સંસ્કારિતાનું કેન્દ્ર હતું. એની અસર પશ્ચિમમાં ઈરાન સુધી, ઉત્તરમાં બૅક્ટ્રિયા સુધી અને પૂર્વમાં મગધ અને પ્રાચ્ય પર્યંત વિસ્તાર પામી હતી. હિન્દુસ્થાનના જુદા જુદા અને દૂરદૂરના ભાગોમાંથી પણ ત્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા. મિથિલા, રાજગૃહ, વારાણસી, ઉજ્જયિની, કોસલ અને મધ્યપ્રાન્તમાંથી તો ત્યાં વિદ્યાર્થીઓ ઉભરાતા. **ભગ-**

વાન **પાણિનિ** અને **ચન્દ્રગુપ્ત મૌર્ય**ના રાજ્ય મન્ત્રી કૌટિલ્ય અર્થશાસ્ત્રના પ્રણેતા **ચાણક્ય** **ત**ક્ષશિલાના વિદ્યાર્થીઓ હતા. **ત**ક્ષશિલાની પ્રસિદ્ધિ ત્યાંના અધ્યાપકોને લીધે હતી. તેઓ 'જગપ્રસિદ્ધ' કહેવાતા કારણકે પોતપોતાના વિષયમાં તેઓ નિષ્ણાત અને પ્રમાણભૂત ગણાતા. પ્રત્યેક શાળાના વિશિષ્ટ અધ્યાપકથી અધિષ્ઠિત એવી **ત**ક્ષશિલાની વિશિષ્ઠ શાળાઓ વિદ્યાની અષ્ટાદશશાખા સંપન્ન હતી.[૧] દેશનાં વિવિધ વિદ્યાલયો **ત**ક્ષશિલાનાં વિદ્યાપીઠની સાથે જોડાએલાં હતાં. સમસ્ત ભારતમાં બુદ્ધિના પ્રદેશમાં તક્ષશિલા આધિપત્ય ભોગવતું હતું.

સમકાલીન જીવનની સ્થિતિનું પ્રતિબિમ્બ બૌદ્ધ જાતકોમાં પડેલું છે. વિદ્યા અને સંસ્કારિતાના વાતાવરણથી કેટલાંક જાતકો ભરપૂર છે. ખાસ કરીને તત્કાલીન કેળવણીની પદ્ધતિ અને વ્યવસ્થા વિષે આ ગ્રન્થો ખૂબ પ્રકાશ પાડે છે. જાતકોમાં **ત**ક્ષશિલાના વિદ્યાપીઠના અનેક ઉલ્લેખો દ્વારા પ્રાચીન હિન્દમાં ગુરુ–શિષ્ય વચ્ચેનો સંબન્ધ, શિષ્યોએ પાળવાનું નિયમન, રાજપુત્રોનું શિક્ષણ વગેરે ઘણી હકીકત મળી આવે છે.

કાશીના એક રાજાને **બ્રહ્મદત્ત** નામે પુત્ર હતો. જૂના વખતમાં પોતાની પડોશમાં કોઇ પ્રસિદ્ધ વિદ્યાગુરુ હોય તથાપિ રાજકુમારોની

---

૧ Journal of the Buddhist Text Society of India Vol. VII—

'Universities in Ancient India.'

૨. કૉવેલ અને રૂસની **જાત**કોની આવૃત્તિનો છૂટે હાથે ઉપયોગ કરવામાં આવ્યો છે.

કેળવણીની પરિપૂર્ણતા માટે રાજાઓ તેમને દૂર દેશાવર મોકલતા. આમ કરવામાં એમનો હેતુ એ હતો કે કુમારોનું અભિમાન ગળી જાય, ટાઢ તડકો વેઠતાં શીખે અને જગતના વ્યવહારથી પરિચિત થાય. કાશીરાજે પણ સોળ વર્ષના બ્રહ્મદત્તને પોતાની પાસે બોલાવ્યો અને એક તળિયાવાળા ચંપલની જોડ, પાંદડાંની એક છત્રી અને એક હજાર દામ આપીને તેને કહ્યું: 'પુત્ર, તક્ષશિલા જા, અને ત્યાં અભ્યાસ કરી આવ.

રાજકુમારે પિતાની આજ્ઞા માથે ચઢાવી. માતાપિતાને વંદન કરીને યોગ્ય સમયમાં તક્ષશિલા પહોંચ્યો. ત્યાં તેણે આચાર્યના નિવાસની તપાસ કરી અને અધ્યયન પૂરું થયા પછી પોતાના ગૃહના દ્વાર પાસે આચાર્ય આમ તેમ આંટા મારતા હતા ત્યાં તે જઇ પહોંચ્યો. આચાર્યને જોતાં વાંતજ કુમારે ચંપલ કાઢી નાંખ્યાં, છત્રી બંધ કરી અને પ્રણામ કરી ગુરુ સમક્ષ શાન્તિથી ઉભો રહ્યો. કુમાર થાકી ગયો છે એમ વિચારી ગુરુએ તેનું તત્કાલ સ્વાગત કર્યું. કુમારે ભોજન કર્યું અને થોડીવાર આરામ લીધો. પછી તે ગુરુ પાસે પાછો આવ્યો અને અદબ વાળી એની સમીપ ઉભો.

'તમે ક્યાંથી આવો છો ?'

'કાશીથી.'

'કોના પુત્ર છો ?'

'કાશીરાજનો પુત્ર છું.'

'અહિંયાં કેમ આવવું થયું છે ?'

'અધ્યયન અર્થે આવ્યો છું.'

'વારુ, તમે કાંઇ રકમ સાથે લાવ્યા છો કે અધ્યયનના બદલામાં મારી પરિચર્યા કરવા ઇચ્છો છો ?'

'જી, હું મારી સાથે રકમ લાવ્યો છું.'

આમ કહીને બ્રહ્મદત્તે ગુરુ સમક્ષ એક હજાર દામની કોથળી મૂકી.

આ અવતરણ[1] ઉપરથી તે સમયની કેળવણીનાં મુખ્ય તત્ત્વોનો આપણને પરિચય થાય છે.

વિદ્યાનો આરંભ કરવા માટે નહિ પણ વિદ્યા પરિપૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ તક્ષશિલા જતા. સામાન્ય રીતે ત્યાં જવાને માટે સોળ વર્ષની ઉમ્મર યોગ્ય ગણાતી. સાધારણ નિયમ એવો હતો કે શિષ્યોએ અધ્યાપકોને પરિપૂર્ણ કેળવણીના બદલામાં એક હજાર દામ આપવા પડતા. જો રોકડી રકમ ન આપી શકાય તો વિદ્યાર્થીએ ગુરુની સેવા કરવાની હતી. આવા ઘણા વિદ્યાર્થીઓ દિવસે કાષ્ઠસંચય ઇત્યાદિ ગુરુનું કામ કરતા અને રાત્રે જ્ઞાન મેળવતા. કેટલીકવાર કોઈ ગરીબ વિદ્યાર્થી પોતાનો બધો સમય અધ્યયનમાં ગાળતો અને તેથી ગુરુની સેવા કે બીજું કામ કરી શકતો નહોતો. આવી બાબતમાં પોતાની કેળવણી પૂરી કર્યા પછી ફીની રકમ આપવાનું વિદ્યાર્થી વચન આપતો. તક્ષશિલામાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી એક બ્રાહ્મણ વિદ્યાર્થીએ ગંગાની પારના પ્રદેશમાં યાચના કરીને ગુરુદક્ષિણા આપી. અતિ દરિદ્ર વિદ્યાર્થીઓને માટે દાનવીરો તેમનું ખર્ચ પૂરું કરતા. કેટલીકવાર પરોપકારી ગૃહસ્થોને ત્યાં શિષ્યમંડળ સહિત અધ્યાપકોને ભોજનનું નિમન્ત્રણ થતું. કોઈ કોઇ વાર આખા વિદ્યાલયને માટે ક્રમવાર ભોજન આગળથી નિર્મિત થતું.

કેટલાક વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી શિષ્યવૃત્તિઓ મળતી. ઘણુંખરું આવા વિદ્યાર્થીઓને કેળવણી લેવા માટે પોતપોતાના દેશના રાજકુમારોના સાથીઓ તરીકે મોકલવામાં આવતા. કાશી અને રાજગૃહના રાજકુમારો સાથે

---

૧ જાતક નં. ૨૫૨.

રાજગુરુના પુત્રોને તક્ષશિલામાં મોકલ્યા હતા એમ જાતકોમાં ઉલ્લેખ છે. કેવળ ઉચ્ચ કેળવણી માટે રાજ્ય તરફથી રાજ્યના ખર્ચે વિદ્યાર્થીઓ મોકલવામ આવતા એવા પણ ઘણા દાખલાઓ મળી આવે છે. કાશીના એક બ્રાહ્મણના પુત્રને ધનુર્વિદ્યામાં પ્રવીણતા મેળવવા માટે રાજાએ જાતે તેને તક્ષશિલા મોકલ્યો હતો.

અધ્યાપનની ફી ખર્ચના પ્રમાણમાં ઘણી ઓછી લેવાતી. વિદ્યાર્થીને ખાવાપીવાનું તથા રહેવાનું મફત મળતું અને તે ઉપરાંત અન્ય જરૂરીઆતો પણ પૂરી પાડવામાં આવતી. કેટલાક વિદ્યાર્થીઓ અધ્યાપકો સાથે એક જ ગૃહમાં રહેતા અને કેટલાક નગરમાં સ્વતંત્ર મકાન રાખીને વિદ્યાપીઠમાં શિક્ષણ લેવા જતા. કેટલાક પરણેલા વિદ્યાર્થીઓ પોતાની સ્ત્રી સહિત સ્વતંત્ર ઘર રાખીને રહેતા અને દિવસે વિદ્યાલયમાં અભ્યાસ કરતા.

ઓછામાં ઓછા પાંચસો વિદ્યાર્થીઓને એક અધ્યાપક ભણાવતો. અનેક વર્ગના અને વર્ણના વિદ્યાર્થીઓ તક્ષશિલામાં ભેગા થતા. બ્રાહ્મણો અને ક્ષત્રિયોનું પ્રમાણ વધારે રહેતું. દૂર દેશાવરથી રાજકુમારો અને શ્રીમન્તના પુત્રો અધ્યયન કરવા અત્રે આવતા. વ્યાપારીઓ, દરજીઓ અને માછીમારના પુત્રોનો પણ છાત્રવૃન્દમાં સમાવેશ થતો. માત્ર ચાંડાલોને દાખલ કરવામાં નહોતા આવતા. પોતાના જન્મનું દુર્ભાગ્ય વિચારીને બે ચાંડાલ-કુમારો પોતાની જાતિ છૂપાવીને બ્રાહ્મણ વિદ્યાર્થીઓનો વેષ ધારણ કરીને તક્ષશિલા ગયા અને ત્યાંના એક પ્રસિદ્ધ અધ્યાપક પાસે તેઓએ અભ્યાસ

કર્યો. એકે તો અભ્યાસમાં સફળતા સંપાદન કરી. પણ એક વાર કોઇ ગ્રામવાસીએ વિદ્યાલયમાં ભોજન આપ્યું હતું ત્યાં અજાણતાં ચાંડાલની બોલીમાં બંને વાતચિત કરતાં પકડાઈ ગયા અને પરિણામે તેમને વિદ્યાપીઠમાંથી દૂર કરવામાં આવ્યા.

ચાંડાલ સિવાય બધી જાતિઓને અધ્યયન કરાવવામાં આવતું એ આપણે જોયું. બધી જાતિઓ વંશપરંપરાના ધંધાને માટે તૈયારી કરતી એવું ખાસ નહોતું. કેટલાક બ્રાહ્મણો જાદુનો અભ્યાસ કરતા અને કેટલાક ધનુર્વિદ્યામાં પ્રાવીણ્ય મેળવતા. કોઇ બ્રાહ્મણ વિજ્ઞાન શીખતો અને કોઈ વેદત્રયી અને અઢાર કલાનો અભ્યાસ કરતો. બધા પ્રકારના અને બધી સ્થિતિના યુવાનો વિદ્યાના ઉપાર્જનમાં નાતજાતના ભેદો ડૂબાવી દેતા. રાજકુમારો અને શ્રીમન્તના પુત્રો, વ્યાપારીઓ અને દરજીઓ, પોતાની ફી ન આપી શકે તેવા ગરીબ વિદ્યાર્થીઓ--સર્વે સમાનતાથી પરસ્પર વર્તતા. એક જ વિદ્યાલય અને વિદ્યાગુરુના શિષ્યો તરીકે બન્ધુભાવની ગાંઠથી તેઓ બંધાતા. પ્રામાણિક શ્રમનું ગૌરવ તેઓ સ્વીકારતા હતા. ગરીબ વિદ્યાર્થીઓને સેવકની પેઠે સેવા કરવી પડતી પરંતુ ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓની સાથે તેઓ સમાનતાના ધોરણે રહી શકતા. વળી વિદ્યાલયમાં સાદાઇ અને નિયમનનાં કેટલાંક ધોરણો ઉપર ભાર મૂકવામાં આવતો તેથી બધા ભેદ આપોઆપ દૂર થઈ જતા.

આપણે ઉપર જોઈ ગયા કે કાશીના રાજકુમારને એના પિતાએ માત્ર એક ચંપલની જોડ, પાંદડાંની છત્રી અને એક હજાર દામ આપ્યાં હતાં. એમાંથી પોતાના ખાનગી ખર્ચ

૪

માટે રસ્તામાં તે એક પાઈ પણ વાપરી શકે તેમ નહોતું. આ પ્રમાણે એક રાજકુમાર એક નિર્ધન મનુષ્ય તરીકે વિદ્યાલયમાં પ્રવેશ કરે છે. કાશીના રાજકુમાર જુંહની વાત પણ કાંઇક આવી જ છે. એક વખત અંધારામાં અથડાવાથી એનાથી એક બ્રાહ્મણનું ભિક્ષાનું કમંડળ ભાગી ગયું. એના બદલામાં એક ટંકના ભોજનની કિંમત આપવાનું એ બ્રાહ્મણે એને કહ્યું, ત્યારે રાજકુમારે ઉત્તર વાળ્યો: 'અત્યારે હું ભોજનની કિંમત આપી શકું તેમ નથી; હું કાશીના રાજાનો પુત્ર છું, માટે જ્યારે હું મારા રાજ્યમાં પાછો જાઉં ત્યારે તમે મારી પાસે આવજો.' આ ઉપરથી જણાય છે કે રાજાના પુત્રો પણ વિદ્યાલયમાં પોતાની પાસે દ્રવ્ય રાખી શકતા નહિ. વળી રાજપુત્ર અપરાધ કરે તો સામાન્ય વિદ્યાર્થીના જેટલો જ તેને દંડ થતો.

વિદ્યાર્થીઓને સાદો ખોરાક આપવામાં આવતો. ચોખાની ઘેંશ નાસ્તામાં અપાતી. ભોજનનાં નિમન્ત્રણોમાં શેલડી, ગૉળ, દહીં અને દૂધ પીરસાતાં. બીજી રીતે પણ વિદ્યાર્થીનું જીવન આકરૂં હતું.

આ અનેકરંગી છાત્રોનાં વિદ્યાલયો ઉપરાંત **તક્ષ**-શિલામાં બ્રાહ્મણ કે ક્ષત્રિયના વિશિષ્ટ વર્ગને માટે પણ વિદ્યાલયો હતાં. કોઇ ગુરુને ત્યાં પાંચસો બ્રાહ્મણ વિદ્યાર્થીઓજ હોય તો કોઇને ત્યાં માત્ર ક્ષત્રિયો જ હોય.

પાંચસો વિદ્યાર્થીઓને એકી સાથે શિક્ષણ આપવું એ એક ગુરુને માટે અવશ્ય ઘણું કઠણ હતું. ઊંચા વર્ગના વિદ્યાર્થીઓ ગુરુને શિક્ષણકાર્યમાં ખાસ સહાયતા આપતા.

કેટલીકવાર વિદ્યાગુરુ પોતે જ 'વડા વિદ્યાર્થી'ને પોતાની ગેરહાજરીમાં પોતાનું કામ સંભાળવાનું કહેતા. તક્ષશિલાના એક વિદ્યાગુરુ એક વાર કાંઇ કામને માટે કાશી ગયા અને વડા વિદ્યાર્થીને કહેતા ગયા, 'પુત્ર! હું બહાર ગામ જાઉં છું; મારી ગેરહાજરીમાં આ શિષ્યોનું શિક્ષણ તારે સંભાળવાનું છે.' આ પ્રમાણે આ મોટા વિદ્યાર્થીઓ અધ્યાપકના કાર્ય માટે તુરત જ લાયક બનતા.

હંમેશાં વિદ્યાલયોમાં રાત્રે અને દિવસે જુદે જુદે સમયે ઘણા વર્ગો લેવાતા. વિદ્યાર્થીઓને અનુકૂળ આવે એવા સમયો ગોઠવી અધ્યાપન થતું. ગરીબ વિદ્યાર્થીઓ જેઓ દિવસે પરિચર્યામાં રોકાતા તેઓ ગુરુઓ પાસે રાત્રે ભણતા. રાજકુમાર જુંહ અધ્યાપક પાસેથી શિક્ષણ લઈ મોડી રાત્રે અંધારામાં પોતાના ઘરે પાછો ફર્યો હતો. જે જે વિદ્યાર્થીઓ ફી આપીને ભણતા તેમને જયેષ્ઠ પુત્ર સમાન ગણવામાં આવતા અને જ્યારે તેઓ ઇચ્છે ત્યારે તેમને શીખવવામાં આવતું.

હવે આપણે તક્ષશિલાના અભ્યાસક્રમ ઉપર આવીએ. એમાં શીખવાતા વિષયોની વિવિધતા આશ્ચર્યચકિત કરે તેવી છે. જાતકોમાં વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તક્ષશિલામાં વેદત્રયી અને અષ્ટાદશ કલામાં કેળવણી પરિપૂર્ણ કરવાને વિદ્યાર્થીઓ આવતા. કેટલીકવાર વેદ અથવા કલા એ બેમાંથી એક વિદ્યાર્થીઓ પસંદ કરતા.

જાતકના સમયમાં અથર્વવેદનો સામાન્ય કેળવણીમાં સમાવેશ કરવામાં આવતો નહિ. વેદ કંઠે કરવા પડતા.

તક્ષશિલાના ગુરુઓના મુખેથી પાંચસો વિદ્યાર્થીઓ વેદાધ્યયન કરતા. તક્ષશિલાના કેટલાક વિદ્યાલયોમાં હસ્તિશિક્ષા, મૃગયા, ધનુર્વિદ્યા, આયુર્વેદ વગેરે શીખવવામાં આવતાં. શિલ્પકળા, ચિત્રકળા, મૂર્તિઓની બનાવટ અને હાથના કસબને માટે ત્યાં શાળાઓ હતી. આમાંથી એક વિદ્યામાં ઘણા વિદ્યાર્થીઓ નિષ્ણાત થતા.

પ્રત્યેક વિષયનું શાસ્ત્રીય તેમજ વ્યવહારોપયોગી જ્ઞાન આપવામાં આવતું. ગુરુની દેખરેખ નીચે આયુર્વેદનો અભ્યાસ કરાવવામાં આવતો. તક્ષશિલામાં વનસ્પતિનું જ્ઞાન સંપાદન કરવા માટે પ્રત્યેક છોડના ગુણો વૈદ્યક દૃષ્ટિથી તપાસવા પડતા. બીજા વિષયોમાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી વ્યાવહારિક જ્ઞાન મેળવવાને વિદ્યાર્થીઓ પ્રવાસ કરતા. એક બ્રાહ્મણ વિદ્યાર્થીએ તક્ષશિલામાં ધનુર્વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી પોતાની કલાના વ્યવહારુ ઉપયોગને માટે છેક આન્ધ્ર દેશ સુધી પ્રવાસ કર્યો. મગધનો રાજપુત્ર, તક્ષશિલામાં બધી કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરીને વ્યાવહારિક જ્ઞાનાર્થે ગામે ગામ ફર્યો. કેટલાક તો સ્થાનિક રીતરીવાજો સમજવાના હેતુથી પ્રવાસ કરતા. શિક્ષણ પૂરું કરીને વ્યાપારીના બે પુત્રો અને એક દરજીનો પુત્ર ગામડાંના રીતરીવાજ જાણવાને માટે પ્રવાસે ગયા. કોસલનો રાજકુમાર વેદ અને કલાઓનું સાંગોપાંગ અધ્યયન કર્યા પછી વ્યવહારોપયોગી જ્ઞાન મેળવવાને દેશ પરદેશ વિચર્યો. પાંડુરાજાના પાંચ પુત્રો—અર્જુન, નકુલ, ભીમસેન, યુધિષ્ઠિર અને સહદેવ (જાતક પ્રમાણે ક્રમ) તક્ષશિલાના પ્રસિદ્ધ

શિક્ષાગુરુઓ પાસેથી સકલ કલામાં પારંગત થઇ દેશના રીતરીવાજનું યથાર્થ જ્ઞાન મેળવવાને અર્થે ફરતાં ફરતાં કાશીએ ગયા અને ત્યાં સ્વયંવરમાં વધૂને વર્યા.

આ પ્રમાણે આ સમયની કેળવણીનું અગત્યનું સ્વરૂપ એ હતું કે સ્નાતક અથવા નિષ્ણાત થયા પછી જુદા જુદા દેશના રીત રીવાજ, મનુષ્ય સ્વભાવ ઇત્યાદિ પારખવાને વિદ્યાર્થી પ્રવાસે જતો. આથી એની દૃષ્ટિ વિશાળ બનતી અને જીવન માટે એ બહુ સારી રીતે તૈયાર થતો. તક્ષ-શિલામાં આયુર્વેદની ઉત્તમોત્તમ કોલેજ હતી. પ્રસિદ્ધ રાજવૈદ્ય જીવક[1] ત્યાંના વિદ્યાર્થી હતા. એમનો જન્મ રાજગૃહમાં થયો હતો. વૈદ્યક અને ચોસઠ કળાઓ શીખવાની ઇચ્છાથી તેઓ તક્ષશિલા ગયા. વૈદ્યકના પ્રસિદ્ધ આચાર્ય **આત્રેય** ઋષિએ જીવકને પૂછ્યું, 'ભણતરના બદલામાં શું દક્ષિણા આપીશ?' જીવકે ઉત્તર આપ્યો: "પૂજ્ય મહાશય! અધ્યયન અર્થે મગધથી ચાલીને હું આપની પાસે આવ્યો છું. ઘર છોડતાં મારા માબાપ કે સંબન્ધીઓને પણ મેં અત્રે આવવા વિષે પૂછ્યું નથી. એટલે ધનમાં આપને બદલો નહિ આપી શકું. બાકી હું વિદ્યાભ્યાસ પૂરો કરીશ એટલે મારી જાત આપની સેવા અર્થે અર્પણ કરીશ."

આ ઉત્તરથી પ્રસન્ન થઇને **આત્રેય** ઋષિએ જીવકને

---

૧ જીવક વિષેની આ હકીકત માટે જુઓ:—

Journal of the Buddhist Text Society of India Vol VII માં 'University in Ancient India' નામનો લેખ.

કૉલેજમાં દાખલ કર્યો. એણે સાત વર્ષ પર્યંત ત્યાં અભ્યાસ કર્યો. છેલ્લી પરીક્ષામાં તક્ષશિલાની આસપાસ પંદર માઈલના ઘેરાવામાં જે જે છોડો, લતાઓ, ઘાસ, મૂળ ઈત્યાદિ ઉગ્યાં હતાં તે સર્વના વૈદ્યકીય ઉપયોગો વર્ણવવાનું પૂછાયું. ચાર દિવસના પ્રયોગનું પરિણામ આપતાં જીવકે કહ્યું કે એવો એક પણ છોડ નથી કે જે વૈદ્યકની દૃષ્ટિએ ગુણવાળો ન હોય. તક્ષશિલામાં જીવકે શસ્ત્રક્રિયા અને ઔષધશાસ્ત્રમાં નિપુણતા પ્રાપ્ત કરી ઉજ્જયિનીના પ્રદ્યોત અને મગધના બિંબિસારને એણે સાજા કર્યા. બિંબિસારે એને રાજવૈદ્ય નીમ્યો. બદ્ધકોશથી પીડાતા ભગવાન બુદ્ધને ઔષધ આપી એણે સાજા કર્યા. ભગવાન બુદ્ધે ઔષધ સ્વીકારવા કૃપા કરી એટલે પ્રદ્યોત પાસેથી મળેલાં બે ભવ્ય વસ્ત્રની એણે ભગવાનને ભેટ ધરી અને ભગવાને એ સ્વીકારી.[૧]

તક્ષશિલામાં ધર્મશાસ્ત્રનું પણ સરસ જ્ઞાન અપાતું. તક્ષશિલાની 'લશ્કરી શાળાઓ' કાંઈ ઓછી પ્રસિદ્ધ નહોતી. એવી એક શાળા તો હિન્દના એકસો ત્રણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યાનું વાસ્તવિક અભિમાન લેતી.

મધ્યકાલીન હિંદમાં જે ઉચ્ચપદ નાલન્દાનું હતું. તેવું જ ઉન્નત સ્થાન પ્રાચીન હિન્દમાં તક્ષશિલાનું હતું. એ મહાન વિદ્યાપીઠનો નાશ અત્યંત સ્વચ્છંદી અને નિર્દય રીતે કરવામાં આવ્યો. ઇ. સ. ૪૫૦ થી ૫૦૦ સુધીમાં જંગલી હૂણ લોકોએ તક્ષશિલાના વિદ્યાપીઠનો વિનાશ કર્યો.

પરંતુ તક્ષશિલાની કીર્તિ કદાપિ કરમાશે નહિ. આ જ સપ્તસિન્ધુના પ્રદેશમાં આપણા પ્રાચીન આર્યપૂર્વજોએ વેદની

---

૧ એચ. કર્નના Manual of Buddhism p. 30.

પવિત્ર ઋચાઓનું ગાન કર્યું, આ જ પ્રદેશમાં ઈરાનિયન, ગ્રીક અને ભારતવાસીઓ મળ્યા અને એક બીજામાં ઓત-પ્રોત થયા. આ જ પ્રદેશમાં બૌદ્ધ ધર્મે નવું અને અધિક ઉદાર સ્વરૂપ ધારણ કર્યું અને બ્રાહ્મણ ધર્મ સાથે મેળ સાધ્યો. આ જ પ્રદેશમાં હિન્દુ સંસ્કૃતિએ અનેક શતકોમાં સુવિખ્યાત એવું વિદ્યાનું કેન્દ્ર વિકસાવ્યું કે જેમાં તત્વજ્ઞાન અને કર્મ-કાંડથી માંડીને શિલ્પવિદ્યા અને હુન્નરકળા સુધી માનવ વિ-દ્યાની પ્રત્યેક શાખાની ખીલવણી થઇ. ધીમે ધીમે તક્ષશિલા સમસ્ત એશિઆનું વિદ્યાપીઠ બન્યું જ્યાં એશિઆના વિવિધ ભાગોમાંથી થોકબંધ વિદ્યાર્થીઓ આવતા ગયા. અશોક, અને કનિષ્કના આશ્રયને લીધે આ વિદ્યાપીઠમાંથી ભગવાન બુધ્ધનો શાન્તિપાઠ જગતમાં ફેલાવવાને અનેક સાધુઓ નીકળી પડતા. એશિયા અને હિન્દને જોડનાર ધોરીમાર્ગ પર એની સ્થિતિ હોવાથી જે સાંસ્કારિક અસર એણે ઉપ-જાવી હશે તેની આજ કલ્પના કરવી મુશ્કેલ છે. પરંતુ ઔષધવિદ્યાના સુપ્રસિધ્ધ સ્થાન તરીકે એની અદ્યાપિ પર્યંત કીર્તિ અમૃતાક્ષરે કોતરાએલી છે. આ જ સ્થાનમાંથી વિદ્યા પ્રાપ્ત કરીને મનુષ્ય અને પ્રાણીઓના કલ્યાણ અર્થે અનેક બૌધ્ધ સાધુઓએ એશિયાના વિવિધ ભાગોમાં જઇ ઔષધા-લયો સ્થાપ્યા. જે વિદ્યાસ્થાને એક મહાન વ્યાકરણ શાસ્ત્રી, સમર્થ ઔષધ વૈદ્ય, શ્રેષ્ઠ રાજ્ય નીતિજ્ઞ અને ઉત્તમ રાજર્ષિ ઉત્પન્ન કર્યા તે સ્થાન ભારતવર્ષનું 'બૌદ્ધિક પાટનગર' હોવાનો વાસ્તવિક દાવો કરી શકે છે.

કાશી વિદ્યાપીઠ

જેમ તક્ષશિલા ભારતવર્ષનું બૌદ્ધિક પાટનગર હતું તેમ કાશી એનું આધ્યાત્મિક કેન્દ્ર હતું અને યુગોપર્યંત યશસ્વી ધર્માચાર્યોનું પ્રસિદ્ધ ધામ હતું. સંહિતાયુગમાં ભારતીય સંસ્કૃતિનો જે પ્રવાહ પંજાબમાં સપ્તસિંધુના પ્રદેશમાં પૂર જોશમાં વહેતો હતો તે ઉપનિષદયુગમાં ગંગાના કાંઠે કાંઠે પૂર્વની દૂરતમ સીમા પર્યંત વહેવા લાગ્યો. ઉપનિષદમાં નિર્દિષ્ટ થયેલા સુપ્રસિદ્ધ લોકો કુરુ, પાંચાલ, કોસલ, કાશી, અને વિદેહ હતા. વિદેહ અને કાશીના રાજવીઓના વિદ્વદ્સમાજોમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા અર્થે સંખ્યાબંધ મહાવિદ્વાનો એકત્રિત થતા. ઉપનિષદમાં મહાન ક્ષત્રિય વિદ્યાગુરુ કાશીરાજ અજાતશત્રુનો ઉલ્લેખ છે. આ મહાજ્ઞાની રાજવીએ ગાર્ગ્યબાલાકિ નામના એક બ્રાહ્મણને ઉપનિષદનું રહસ્ય પ્રાપ્ત કરાવ્યું. પરંતુ કાશીનું નામ જે પ્રથમ લોકને લગાડવામાં આવતું હતું તે ધીમે ધીમે નગરને લાગુ પાડવામાં આવ્યું. જતે દહાડે કાશીમાં અજાતશત્રુ કરતાંયે વધારે મહાન આચાર્ય ગૌતમબુદ્ધ પ્રકટ થયા. જ્યારથી આ મહાન ગુરુએ ધર્મચક્રપ્રવર્તન આરંભ્યું ત્યાર પછી અનેક ધર્મસુધારકો અને સંતપુરુષો આ પવિત્ર નગરમાં આવતા ગયા અને પોતપોતાના જીવનમાં અનુભૂત સત્યનો ઉપદેશ આપતા ગયા. કાશીના 'મૃગદાવ'નમાં બુદ્ધભગવાને પાંચ બ્રાહ્મણો સમક્ષ પ્રથમ ઉપદેશ સંભળાવ્યો. આ બ્રાહ્મણો એમના આરંભકાળના સહકારીઓ હતા અને નિરાશ બનીને બુદ્ધને ત્યજી કાશીમાં

વસ્યા હતા. બુદ્ધ ભગવાને બે અંત્ય પરિહરવાનો અને મધ્યમ માર્ગ ગ્રહણ કરવાનો શ્રોતાઓને ઉપદેશ આપ્યો.

ઉપદેશને અંતે પાંચ બ્રાહ્મણો એમના સહુથી પહેલા શિષ્યો બન્યા. આ જ નગરમાંથી બુદ્ધ ભગવાને માનવજાતિના ઉદ્ધાર અર્થે પોતાના તેજસ્વી સિદ્ધાંતના પ્રચાર માટે હિંદના વિવિધ ભાગોમાં ભિખ્ખુઓને મોકલ્યા. આ જ નગરમાં મહાન શંકરાચાર્યે આધ્યાત્મિક પ્રચાર કાર્યાર્થે પ્રવેશ કર્યો અને જ્ઞાનચર્ચામાં ત્યાંના સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો પરાજય કર્યો. કાશીમાં વિજય પ્રાપ્ત કરીને આ મહાન આચાર્ય હિંદના જુદા જુદા ભાગોમાં ગયા અને આધ્યાત્મિક દિગ્વિજય પરિપૂર્ણ કર્યો. મધ્યકાલીન યુગના પ્રસિદ્ધ સંત રામાનંદે કાશીમાં મઠ સ્થાપ્યો અને પ્રાણીમાત્રની એકતાનો સંદેશ સુણાવ્યો. આ આચાર્યના યશસ્વી શિષ્ય કબીર પણ કાશીમાંજ વસ્યા અને આ પવિત્ર નગરમાં એમણે ઉપદેશામૃત આપ્યું. મહાન વૈષ્ણવ આચાર્ય ચૈતન્ય મહાપ્રભુ કેટલાંક વર્ષ પર્યંત આ નગરમાં રહ્યા અને પોતે પ્રેમધર્મ પ્રવર્તાવ્યો. આવાજ એક બીજા સુપ્રસિદ્ધ આચાર્ય વલ્લભાચાર્યે પણ જ્ઞાની તરીકેની કીર્તિ આ જ નગરમાં પ્રાપ્ત કરી. આ જ નગરમાં તુલસીદાસે 'રામચરિત માનસ' ગાયું. આવો આ સનાતન નગરીનો મહાન વારસો છે.

તક્ષશિલાથી ઉતરતા વિદ્યાના અગત્યના કેન્દ્ર તરીકે કાશીનો જાતકોમાં[1] વારંવાર ઉલ્લેખ થયેલો છે. કાશીમાં પાંચસો વિદ્યાર્થીઓને ઉપદેશ આપનાર ' જગપ્રસિદ્ધ '

---

૧ કૉવેલ અને રૂસની જાતકોની આવૃત્તિનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

આચાર્યો હતા. જાતક (નં. ૩૦૫) માં એક એવો ઉલ્લેખ છે કે 'પાંચસો વિદ્યાર્થીઓને શિખવનાર કાશીના જગપ્રસિદ્ધ વિદ્યાગુરુ પાસે બોધિસત્ત્વે વિદ્યાભ્યાસ કર્યો.' તક્ષશિલામાં શિક્ષણ સમાપ્ત કરીને સંખ્યાબંધ સ્નાતકો કાશીમાં વિદ્યાગુરુ તરીકે જીવનનો આરંભ કરતા. એક બીજા જાતક (નં. ૧૩૦) માંથી એવી હકીકત મળી આવે છે કે તક્ષશિલામાં વિદ્યાભ્યાસ પૂરો કરીને બોધિસત્ત્વ 'કાશીમાં વિદ્યાગુરુ થયા. એમની પાસે યુવાન ક્ષત્રિયો અને બ્રાહ્મણ વિદ્યાર્થીઓનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં.' એક જાતકમાં વળી એવો ઉલ્લેખ છે કે તક્ષશિલામાં જાદુ શીખીને એક વિદ્યાગુરુએ કાશીના વિદ્યાલયમાં અનેક બ્રાહ્મણ અને ક્ષત્રિય યુવાનોને એ વિદ્યા શીખવી. આગળ ચાલતાં એ જાતકમાં કહેલું છે કે 'આ યુવાનોમાં એક એવો બ્રાહ્મણ યુવક હતો કે જેને ત્રણે વેદ કંઠે હતા. એ કર્મકાંડનો આચાર્ય થયો અને એક પણ ભૂલ વગર વેદત્રયીની અખિલ પારાયણ કરી શકતો.' કાશીની સંગીત શાળાઓ એ સ્થાનની વિશિષ્ટતા હતી. જાતકના ઉલ્લેખ પ્રમાણે અખિલ ભારતવર્ષમાં સર્વોત્તમ શાળામાં બોધિસત્ત્વે સંગીતની સકલ શાખાઓનું જ્ઞાન મેળ-વ્યું હતું. તક્ષશિલાના સ્નાતકોની પેઠે ઘણા કાશીના સ્નાતકો ગૃહસ્થ જીવનનો આરંભ કરતા નહોતા. એમનામાંથી મોટો ભાગ નિવૃત્તિપરાયણ જીવન ગાળવા માટે હિમાલય જતો. ત્યાં તેઓ આશ્રમો સ્થાપતા અને આધ્યાત્મિક શક્તિનો વિકાસ કરતા. પ્રત્યેક વિદ્યાગુરુની આસપાસ પાંચસો વિદ્યા-ર્થીઓ એકઠા થતા અને સકલ વિદ્યા અને કલામાં પારંગત બની આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરતા.

જાતકોમાં અનેક ઉલ્લેખો મળી આવે છે કે જગપ્રસિદ્ધ વિદ્યાગુરુઓ તક્ષશીલા અને કાશીના વિદ્યાપીઠોમાં સકલ વિદ્યા (સબ્બસિપ્પાનિ) શીખવતા. તક્ષશિલામાં ઔષધવિદ્યાના મહાન આચાર્ય **આત્રેય** હતા જ્યારે કાશીમાં શસ્ત્રવિદ્યાના મહાન આચાર્ય સુશ્રુત[1] થઈ ગયા. મધ્યયુગમાં અનેક મુસલમાનો હિંદની મુલાકાતે આવ્યા. ઇ. સ. ના આઠમા અને નવમા સૈકામાં આરબ લોકોએ કાશીમાં આવી ત્યાંના વિદ્યાલયોમાં વિવિધ વિદ્યા અને કલા પ્રાપ્ત કરી યુરોપમાં એ જ્ઞાનનો પ્રચાર કર્યો. કાશીમાં જ જયસિંહે **માનમંદિર** નામની અવલોકનશાળા સ્થાપી. ફ્રેંચ મુસાફર બર્નિયર 'Travels in the Mogal Empire' માં ઈ. સ. ૧૬૬૭ માં કાશીમાં પ્રવર્તમાન કેળવણીની પદ્ધતિનો નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે:–

'બીજાં વિદ્યાપીઠોમાં હોય છે તેમ આ નગરમાં પાઠશાળાઓ અથવા નિયમિત વર્ગો નથી પરંતુ પ્રાચીન વિદ્વાનોની શાળાઓને મળતી વિદ્યાસંસ્થાઓ છે, જ્યાં શહેરના વિવિધ ભાગોમાં–ખાનગી ઘરોમાં અને ખાસ કરીને ધનિકોએ અર્પણ કરેલાં ઉદ્યાનોમાં વિદ્યાગુરુઓ જ્ઞાનપ્રચારનું કામ કરે છે. આ વિદ્યાગુરુઓમાંના કેટલાકને ચાર વિદ્યાર્થીઓ હોય છે જ્યારે કેટલાકને છ અથવા સાત હોય છે, અને સહુથી પ્રસિદ્ધ આચાર્યને ત્યાં બાર અથવા પંદર સુધી હોય છે. પોતપોતાના ગુરુઓને ત્યાં દશ અથવા બાર વર્ષ સુધી વિદ્યાર્થીઓને સામાન્ય રીતે રહેવું પડે છે અને આ સમય દરમિયાન તેઓ ધીમે ધીમે વિદ્યાભ્યાસ કરે છે.'

[1] હુર્નલ: Medicine of Ancient India Part. I

ઓગણીસમા શતકના આરંભમાં વિલિયમ વૉર્ડની ગણતરી પ્રમાણે કાશીમાં ૮૩ મઠ હતા અને ૧૩૭૧ વિદ્યાર્થીઓ હતા. પ્રત્યેક શિક્ષક દીઠ વિદ્યાર્થીની સંખ્યા ૧૬ થી ૧૭ હતી. આમાંની કેટલીક શાળાઓમાં વેદનું અધ્યયન થતું. કેટલીકમાં માત્ર વ્યાકરણ શીખવાતું. કેટલીકમાં કવિતા, કેટલીકમાં વેદાંત, કેટલીકમાં ન્યાય અને ધર્મશાસ્ત્ર અને કેટલીકમાં ખગોળ-વિદ્યા શીખવાતાં.

બનારસ હિંદુ યુનિવર્સિટીની પ્રતિષ્ઠાપના વખતે સર પી. સી. રૉયે ઉચ્ચારેલા સુભાષિત શબ્દો વડે કાશીના બૌદ્ધિક જીવનની આ ટૂંકી સમાલોચના આપણે સમાપ્ત કરીએ[1]:—

બનારસ અથવા વારાણસી અથવા કાશી જે તેજસ્વી ભૂતકાળ સાથે જોડાયેલું છે તે અતિપ્રાચીનકાળથી એક મહાન સંસ્કૃતિનું પ્રભવસ્થાન છે. જ્યારે રોમ અને એથેન્સ ભાગ્યેજ અસ્તિત્વમાં આવ્યાં હતાં. ત્યારે ભારતીય વિચાર અને અવતાર સમા આ નગરે એક મહાન સાહિત્ય વિકસાવ્યું હતું અને આજસુધી અદ્વિતીય રહેલા તત્ત્વજ્ઞાનનો પ્રચાર કર્યો હતો. હિંદુઓમાં એક એવી માન્યતા છે કે ધરતીકંપ આ પવિત્ર નગરનો નાશ કરી શકે નહિ. કોઇ ભૂસ્તરશાસ્ત્રી અથવા ભૂકમ્પ શાસ્ત્રી આ માન્યતા પાયાવાળી છે કે નહિ તે ભલે શોધી કાઢે. અલંકારની ભાષામાં તો એ અર્થ સૂચક છે. એક રાજવંશ પછી બીજો રાજવંશ આવ્યો છે; એક રાજક્રાન્તિ પછી બીજી

[1] પી. સી. રૉય: A Message from a Student of Science.

રાજક્રાન્તિ થઇ છે; હિંદની દૂર અને નજીકમાંથી બળવાન પરદેશી વિજેતાઓ આવ્યા છે અને ગયા છે; પરંતુ કાશીએ આ ઉથલપાથલો પ્રત્યે બિલકુલ દુર્લક્ષ કર્યું છે. આ નગર નિશ્ચિતપણે દઢતાથી અચળ ઉભું છે. હજારો વર્ષ પૂર્વે જેમ જીવન સહેલાઇથી વહેતું હતું તેમ આજ પણ વહે છે. તથાપિ હિંદુ પ્રજાની પ્રાણપ્રતિષ્ઠાનું અને પૂર્વની અચલ પ્રતિષ્ઠાનું આ સનાતન નગર જીવંત સ્મરણચિહ્ન છે. રાજકીય વિક્ષેપો અને પરિવર્તોની એના ઉપર ભાગ્યેજ કાંઈ અસર થઈ શકી છે.

નાલન્દા મહાવિહાર

ભારતવર્ષમાં ધન અને અધિકાર કરતાં વિદ્યાને હંમેશાં ઉચ્ચતર સ્થાન આપવામાં આવ્યું છે. હિન્દુ સમાજમાં વિદ્યાદાન એ સર્વોત્તમ દાન મનાય છે અને જ્ઞાનપ્રચારક સાધુઓ અને વિદ્યાર્થીઓને ભિક્ષા આપવી એ પુણ્યકાર્ય લેખાય છે. વિદ્યા પ્રતિ આ પુરસ્કારને લીધેજ ભારતની જનતાને દેશના એક છેડાથી બીજા છેડા સુધી યુગે યુગે જ્ઞાન મળી શક્યું છે. સરસ્વતીની સેવામાં જીવન સમર્પણ કરનાર વિદ્યાગુરુઓને ગુજરાનની ચિન્તામાંથી સમાજે મુક્ત કર્યા હતા. તેમની અંગત જરૂરીયાતો પણ અલ્પ હતી. સમાજમાં જ્ઞાનપ્રચારનું કાર્ય કરવામાં તેઓ એવા તો તલ્લીન રહેતા કે વૈભવની તેમને લેશપણ દરકાર રહેતી નહિ. વળી રાજાઓ અને શ્રીમન્તો પોતાના જીવનનો કીર્તિકલશ વિદ્યાવૃદ્ધિનાં કાર્યોમાં માનતા હતા અને વિદ્યાની અભિવૃદ્ધિને અર્થે ધન અને ભૂમિનું ઉલ્લાસથી દાન કરતા. આવી કાયમની આવકમાંથી અનેક વિદ્યાલયો વ્યવસ્થિત રીતે ચાલતાં. આવા ઉદાર, શાન્ત, સ્વસ્થ અને સાત્ત્વિક વાતાવરણમાં જ **તક્ષશિલા**, **નાલન્દા**, **વિક્રમશીલા**, **ઉદન્તપુરી**, અને **નદીઆ**નાં મહાન વિદ્યાપીઠો અસ્તિત્વમાં આવ્યાં અને સરસ્વતીનાં શ્રેષ્ઠ મંદિરો બન્યાં.

આર્યજનસંસ્કૃતિનો પ્રવાહ જે ગંગાની વાયવ્યમાં કેટલોક સમય વહ્યા કરતો હતો તે હવે ગંગાના અગ્નિ-

કોણમાં વહેવા લાગ્યો. તક્ષશિલાના વિનાશ પછી સંસ્કારિતાનું મહાન કેન્દ્ર નાલન્દા બન્યું. એકવાર અપવિત્ર, અધન્ય અને સંસ્કારશૂન્ય ગણાતી મગધની ભૂમિ કાળે કરીને બુદ્ધ અને મહાવીરને જન્મ આપી પુનિત અને ધન્ય બની અને ધર્મ, વિદ્યા અને સંસ્કારિતાની મહાન જનની થઇ.

હિંદુસ્થાન ઉપર આક્રમણ કરનાર મુસલમાનોની આગ અને તલવારથી નાલન્દાના વન્દનીય વિદ્યાપીઠનો વિનાશ થયા સાતસો વર્ષ વીત્યાં તોપણ પ્રાચીન ઇતિહાસ સંશોધકોના પરિશ્રમથી 'હજારો ન્હાનાં ન્હાનાં હળો નીચે દીર્ઘકાળથી ભૂમિમાં દટાએલા એના ભવ્ય શિલાખંડો[1] હમણાં જ બહાર કાઢવામાં આવ્યા છે. નાલન્દાના ખોદાણકામથી વિશાળ બાંધકામનાં થરના થર પ્રકાશમાં આવ્યાં છે. ગુપ્ત અને પાલવંશ વચ્ચેના શિલ્પકામની લાંબા સમયથી ત્રુટતી કડીઓ મળી આવી છે.[2]મુસલમાન સંસ્કૃતિના આગમન પહેલાં પણ હિન્દુસ્થાનમાં આવું પરિપૂર્ણ શિલ્પકામ અને બાંધકામ થતું એ પુરાતન ઇતિહાસ સંશોધનની અદ્દભુત શોધ છે.

---

૧ Saunders : Epochs of Buddhism.

૨ Ashutosh Mookejee, Historical Research in Behar and Orissa. J B. O. R. S 1924.

ચાર માળનો બાલાદિત્યવિહાર જ્યાં હ્યુએનસંગે આચાર્ય શીલભદ્રના અન્તેવાસી થઇને સાંગોપાંગ શાસ્ત્રાભ્યાસ કર્યો હતો તે આજ પણ ઉભો છે. સ્તુપોમાં અને બોધિસત્ત્વો અને તન્ત્રનાં દેવ દેવીઓની મૂર્તિઓમાં પ્રકટ થતી મનોહરતા અને અદ્દભુત કારીગરી હવે પ્રકાશમાં આવ્યાં છે.

આઠસો વર્ષ પર્યંત આ વિદ્યાપીઠે હિન્દુસ્થાનનો અને એશિયાના ઘણા દેશોનો માનસિક વિકાસ સાધ્યો છે. નાલન્દાનો વિગતવાર ઇતિહાસ એટલે બૌદ્ધ મહાયાનના વિકાસથી ઈ. સ. ૧૨૦૩ માં મુસલમાન આક્રમણથી એના વિનાશ પર્યંત બૌદ્ધ ધર્મનો ઇતિહાસ.

નાલન્દાનો જન્મકાળ એટલે હિન્દના સાહિત્યની વસન્તનો સમય. એની જાહોજલાલીનો સમય એટલે ગુપ્ત સામ્રાજ્યનો દેદીપ્યમાન સમય; યશોવર્મા અને હર્ષવર્ધનનાં રાજકીય પરાક્રમનો સમય; હિન્દની સીમા અને સંસ્કારિતાના વિસ્તારનો સમય. આચાર્ય ધ્રુવ કહે છે તેમ "બ્રાહ્મણ અને બુદ્ધના સમત્વનો એ સમય; પુરાણ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રોના પુનરુજ્જીવન અને પુનર્ઘટનાનો એ સમય; બૌદ્ધ મહાયાનના વિકાસનો એ સમય; કાવ્ય, કોષ, જ્યોતિષ આદિ શાસ્ત્રોમાં કાલિદાસાદિ નવ રત્નોના ઝગઝગાટનો એ સમય; ભામહાદિ આલંકારિકોનો એ સમય; વસુબન્ધુ દિઙ્નાગ વગેરે ન્યાયશાસ્ત્રાચાર્યોનો એ સમય; દર્શન સૂત્રોના અન્તિમ ગ્રન્થનનો એ સમય; દેવાર્ધગણિ સિદ્ધસેન દિવાકર આદિ જૈન શાસ્ત્રોના ઉદ્ધારક અને પ્રવર્તકનો એ સમય."[1]

સાહિત્યના ઉત્થાનનો આવો તેજસ્વી યુગ ઘડવામાં નાલન્દા વિદ્યાપીઠનો અમૂલ્ય ફાળો છે.

હવે આજથી તેરસો વર્ષ પૂર્વે કલ્પનાના બળે ઉભા રહીએ અને માનસિક ચિત્રપટના વિસ્તારમાં એક ઝડપથી દોડતું ચિત્ર નિહાળીએ. ગોબીના રણમાં પાંસળીઓ વિદા-

---

૧ નવમી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ સ્થાનેથી કરેલા ભાષણમાંથી.

રતો સુસવાટાબંધ વાતો પવન જોરથી ફુંકી રહ્યો છે. તોપણ લાલ અશ્વપર બેઠેલો પેલો યુવાન અસવાર તો પશ્ચિમ તરફ અશ્વ દોડાવ્યે જાય છે. એના પ્રવાસનો પાર જ આવતો નથી. એ થાકીને લોથપોથ થઈ ગયો છે. એની અખૂટ ધીરજ પણ ખૂટી જવા આવી છે. મહા મહેનતે આગળ ધપતો આ શ્રાન્ત પ્રવાસી એકાએક દૂર દૂરની ક્ષિતિજ પર બરફથી છવાએલાં દેદીપ્યમાન ગિરિશૃંગો દેખે છે. એના હર્ષનો પાર રહેતો નથી. એનો થાક ઉતરી જાય છે. પવિત્ર હિમાલય એને આવાહન આપતો લાગે છે. કીડીના વેગથી એ પેલા શિખરો પર ચઢી રહ્યો છે. એનો ઉત્સાહ ભરપૂર ઉભરાય છે. આખરે એ ઉન્નત ગિરિશિખરો પર પોતાનો વિજય ધ્વજ ફરકાવે છે. મહાપ્રવાસી હ્યુએનસંગ હિન્દની ભૂમિમાં પગ મૂકે છે. એનું હૈયું ગન્તવ્ય સ્થાન સમીપ જણાયાથી આનંદથી ફૂલાઈ રહ્યું છે. એ આગળ ચાલ્યો જાય છે. ટાઢ અને તડકામાં રખડતો અનેક નગર, નગરીઓ, નદીઓ, અરણ્યો અને પહાડોને ઓળંગતો આ પરિવ્રાજક દૂરથી નાલન્દાનાં રમ્ય અને મધુર ઉપવનો જુવે છે અને આનંદમહાસાગરમાં લીન બને છે.

આ પ્રવાસીને નાલન્દાનું મહાન વિદ્યાપીઠ નિહાળીને કેટલો આનંદ અને કેવી શાન્તિ થયાં હશે ! આ મહાવિહારની ગંભીરતા, પ્રસન્નતા અને ભવ્યતાનો અનુભવ કરીને હ્યુએનસંગ ઉત્સાહથી ઉચ્ચારે છેઃ—

“ આ ભભકાબંધ બુરજો અને સુશોભિત મિનારાઓ અણીદાર ગિરિશૃંગો જેવા દેખાય છે. પ્રભાતની ઝાકળમાં અવલોકન શાળાઓ અને ઉપલા માળો વાદળાંથી યે ઊંચા લાગે છે. બારીઓમાંથી

પવન અને વાદળાંના પ્રતિક્ષણ બદલાતાં સ્વરૂપો પણ જોઇ શકાય છે. ઉંચી અટારીઓમાંથી નીચે નજર કરતાં નિર્મળ સરોવરો પરનાં નીલ કમળ અને ઘેરા લાલ રંગનાં કનક પુષ્પો અત્યંત મનોહર દેખાય છે. વચ્ચે વચ્ચે આવેલા આમ્રકુંજો સર્વત્ર છાયા વિસ્તારે છે. લાલ રંગના સ્તંભો રક્તમણિ સમાન લાગે છે. છાપરાંનાં નળિયાં પર પડતો પ્રકાશ સહસ્રધા પ્રતિબિમ્બિત થઇ અનુપમ સૌન્દર્ય બહલાવે છે. વિહારનાં ચૈત્યોમાંથી નીકળતા ધૂપની સુવાસથી સમગ્ર વિહાર સાચેજ મઘમઘી રહેતો હશે. ”

હ્યુએનસંગ જેવા અનેક પરદેશી પરિવ્રાજકો અવિશ્રાન્ત પરિશ્રમ વેઠીને ધર્મજિજ્ઞાસા સંતોષવાને અર્થે આ મહાવિહારમાં આવતા અને ભવ્ય સત્કાર પામતા. **નાલન્દાના** સંચાલકોએ હ્યુએનસંગનું ભવ્ય સ્વાગત કર્યું. આચાર્ય **શીલ**ભદ્રે તો એનો અન્તેવાસી તરીકે સ્વીકાર કર્યો.

મગધના રાજા **અજાતશત્રુ**એ બંધાવેલા **પાટલી**પુત્રની અગ્નિકોણમાં અને એ રાજાના જૂના પાટનગર **રાજ**ગૃહની ઉત્તરે બારાગાંવ નામના એક નાના ગામડા પાસે ગંગાને કાંઠે **નાલન્દા** વિહાર આવેલો હતો.[1] પ્રાચીન હિન્દમાં કુદરતની લીલાની અસર માનસિક વિકાસમાં પરમ ઉપકારક માનવામાં આવતી. હિન્દની કેળવણીના તપોવનકાળ પછી પણ પ્રકૃતિનાં મનોહર દૃશ્યોની વચ્ચે વિદ્યાલયો બાંધવામાં

---

૧ **નાલન્દાના** ખોદકામમાંથી કેટલાક સીક્કાઓ અને સીલ મળી આવ્યાં છે. એ ઉપરથી એમ સ્પષ્ટ રીતે સાબીત થાય છે કે **બારાગાંવ** પાસે જ આ વિહાર હતો. એક સીલ ઉપર તો નીચે પ્રમાણે કોતરેલું છે:

‘ **श्री नालन्दा महाविहारी आर्यभिक्षुसंघस्य.** ’

આવતાં. **નાલન્દા**, **વિક્રમશીલા** અને ઉદન્તપુરીનાં વિદ્યાપીઠો મગધની રાજધાનીથી દૂર ખુલ્લા વાતાવરણમાં આવેલાં હતાં. **નાલન્દા** વિહારની સ્થાપના **આર્યદેવે** કરી હતી. એનું સ્થળ **આર્યદેવના** ગુરુ **નાગાર્જુને** પસંદ કર્યું હતું.

પાંચમા સૈકાના મધ્ય ભાગમાં રાજા **બાલાદિત્યના** સમયમાં એ વિહાર પૂરો થયો તે પૂર્વે ત્રણ રાજાઓએ એનું બાંધ-કામ ઉત્તરોત્તર જારી રાખ્યું હતું. પાંચમા સૈકામાં પ્રસિદ્ધ પ્રવાસી **ફા**-હ્યાન આવ્યો ત્યારે હજુ એ વિદ્યાપીઠનું મકાન નહોતું.[૧]

ટિબેટન ઈતિહાસકાર **તારાનાથ** **અશોકના** સમયમાં નાલન્દાની ઉત્પત્તિનું અનુમાન કરે છે. એના કહેવા પ્રમાણે આજ સ્થળમાં એંશી હજાર અર્હતો સાથે, માનનીય **શારિપુત્રે** નિર્વાણ મેળવ્યું. જતે દહાડે **શારિપુત્રનું** ચૈત્ય માત્ર અવશિષ્ટ રહ્યું. આજ સ્થળમાં સમ્રાટ્ **અશોકે** દેવીને બલિ આપી એક મહાન બૌદ્ધમંદિર ઉભું કર્યું. આ પ્રમાણે **નાલન્દા** વિહારનો આદ્યસ્થાપક **અશોક** છે. પરંતુ **ફા**-હ્યાન (ઇ. સ. ૪૦૫-૪૧૧) આ વિહારનો લેશ પણ ઉલ્લેખ કરતો નથી. તોપણ સ્થળનો મહિમા તો અવશ્ય જૂનો હશે.

હ્યુએનસંગના પ્રમાણ અનુસાર, રાજા **શક્રાદિત્યે** આ સંઘારામ બાંધ્યો. એના પુત્ર **બુદ્ધગુપ્તરાજે** એમાં ઉમેરો કર્યો. એના પુત્ર **તથાગતગુપ્તરાજે** પિતા અને પિતામહે

૧ ઇત્સિંગના ગ્રન્થના વિદ્વાન અનુવાદક ડૉ. તકકુશુના અભિપ્રાય પ્રમાણે બાલાદિત્ય હૂણ રાજા મહિરકુલનો સમકાલીન હતો.

આરંભેલું કાર્ય આગળ વધાર્યું. એ રાજાના પુત્ર બાલાદિત્ય-રાજે અને એના પુત્ર વજ્રે પણ વિહારનું બાંધકામ વિસ્તાર્યું. ત્યાર પછી મધ્યપ્રાન્તના એક રાજાએ દ્વારપંડિતથી સુરક્ષિત એક ફરતો કોટ ચણાવ્યો. ઉત્તરોત્તર અનેક રાજાઓએ એક પછી એક એ કામ જારૂ રાખ્યું. આખરે નાલન્દા વિહાર એક વિસ્મય પમાડે તેવી સુશોભિત ઈમારત બની. રહ્યો.

આ ભવ્ય ઇમારતમાં સુધારો વધારો તો જારૂ રહ્યો. ઇત્સિંગના સમયમાં એની બહુ સમૃદ્ધ સ્થિતિ હતી. ઇ. સ ૭૫૦ માં બૌદ્ધધર્મના પુનરુદ્ધાર નિમિત્તે ટિબેટના રાજાએ આચાર્ય કમલશીલને ટિબેટ પધારવા નાલન્દા દૂતો મોકલ્યા. ત્યારપછી આ વિહારની અવનતિ શરૂ થઈ. પ્રો. સમદ્દાર કહે છે કે વિક્રમશીલાના પ્રતિસ્પર્ધી રાજવિદ્યાલયના ઉદયને લીધે નાલન્દાનો અસ્ત થતો ગયો. વિક્રમશીલા ઉત્તર હિન્દનું સર્વશ્રેષ્ઠ વિદ્યાપીઠ બન્યું. બંને વચ્ચે આન્તર વ્યવહાર હતો. એકજ આચાર્ય બંને સ્થળોએ દ્વારપંડિત હતા. વિક્રમશીલાના આચાર્ય દીપંકરને ટિબેટથી નિમન્ત્રણ આપવા આવનાર ટિબેટન એલચી નૅાગ–ચો માર્ગમાં નાલન્દા ઉતર્યો હતો.

હરપ્રસાદ શાસ્ત્રીના મત પ્રમાણે દશમા–અગિયારમા સૈકામાં પણ નાલન્દા વિક્રમશીલાનું મહાન પ્રતિસ્પર્ધી વિદ્યાપીઠ હતું અને એણે એનું ઉન્નત સ્થાન જાળવી રાખ્યું હતું.[૧] ડૉ. કિલ્હોર્ન કહે છે કે નવમા શતકના મધ્ય ભાગમાં નાલન્દાની કીર્તિનો અસ્ત થયો હતો. આ અસ્તનાં કારણોમાં

---

૧ 'રામચરિત' પૃ. ૧૨.

જતે દહાડે ઈમારતની જીર્ણતા અને વિક્રમશીલાનો ઉદય એ બે આપવામાં આવે છે. વળી કાળે કરીને રાજ્યાશ્રય પણ બંધ થયો. પરિણામે સુપ્રસિદ્ધ સંઘારામ જીર્ણ થયો. મુસલમાનોના પહેલા હુમલા પછી પણ એ ટક્યો પણ બીજાં વિદ્યાપીઠોની સાથે એનો વિનાશ થયો.

નાલન્દા એ માત્ર ભારતવર્ષનુંજ નહિ, પરંતુ સમસ્ત એશિયાનું સુપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતું. ઇસ્વીસનના સાતમા શતકમાં એ સમસ્ત જગત્‌માં મહાન આન્તરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતું. ચીન, ટિબેટ, મધ્ય એશિયા, બોખારા અને કોરીઆમાંથી સાધુઓ અને વિદ્યાર્થીઓ પગે ચાલીને અત્રે આવતા. જ્યાં જ્યાં હિન્દની સંસ્કૃતિએ પ્રવેશ કર્યો ત્યાં ત્યાંથી છાત્રવૃન્દ અત્રે ઉભરાવા લાગ્યો. નાલન્દા વિદ્યાપીઠ તરફથી ચીન અને ટિબેટમાં ધર્મોપદેશકો જતા. ટિબેટન વિદ્યાનું તો એ પરમ ધામ હતું. હિન્દના પંડિતો ટિબેટ અને ચીનની ભાષાઓ શીખતા અને સંસ્કૃતમાંથી અગણિત બૌદ્ધ ગ્રન્થોનો અનુવાદ એ ભાષાઓમાં કરતા. આ અનુવાદો દ્વારા તેઓ ચીન અને ટિબેટમાં બૌદ્ધધર્મના સિદ્ધાન્તોનો પ્રચાર કરતા.

નાલન્દા એ ઊંચા અભ્યાસ માટેનું વિદ્યાપીઠ હતું. પોતાના પ્રાન્તમાં વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ નાલન્દા જતા. નાલન્દાની પ્રતિષ્ઠા એટલી બધી જામી ગઈ હતી કે હિન્દના જે વિદ્યાર્થીઓએ ત્યાં અભ્યાસ કર્યો ન હોય તેમની વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા જનસમુદાયમાં ઓછી અંકાતી. આથી ભારતવર્ષના દૂર દૂરના ભાગોમાંથી સંખ્યા-

બંધ વિદ્યાર્થીઓ ત્યાં અધ્યયન અર્થે આવતા. પ્રસિદ્ધ અધ્યાપકોની કીર્તિને લીધે પણ દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ ત્યાં જવાને લલચાતા.

નાલન્દા વિહારનું શાન્ત અને પવિત્ર વાતાવરણ વિદ્યાનું પોષક હતું. વિહારની આસપાસ એક ઉંચો કોટ ચણેલો હતો. એનું શિલ્પકામ ભવ્ય હતું. એનાં ઉદ્યાનો રમણીય હતાં. એની શોભા અકલ્પ્ય હતી. વિશાળતાની દૃષ્ટિએ સમસ્ત હિન્દમાં એ બેનમૂન હતો. એના અન્તર્ભાગમાં હારબંધ આવેલાં સંખ્યાબંધ મકાનો શિલ્પવિદ્યાની કારીગરીના અદ્ભુત નમૂનાઓ હતા. વિહારમાં અધ્યાપન માટે વિશાળ ઓરડાઓ, મંદિરો, માળ ઉપર માળો, એકાન્ત ચિન્તન માટે યોગ ગુફાઓ, તળાવો, સરોવરો, ઉપવનો અને કુંજો હતાં. એમાં અધ્યાપન અર્થે સો ઓરડાઓ હતા. ભિક્ષુઓ માટે રહેવાના ઓરડાઓની સંખ્યા ત્રણથી ચાર હજાર જેટલી હતી. એક નવમાળના મકાનમાં વિહારનું પુસ્તકાલય હતું જે સમસ્ત હિન્દમાં સર્વોત્તમ ગણાતું.

જે. ટેલ્બૉટઝ વ્હીલરે લખ્યું છે કે:—

'આ જંગી વિહાર એ વિશાળ વિદ્યાપીઠ હતો. એમાં વૃક્ષો, ઉદ્યાનો અને ફુવારાના આનંદભુવનની મધ્યમાં અટારીઓ, ઘુમ્મટો અને છત્રો આવેલાં હતાં. અહિંયાં દશ હજાર બૌદ્ધ સાધુઓ અને વિદ્યાર્થીઓને આવાસ ઉપરાંત પ્રત્યેક જરૂરિયાત પૂરી પાડવામાં આવતી. સર્વે મઠવાસીઓને આવાસ, ભોજન, અધ્યાપન અને પહેરવાનો જામો વિનામૂલ્યે આપવામાં આવતાં. સર્વ ધર્મોના સર્વગ્રન્થોનો તેઓ અભ્યાસ કરતા. આ પ્રમાણે સર્વ વિદ્યાઓ અને વિશેષે કરીને ગણિત અને વૈદકનું પણ તેઓ અધ્યયન કરતા.

મધ્યકાલીન યુગની આ સુપ્રસિદ્ધ વિદ્યાસંસ્થામાં દશ હજાર છાત્રો અધ્યયન કરતા. પરદેશી વિદ્યાર્થીઓ પણ પોતાની શંકાના નિવારણ અર્થે ત્યાં જતા અને પછી પ્રસિદ્ધ થતા. [૧] આમાંના કેટલાક તો છેક મોંગોલિયામાંથી પણ અત્રે આવતા.[૨] છ માળના આ વિહારમાં સર્વ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો. **શુક્રાદિત્ય, બુદ્ધગુપ્ત, તથાગતગુપ્ત, બાલાદિત્ય, વજ્ર,** અને **મધ્ય** એ પૂર્વોક્ત છ એ રાજાઓએ આ મહાવિહારમાં છ માળના છ મકાનોની હારની ભેટ આપી હતી. રાજા હર્ષવર્ધને પણ પીત્તળની બનાવટના એક દશફીટ ઉંચા વિહારની ભેટ આ વિદ્યાપીઠને કરી હતી.[૩]

વિદ્યાર્થીઓને અધ્યાપન, આવાસ, ભોજન, વસ્ત્ર, શય્યા અને ઔષધ મફત પૂરાં પાડવામાં આવતાં. વિહારની મિલ્કતમાંથી ઉત્પન્ન થતી આવક પૂરતી હતી. હ્યુએનસંગ કહે છે કે દેશના રાજાએ મઠના નિભાવ અર્થે એકસો ગામડાંની ઉપજ અર્પણ કરી હતી, પરંતુ આ ઉદારચિત્ત રાજાનો એણે નામનિર્દેશ કર્યો નથી. વિવાદની શાળાઓવાળું આ વિદ્યાલય ઉચ્ચ અભ્યાસને માટે નિયત હતું. શિક્ષણ પદ્ધતિમાં મુખ્યત્વે કરીને વિવાદની રીતિ હતી. હ્યુએનસંગ[૪] કહે છે તેમ દેશમાંથી બે કે ત્રણ વિદ્યાર્થીઓ દ્વારપંડિતની પરીક્ષામાં સફળ થઇ અન્તઃપ્રવેશ મેળવતા. આવી આકરી કસોટી છતાં, વિહારમાં દશ હજાર

૧ Watters ii. 165.
૨ Itsing by Takakusu. p. 26.
૩ Watters i i, 171.
૪ Watters. p. 165.

વિદ્યાર્થીઓ રહેતા. એમાં ૧૫૧૦ અધ્યાપકો હતા અને રોજ ૧૦૦ જુદાં જુદાં વ્યાખ્યાનો થતાં. એક ક્ષણ પણ ગુમાવ્યા વગર સર્વ છાત્રો અધ્યાપકોની જ્ઞાનચર્ચા એકાગ્રતાથી શ્રવણ કરતા.[૧]

આ વિવાદના થોડાક પ્રસંગો હ્યુએનસંગે નોંધ્યા છે. હ્યુએનસંગે પોતે યોગશાસ્ત્રની ચર્ચામાં સિંહરશ્મિ નામના એક વિદ્વાન અને તેના મિત્ર ચન્દ્રસિંહનો પરાભવ કર્યો. વળી નાલન્દાના ભિખ્ખુઓને આહ્વાન આપનાર એક લોકાયત દર્શનશાસ્ત્રીને પણ ચર્ચામાં હ્યુએનસંગે કુલપતિ અને વિદ્યર્થીગણ સમક્ષ હરાવ્યો. આ પ્રતિપક્ષીએ પોતે હારે તો પોતાનું માથું આપવાનું પણ કર્યું હતું, પરંતુ હ્યુએનસંગે તો એને જિતિને પણ અભયદાન આપ્યું. પરિણામે એ પ્રતિપક્ષી એનો શિષ્ય બન્યો.[૨]

સરસ્વતીના આ મહામંદિરમાં પ્રવેશ ઇચ્છનાર ઉમેદવારને દ્વારપંડિતની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડતું. દ્વારપંડિતને સંતોષ આપ્યા વિના વિહારમાં પ્રવેશ થઈ શકતો નહિ. દ્વારપંડિતની વિદ્વત્તા બહુવિધ હતી. વિદ્યાર્થીના માનસિક બંધારણની અને ચારિત્રની તે કસોટી કરતા. નિષ્ફલ નીવડેલા ઉમેદવારો હતાશ થઈને પાછા જતા. નાલન્દા મહાવિહારનો આ સંપ્રદાય હતો.

આ વિહારના અધ્યાપકોમાં વિચારની ઉદારતા હતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ભિન્નભિન્ન સંપ્રદાયના હતા. તેઓ વચ્ચે ચર્ચા થતી પરંતુ ઈર્ષ્યા મુદ્દલ નહોતી. આવા ઉદાર વાતાવરણના સમર્થનમાં રમેશચન્દ્રદત્ત કહે છે કેઃ—

૧ Beal. ૨ Life p 157–64.

'હિન્દના મૂળ ધર્મ પ્રત્યે બૌદ્ધ ધર્મે કદાપી વિરુદ્ધ વલણ ધારણ કર્યું નહોતું; અને બંને ધર્મો ઘણા શતક સુધી સાથે સાથે રહ્યા તેથી પરસ્પર સહનતા વધી. પ્રત્યેક દેશમાં બૌદ્ધો અને પ્રાચીનપંથી હિન્દુઓ એક સાથે રહેતા. હિન્દુઓ બૌદ્ધ મઠો અને વિદ્યાપીઠોમાં જતા અને બૌદ્ધો બ્રાહ્મણ ઋષિ–મુનિઓ પાસે અધ્યયન કરતા. એકજ રાજા બંને ધર્મને સાહાય્ય કરતો. ઘણા ખરા ગુપ્ત રાજાઓ શિવ અને વિષ્ણુના પૂજકો હતા, પરંતુ બૌદ્ધો અને બૌદ્ધ વિહારોને દાન અને બક્ષીસથી નવાજતા. ઘણીવાર એક રાજા બૌદ્ધ હોય અને એનો પુત્ર પુરાણ પંથી હિન્દુ હોય. કેટલીકવાર બંને ભાઇઓ વિના વિરોધે બંને ધર્મોને અનુસરતા. પ્રત્યેક રાજદરબારમાં બંને ધર્મના વિદ્વાનો હતા અને વિક્રમાદિત્યનો દરબાર આ સામાન્ય નિયમનો અપવાદ નહોતો.'[1]

શ્રી દત્ત આગળ ચલાવે છે:—

'**નાલન્દા**માં હજારોની સંખ્યામાં ભિખ્ખુઓ હતા. તેઓ ભારે સમર્થ બુદ્ધિમાન અને પ્રતિષ્ઠિત હતા. હ્યુએનસંગ કહે છે કે 'હિન્દના દેશો મને સન્માને છે અને અનુસરે છે. ગૂઢ પ્રશ્નોની ચર્ચા કરવામાં એમને દિવસ ટૂંકો પડે તો સ્હવારથી તે સાંજ સુધી તેઓ જ્ઞાન ચર્ચામાં પરોવાયેલા રહે છે. વૃદ્ધો અને યુવાનો એક બીજાને સહાયતા કરે છે. ત્રિપિટકોના પ્રશ્નોની ચર્ચા જેઓ કરી શકતા નથી તેમને સન્માન મળતું નથી અને તેમને શરમના માર્યા માથું છુપાવવું પડે છે. આ કારણને લીધે વિવાદમાં શીઘ્ર કીર્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર સંખ્યાબંધ વિદ્વાનો જુદાજુદા નગરોમાંથી શંકા સમાધાન માટે અત્રે આવે છે અને પછી તેમની પ્રજ્ઞાનો સ્રોત દૂરદૂરના દેશોમાં વિસ્તારે છે. આને લીધે કેટલાક તો **નાલન્દા**ના નામનું અપહરણ કરીને જ્યાં ત્યાં માન મેળવે છે'[2]

હ્યુએનસંગે નાલન્દાના સુપ્રસિદ્ધ ભાગ્યનિર્માતા પંડિતો-

૧ Civilization in Ancient India p. 127.

૨ Civilization in Ancient India R. C. Dutt p. 148

ની નામાવલિ આપી છે. ધર્મપાલ અને ચન્દ્રપાલે બુદ્ધ ભગવાનના ઉપદેશની સુવાસ ફેલાવી; ગુણમતિ અને સ્થિરમતિએ સમકાલીન વિદ્વાનોમાં ઉત્તમ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. પ્રભામિત્રમાં વિશદ વિવાદશક્તિ હતી; જ્ઞાનચન્દ્રનું ચારિત્ર આદર્શ હતું અને બુદ્ધિ સૂક્ષ્મ હતી; અને આચાર્ય શીલભદ્રની પરિપૂર્ણતા તો અપ્રસિદ્ધ જ રહી હતી. એઓ પોતાના જમાનામાં પ્રસિદ્ધ થયા હતા. આ સર્વે સમર્થ વિદ્વાનો હતા. તેઓએ ઘણાએ સુપ્રસિદ્ધ ગ્રન્થો રચ્યા હતા અને વિવેચકોએ તે ઉત્કૃષ્ટ ગણ્યા હતા.

આ વિદ્વન્મંડળમાં મહાસ્થવિર **શીલભદ્ર** વિદ્વાન સંત હતા. એ સમતાત (પૂર્વ બંગાળ) ના કુલીન બ્રાહ્મણ કુલમાં જન્મ્યા હતા. એમને બાળપણથી જ વિદ્યાપ્રત્યે પરમ અનુરાગ હતો. જ્ઞાન મેળવવાની વાસના તૃપ્ત કરવાને એઓ અનેક સ્થળે ફર્યા હતા. છેવટે તેઓ **નાલન્દા** વિદ્યાર્થી તરીકે આવ્યા. આ સમયે વિદ્યાપીઠના આચાર્ય તરીકે બોધિસત્ત્વ ધર્મપાલ હતા. આચાર્ય ધર્મપાલની સાથે દક્ષિણ હિન્દના એક મહાવિદ્વાન પણ અભિમાની પંડિત વિવાદ અર્થે આવ્યા. **શીલ**ભદ્રે પોતાના ગુરુને એ કસોટીમાં ન ઉતરવાની અને પોતાનું બુદ્ધિબળ અજમાવવાની તક આપવાની વિનંતિ કરી. ગુરુએ **શીલ**ભદ્રને આજ્ઞા આપી. પરિણામે એ જ્ઞાનચર્ચામાં પેલા વિદ્યાભિમાની પંડિતનો **શીલ**ભદ્રે પરાભવ કર્યો. આ વાત સાંભળી એટલે દેશના રાજાએ પ્રસન્ન થઇને **શીલ**ભદ્રને એક ગામ બક્ષીસ આપવાની ઈચ્છા દર્શાવી, **શીલ**ભદ્રે રાજાને કહેવરાવ્યું કે કાષાય વસ્ત્રધારી ભિક્ષુને-પવિત્ર બ્રહ્મચારીને-ગામની શી જરૂર છે? પરંતુ રાજાએ

બૌદ્ધધર્મના અભ્યુદય અર્થે એ ભેટ સ્વીકારવાનો આગ્રહ કર્યો ત્યારે જ 'સંઘ'ના લાભાર્થે શીલભદ્રે રાજાની ભેટ સ્વીકારી. આ પ્રસંગ પછી **શીલ**ભદ્રની પ્રતિષ્ઠા સર્વત્ર પ્રસરી. હ્યુએનસંગના સમયમાં એઓ નાલન્દા વિદ્યાપીઠના કુલપતિના સ્થાન પર વિરાજતા હતા.

રાજા મહારાજાઓ **શીલ**ભદ્રના પ્રતાપથી અંજાઇ જતા. સમ્રાટ્ હર્ષવર્ધન પણ એમના સમીપ અદબ અને સન્માનથી વર્તતા. **શીલ**ભદ્ર મહાયાન બૌદ્ધ હતા પરંતુ બધા સંપ્રદાયના સાહિત્યનો અભ્યાસ એમણે કર્યો હતો. બ્રાહ્મણ શાસ્ત્રોમાં એઓ નિપુણ હતા, **પા**ણિનિનો એમણે પરિપૂર્ણ અભ્યાસ કર્યો હતો. **પા**ણિનિ ઉપરનાં બધાં ભાષ્યો, વેદ અને અન્ય મૂળ બ્રાહ્મણ ગ્રન્થોનો એમણે હ્યુએનસંગને અભ્યાસ કરાવ્યો. કાશ્મીરના પંડિતો હ્યુએનસંગની શંકારૂપી ધુમ્મસનાં વાદળાં વિખેરી શકયા નહોતા તે **શી**લભદ્રે સહેલાઇથી વીખેરી નાખ્યાં. આવો મહાવિદ્વાન હિન્દમાં કદાપી થયો હશે કે ?

હવે આપણે નાલન્દાના અભ્યાસક્રમ ઉપર આવીએ.[૧] નાલન્દા વિદ્યાપીઠમાં શીખવાતા વિષયોની વિગતવાર હકીકત ઇત્સિંગે આપી છે. વિદ્યાપીઠમાં પ્રવેશ કરતાં પહેલાં વિદ્યાર્થીને વ્યાકરણ શીખવું પડતું. વ્યાકરણમાં પાંચ ગ્રન્થો (૧) સદ્ધ (૨) સૂત્ર (૩) ધાતુ (૪) ખિલ (૫) વૃત્તિ સૂત્ર—નો સમાવેશ થતો. વ્યાકરણ પૂરું થયા બાદ ગદ્ય—પદ્ય સાહિત્યનો અભ્યાસ થતો. પછી હેતુવિદ્યા (તર્કશાસ્ત્ર) અને અભિધર્મકોષના

---

૧ Phanindranath Bose–Indian Teachers of Buddhist–Universities. p. p. 111.

અભ્યાસ ઉપર ધ્યાન આપવામાં આવતું. ન્યાયદ્વાર–તર્ક–શાસ્ત્ર શીખવામાં વિદ્યાર્થીઓને અનુમાનો તારવવાં પડતાં. ત્યારપછી જાતકોનું અધ્યયન કરવું પડતું. પૂર્વોક્ત પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિદ્યાપીઠમાં પ્રવેશ કરવા માટે વિદ્યાર્થી લાયક બનતો.

નાલન્દા વિદ્યાપીઠનો અભ્યાસક્રમ વિશાળ અને ઉદાર હતો. અહિંઆં મહાયાન શાખાના વિશિષ્ટ અભ્યાસ ઉપરાંત અઢાર સંપ્રદાયોનો અભ્યાસ થતો અને બ્રાહ્મણધર્મમાં વેદ, અથર્વવેદ, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, ચિકિત્સાવિદ્યા (વૈદ્યક) સાંખ્ય, ન્યાય, યોગશાસ્ત્ર આદિ વિષયોનું અધ્યાપન થતું.

કુલપતિ શીલભદ્ર પાસે હ્યુએનસંગ યોગશાસ્ત્ર શીખ્યો અને એ એ વિષયના પ્રમાણભૂત આચાર્ય પાસેથી ન્યાય, હેતુ વિદ્યા અને શબ્દવિદ્યાનું એણે અધ્યયન કર્યું. પાંચ વર્ષ પર્યંત એ નાલન્દાનો વિદ્યાર્થી રહ્યો. દરમિયાન બૌધ્ધ અને બ્રાહ્મણોના પવિત્ર ગ્રન્થોનો એણે અભ્યાસ કર્યો.

નાલન્દાએ વિદ્યાના પ્રદેશમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યનો આદર્શ સ્વીકાર્યો હતો. અને સર્વદેશો સંપ્રદાયો અને ધર્મમાંથી અત્રે જ્ઞાનનો પુરસ્કાર થતો. નાલન્દા એ અમુક ખાસ પંથનું વિદ્યાલય નહોતું પણ ખરા અર્થમાં એ યુનિવર્સિટી–વિશ્વવિદ્યાલય હતું. સર્વાંગપૂર્ણ અને સાર્વત્રિક કેળવણીનું એ પરમધામ હતું. સત્યાન્વેષણ એજ વિદ્યાપીઠનું પરમ લક્ષ્ય હતું

નાલન્દાના નામ વિષે એક એવી દંતકથા છે કે આ મઠની જગ્યાએ એક આંબાવાડિયું હતું. આ આમ્રવાટિકામાં એક વિશાળ સરોવર હતું. ત્યાં એક ‘ નાગ ’ રહેતો હતો.

આ ઉપરથી એ સ્થળનું નામ નાલન્દા પડયું (વૉટર્સનું હ્યુએનસંગ વૉલ્યુમ. ૨. પૃ. ૧૬૪). એક બીજી દંતકથા કાંઈક આવી છે. પૂર્વજન્મમાં ભગવાન બુદ્ધે આ સ્થળમાં તપશ્ચર્યા કરી હતી. જગત્‌ના દુઃખથી એમના અન્તરમાં બહુ દુઃખ થયું. દુઃખીને એઓ અપાર દાન આપતા ગયા. આથી એમનું નામ ना+अलम्+दा પડયું.

નાલન્દાનો અર્થ એ થયો કે જે પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ સંતોષ પામ્યો નહિ તે 'નાલન્દ'. આ ઉપરથી એ વિહાર '**નાલન્દા**' કહેવાયો. ઇત્સિંગના મત પ્રમાણે નાગાનન્દમાંથી **નાલન્દા** વ્યુત્પન્ન થયું છે.

આ મતના સમર્થનમાં જનરલ કનિંગહામે ઉમેર્યું છે કે વિહારની દક્ષિણમાં એક નાગ રહેતો હતો અને તે ઉપરથી નાલન્દા નામ પડયું છે.

[1]બીલ કહે છે કે 'આ સ્થાન **આમ્ર** (અમર) શ્રેષ્ઠીનું ઉદ્યાન હતું. પાંચસો વ્યાપારીઓએ દશકોટિ સુવર્ણમહોર આપીને એ ખરીદ્યું અને ભગવાન બુદ્ધને અર્પણ કર્યું. અત્રે બુદ્ધ ભગવાને ત્રણ માસ પર્યંત ધર્મનો ઉપદેશ કર્યો અને પરિણામે ઘણા ખરા વ્યાપારીઓને અર્હતપદ પ્રાપ્ત થયું.'

આ મહાવિહારમાં પ્રભાતની પાર્થના પુરી થયા બાદ સાધુઓ સ્નાનાર્થે તળાવે જતા. એકવીસ ભિક્ષુઓની પ્રત્યેક મંડળી સાથે સ્નાન કરવા જતી. દરેકના હાથમાં ન્હાવાનો રૂમાલ રહેતો. (ઇત્સિંગ Takakusu પૃ. ૧૦૮). વિહારના ચોગાનમાં સ્વચ્છ જળથી ભરેલાં વિશાળ તળાવો હતાં. આ તળાવોમાં અગણિત સુંદર કમળો ઉગતાં. કાંઠા ઉપર ચીવરો મૂકી ભિક્ષુઓ

૧ Beal.

તળાવમાં ન્હાવા ઉતરતા. એક ચીવર ફાટી જાય ત્યાં સુધી તેઓ બીજું વાપરતા નહિ. વિલાસી વસ્ત્રો તો ભિક્ષુને નિષિદ્ધ હતાં. બ્રહ્મચારીની પેઠે ભિક્ષુને સ્નાન માટે તેલ પણ નિષિદ્ધ હતું. તરવાનો પણ વિનયપિટકે નિષેધ કર્યો હતો. સ્નાન કરીને તળાવના કાંઠાપર ઊભા રહીને ભિક્ષુઓ રૂમાલથી શરીર સાફ કરતા અને 'કાષાય' ધારણ કરી પોતપોતાના આવાસે જતા.

રાત્રે એ સરસ્વતી મંદિરમાં પ્રવેશનો કોઈપણ વિદ્યાર્થીને નિષેધ હતો. મોડા આવનારને અતિથિ સદનમાં રાતવાસો કરવો પડતો. વિક્રમશીલાના વિદ્યાપીઠમાં પણ આવો જ શિરસ્તો હતો.

નાલન્દાના મઠવાસી ભિખ્ખુઓ સ્વાભાવિક રીતેજ ધીર, ગંભીર અને પ્રતાપી હતા એટલે સાતસો વર્ષના એ વિદ્યાપીઠના જીવન દરમિયાન એનાં શાસનો સામે દૂષિત દંગાનો એક પણ પ્રસંગ બન્યો નથી.

દેશનો રાજા ભિખ્ખુઓને સત્કાર અને સન્માન આપતો અને વિહારના નિભાવ અર્થે એકસો ગામડાંની ઉત્પન્ન અર્પણ કરી હતી એ હકીકતનો ઉપર આપણે ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત આ ગામડાંમાંથી બસો ગૃહસ્થો રોજ રોજ સેંકડો મણ ચોખા, માખણ અને દૂધ મોકલતા. વિદ્યાર્થીઓને આટલી અઢળક સામગ્રી મળતી એટલે ચાર આવશ્યક પદાર્થો–અન્ન, વસ્ત્ર, શય્યા અને ઔષધ માટે કોઇ પાસે યાચના કરવી પડતી નહોતી. એમના અભ્યાસની પરિપૂર્ણતાનું આજ મૂળ કારણ છે.[1]

---

૧ Beal–Life of Houen–Tsiang. p. p. 112–113.

નાલન્દા વિદ્યાપીઠના જે વિભાગમાં મનોહર પુસ્તકાલય આવેલું હતું તે 'ધર્મગંજ' નામે પ્રસિદ્ધ હતું. રત્નસાગર, રત્નદધિ અને રત્નરંજક નામનાં ત્રણ ભવ્ય પ્રાસાદોનું બનેલું હતું. બૌદ્ધ ધર્મના આ ત્રણે રત્નો તે બુદ્ધ, ધર્મ અને સંઘ. 'રત્નદધિ'ને નવ માળ હતા. એમાં 'પ્રજ્ઞાપારમિતા' સૂત્રની હસ્તલિખિત પ્રતો સાચવવામાં આવી હતી. એ પ્રાસાદમાં સમાજ–ગુહ્યાદિ તાન્ત્રિક ગ્રન્થો પણ હતા. તુરુક્ષ (મુસલમાન) હુમલાખોરોએ આ પુસ્તકાલયપર આક્રમણ કર્યું ત્યાર પછી મુદિતભદ્ર નામના એક ભિક્ષુએ વિહાર અને ચૈત્યો સમરાવ્યા હતા.[૧] પરંતુ આખરે કંગાળ તીર્થકોએ નાલન્દાના ભિક્ષુઓ તરફથી પોતાને મળેલા અપમાનના બદલામાં એ ત્રણે પ્રાસાદો સળગાવી મૂકયા.[૨]

---

૧ History of Indian Logic p. p. 516

૨ J. N. Samaddar–The Glories of Magadha p. 117

વિક્રમશીલા મહાવિહાર[1]

જ્યારથી 'ધર્માશોક પિયદસિએ માનવ જાતિ ઉપર શાન્તિ અને કલ્યાણના આશીર્વાદો વર્ષાવીને એશીઆ, આફ્રિકા, અને યુરોપ સાથે આન્તરરાષ્ટ્રીય સંબન્ધો બાંધ્યા ત્યારથી પરદેશથી યાત્રાળુઓ, પ્રવાસીઓ, સાધુઓ અને વિદ્યાર્થીઓના સંઘો ભારતવર્ષમાં ઉભરાવા લાગ્યા. તદનુસાર ચીનના પ્રસિદ્ધ પ્રવાસીઓ–ફાહ્યાન (ઈ. સ. ૩૯૯–૪૧૪) હ્યુએનસંગ (ઈ. સ. ૬૨૯–૬૪૫) અને ઇત્સિંગે (ઇ. સ. ૬૭૩–૬૯૩) હિન્દની મુલાકાત લીધી. ઇસ્વીસનના પાંચમા શતકના આરંભમાં ફાહ્યાનના પ્રવાસ દરમિયાન **નાલન્દાનું** વિદ્યાપીઠ પૂરું થયું નહોતું. ઈસ્વીસનના સાતમા સૈકામાં હ્યુએનસંગ અને ઇત્સિંગે નાલન્દાના નામાંકિત આચાર્યો પાસે સંસ્કૃત વિદ્યા અને બૌદ્ધશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ચીનના મહા પ્રવાસી હ્યુએનસંગે વિક્રમશીલાના વિદ્યાપીઠનો લેશ પણ ઉલ્લેખ કર્યો નથી. આ ઉપરથી એમ સાબીત થાય છે કે કયાં તો એ વિદ્યાપીઠનું અસ્તિત્વજ નહિ હોય અથવા તો ત્યારે તે અગત્યનું સ્થાન ધરાવતું નહિ હોય. ઇત્સિંગે **નાલન્દા** વિહારમાં દશ વર્ષ ગાળ્યાં. **નાલન્દા** વિદ્યાપીઠના અભ્યાસક્રમની હકીકત ઇત્સિંગને જ આભારી છે. પરંતુ આ મુસાફરે પણ વિક્રમશીલાનો નિર્દેષ કર્યો નથી. તેથી સમજાય છે કે તેના સમયમાં **નાલન્દાની** ઠીક ઠીક સ્થિતિ હતી અને વિક્રમશીલા તદ્દન અપ્રસિદ્ધ હતું.

---

૧ જુઓ 'વિશ્વભારતી' એપ્રિલ, ૧૯૨૫ પ્રો. જે. એન. સમદ્દારનો લેખ–The Royal University of Vikramasila

વળી ઇત્સિંગે[1] આપેલી **નાલન્દા**ની હકીકતમાં આપણે વાંચીએ છીએ કે બૌદ્ધ ધર્મના ક્રિયાકાંડ ઉપર ખાસ ધ્યાન અપાતું પરંતુ ભગવાન બુદ્ધના સંપૂર્ણ નીતિશાસન અને ભવ્ય તત્ત્વજ્ઞાન ઉપર નહિ જેવુંજ લક્ષ અપાતું. **નાલન્દા** મહાવિહારમાં ચૈતન્ય અને પ્રેરણા નહોતાં રહ્યાં. એ મહાન વિદ્યાપીઠ ધીમે ધીમે નિર્બળ થતું હતું.[2] એનું સ્થાન નવમા શતકમાં ગૌડના રાજા **ધર્મપાલે** સ્થાપેલા **વિક્રમશીલા**ના વિદ્યાપીઠે લીધું હતું. સંસ્કૃત સ્રગ્ધરા સ્તોત્ર ટીકામાં અને બૃહદ્ સ્વયંભુપુરાણમાં **વિક્રમશીલા**ના વિહારનો ઉલ્લેખ છે.[3] ઈ. સ. ૯૧૦ માં કોતરેલા **ખાલિમ્પુર** પ્રશસ્તિમાં **ધર્મ**પાલને પરમસૌગત પરમમહેશ્વર પરમભટ્ટાર્ક મહારાજા તરીકે વર્ણવ્યા છે. **નાલન્દા**ની અવનતિ પછી **વિક્રમશીલા**ની ચઢતી થતી ગઇ. થોડોક વખત બંને વચ્ચે આન્તરવ્યવહાર હતો. **લામા તારાનાથ**ના કથન પ્રમાણે **વિક્રમશીલા**ના અધ્યાપકો **નાલન્દા** વિહારની દેખરેખ રાખતા. ચાર શતક પર્યંત **વિક્રમશીલા**નો ઉત્કર્ષ થતો ગયો. રાજા **ધર્મ**પાલના એના તન્ત્ર દરમિયાન એકસો આઠ અધ્યાપકો ત્યાં શિક્ષણ આપતા. આ વિદ્યાપીઠ રાજ્યાશ્રય નીચે ચાલતું. એની વ્યવસ્થા કરવામાં છ સભ્યોનું એક મંડળ અને પ્રમુખ ધર્માચાર્ય હતા.

---

૧ ડૉ. બેઝન્ટનું ‘Higher Education in India—Past and Present’ પૃ. ૧૮

૨ પ્રો. સમદ્દારનો લેખ ‘વિશ્વભારતી’ એપ્રિલ ૧૯૨૪ પૃ. ૫૪, ૫૫

૩ **श्रीमद् विक्रमशील देव महाविहारीय राजगुरू पण्डित भिक्षु श्रीजिनरक्षितकृताबालार्कस्तुतिटीका परिसमाप्ता ।**

स्रग्धरास्तोत्रं.

વિદ્યાપીઠનો અભ્યાસ પરિપૂર્ણ કરનાર વિદ્યાર્થીને રાજાઓ પંડિતની ઉપાધિ અર્પણ કરતા.

ન્યુમેન અને કાર્લાઇલે જે ધોરણે યુનિવર્સિટીનું લક્ષણ બાંધ્યું છે તે ધોરણ **નાલન્દા** અને **વિક્રમશીલા**નાં વિદ્યાપીઠો યથાર્થ રીતે પરિપૂર્ણ કરે છે. **નાલન્દા** સાર્વત્રિક વિદ્યાનું સરસ્વતી મંદિર હતું, બૌદ્ધ સંસ્કારિતાનું કેન્દ્ર હતું. મગધમાં એ ધર્મગંજ નામે પ્રસિદ્ધ હતું. અહિંઆં દૂર દૂરના દેશોથી અધ્યયનાર્થે વિદ્યાર્થીઓનો ઓઘ ઉભરાતો, **નાલન્દા** વિહારમાં ધર્મસંસ્થાને અંગે વિદ્યાપીઠ સ્થપાએલું હોવાથી ટિબેટ, મધ્યએશીઆ, બોખારા અને કોરીઆમાંથી સાધુઓનો અને અભ્યાસીઓનો અત્રે જમાવ થતો. એના ઉદયકાળમાં દશહજાર છાત્રો ત્યાં અધ્યયન કરતા. એનું મહાન પુસ્તકાલય બેનમૂન હતું.

પ્રો. **સમદ્દાર** લખે છે કે **વિક્રમશીલા**ના વિદ્યાપીઠની વ્યવસ્થા **નાલન્દા** કરતાં ચઢીઆતી હતી; પરંતુ **નાલન્દા** જેટલી વ્યાપક અસર આ વિદ્યાપીઠ કરી શક્યું નહોતું. સંખ્યાબળમાં પણ તે **નાલન્દા**થી ઉતરતું હતું. અહિંઆં પણ ઉત્તમ ગ્રન્થોનો વિશાળ સંગ્રહ હતો.

પ્રાચીન હિન્દમાં સૃષ્ટિસૌન્દર્યની અસર માનસિક વિકાસ સાધવામાં ખાસ ધ્યાનમાં લેવાતી. હિન્દનાં પ્રાચીન વિદ્યાપીઠો પ્રકૃતિનાં સુન્દર દૃશ્યો વચ્ચે આવેલાં હતાં. પ્રાચીન કુલપતિઓના આશ્રમોનું વાતાવરણ નિસર્ગરમણીય હતું. પ્રકૃતિમાતાના કોમલ ઉત્સંગમાં છાત્રગણ જીવનનો પરમ ઉલ્લાસ અનુભવતો. આપણા મધ્યકાલીન બૌદ્ધ યુગના વિહારો રમ્ય ઉપવનોથી

વિભૂષિત હતા. વનમાં કે ઉપવનમાં વિદ્યાપીઠોને માટે વિશાળ જગ્યા રોકવામાં આવતી. વિક્રમશીલાના વિદ્યાપીઠના આંગણામાં આઠ હજાર મનુષ્યોને બેસવાની સગવડ હતી.

નાલન્દાની પેઠે વિક્રમશીલાની આસપાસ કોટ બાંધવામાં આવ્યો હતો. મુખ્ય પ્રવેશદ્વારની જમણી બાજુએ આચાર્ય **નાગાર્જુન**ની છબીનું આલેખન હતું અને ડાબી બાજુએ **અતીશ**નું ચિત્ર હતું. કોટની બહાર દરવાજા પાસે આવેલા અતિથિસદનમાં દરવાજા બંધ થયા પછી મોડા આવનાર અતિથિઓને આશ્રય આપવામાં આવતો.

કાલનો ક્રૂર હાથ ફરી જવાથી વિક્રમશીલાનું સ્થાન ઓળખવું ભારે દુર્ઘટ જણાયું છે. **નાલન્દા**ની વિહારભૂમિ માટે આ મુશ્કેલી રહી નથી. મગધ દેશમાં પાટલિપુત્રની દક્ષિણે અને રાજગૃહની ઉત્તરે સાત માઈલ ઉપર **બારાગાંવ** નામના એક અપ્રસિદ્ધ ગામડા પાસે **નાલન્દા**નો મહાવિહાર હતો એ આજ સુવિદિત હકીકત છે. વિક્રમશીલાના સ્થાનનિર્ણય માટે જુદા જુદા અનુમાનો થાય છે. મિ. ફણીન્દ્રનાથ બોઝ[1] કહે છે કે ભાગલગુર જીલ્લામાં ગંગાને કાંઠે મગધમાં એક સીધી ટેકરી ઉપર એનું સ્થાન છે.[2] **નન્દલાલ** ડે પથ્થરદ્વાર પાસે એના સ્થાનનો નિર્ણય કરે છે. **સતીશચન્દ્ર** વિદ્યાભૂષણના મત પ્રમાણે ભાગલપુર જીલ્લામાં સુલતાનગંજ એજ વિક્રમશીલા સંઘારામનું સ્થાન છે.

અંગરાજની રાજધાની પ્રાચીન ચંપા—હાલના ચંપાનગર-

---

૧ Indian Teachers of Buddhist Universities by Phanindra Nath Bose.

૨ પ્રો. સમદ્દારનો લેખ પૃ. ૬૧

ની પૂર્વમાં ચોવીસ માઈલના અંતરે **પથરઘાટ** નામની ટેકરી આવેલી છે.[૧] ગંગાના દક્ષિણ કાંઠા ઉપરની ટેકરીઓની હારના બનેલા વિશાળ રંગમંડપમાં આઠ હજાર માનવસંઘનો સમાવેશ થાય એ પણ યોગ્ય જણાય છે.

વિક્રમશીલા વિહારના મધ્યભાગમાં મહાબોધિની મૂર્તિઓ હતી. વિહારની અંદર ૧૦૭ ચૈત્યો હતા. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે રાજ્ય તરફથી પૂરતી સગવડ આપવામાં આવતી. માત્ર ચૈત્યો અને છાત્રાવાસથી જ આ વિદ્યાપીઠ સમસ્ત હિન્દની સંસ્કૃતિનું કેન્દ્ર બની શકયું નહોતું પરંતુ તેમાં ૧૦૮ વિદ્વાન અધ્યાપકોની વ્યવસ્થા કરવામાં આવી હતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓને રાજભંડારમાંથી અન્નવસ્ત્રાદિ જીવનની જરૂરીઆતો મળતી.[૨] આ વિદ્યાપીઠનું શિક્ષણ ચલાવવાને અર્થે મહાન અધ્યાપકોનું મંડળ હતું. **લામા તારાનાથ** કહે છે કે **નાલન્દા** વિહારના કામકાજ ઉપર આ અધ્યાપકો દેખરેખ રાખતા. જો આ કથન યથાર્થ હોય તો બંને વિદ્યાપીઠો વચ્ચે સહકાર હતો અને બંને રાજા **ધર્મ**-પાલના તન્ત્ર નીચે ચાલતાં. રાજાએ જ જૂના વિદ્યાપીઠનું અધ્યક્ષપણું કરવાનું કાર્ય નવા વિદ્યાપીઠના મંડળને સોંપ્યું હશે. કેટલીકવાર **દીપંકર** અને **અભયકર** ગુપ્ત જેવા સમર્થ વિદ્વાનો બંને વિદ્યાપીઠોનો કારભાર ચલાવતા. આ ઉપરથી

---

૧ The Vikramsila Monastery by Nundolal Dey. Jorunal of the Asiatic Society of Bengal. Vol. V 1909.

૨ Phanindra Nath Bose—Indian Teachers of Buddhist Universities. p. 34–35.

એમ ફલિત થતું નથી કે વિક્રમશીલાના પંડિતોની સૂચના અનુસાર જ **નાલન્દા** વિદ્યાપીઠનો કારભાર ચાલતો.

પૂર્વોક્ત મહાવિદ્વાનો પૈકી **રત્નવજ્ર**, મૂળ કાશ્મીરના હરિભદ્ર નામે બ્રાહ્મણ હતા. એમણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો અને વિક્રમશીલાના વિદ્યાપીઠની ઉપાધિ પ્રાપ્ત કરી ત્યાંના દ્વાર-પંડિત નીમાયા. આચાર્ય **જેતારિ** મઞ્જુશ્રીના ભક્ત હતા. વિક્રમશીલાના રાજા **મહીપાલે** એમને રાજ્યપંડિતની ઉપાધિ અર્પણ કરી હતી. એ મહાન નૈયાયિક હતા. **રત્નકીર્તિ** વિક્રમશીલાના અધ્યાપક હતા. એઓ મહાપંડિત તરીકે પ્રસિદ્ધ હતા. એમણે સમર્થ ન્યાયશાસ્ત્રાચાર્ય **વાચસ્પતિ-મિશ્રના** સિદ્ધાન્તોનું ખંડન કર્યું છે.

રત્નાકરશાન્તિ–કલિકાલ સર્વજ્ઞ–ઉદન્તપુર મહાવિહારના 'સર્વાસ્તિવાદ' મતના ભિક્ષુ હતા. એઓ વિક્રમશીલાના દ્વાર-પંડિત નીમાયા હતા. એમણે તીર્થિકોને વાદમાં હરાવ્યા. સિંહલદ્વીપના રાજાના નિમન્ત્રણથી બૌદ્ધ સિદ્ધાન્તોનો પ્રચાર કરવા એ સિલોન ગયા. એમણે ન્યાયના ગ્રન્થો રચ્યા છે. **જ્ઞાનશ્રીમિશ્ર** વિક્રમશીલા વિદ્યાપીઠના મહાન આધાર સ્તંભ હતા. ગૌડમાં એમનો જન્મ થયો હતો. પ્રથમ બૌદ્ધ ધર્મની શ્રાવક મતની એમણે દીક્ષા લીધી. પછી એમાં મહાયાનની લગની લાગી. **નરોપ** વિક્રમશીલાની મુલાકાતે આવ્યા ત્યારે વાહનમાંથી ઉતરીને એમણે **અતીશના** જમણા અને **જ્ઞાન–શ્રી–ના**[1] ડાબા હાથ ઉપર પોતાનું શરીર ટેકાવ્યું હતું.

---

૧ 'સર્વદર્શન સંગ્રહ'માં માધવાચાર્ય ઘણું કરીને આ જ્ઞાન-શ્રીનો શ્લોક ટાંકે છેઃ—

तदुक्तं ज्ञानश्रिया—

નાલન્દાની પેઠે વિક્રમશીલાના અધ્યાપકો પરમ વિખ્યાત હતા. આ વિદ્વાનોમાં કાશ્મીરના વતની રત્નવજ્ર, દીપંકર (અતીશ)ના ગુરુ જેતારિ, રત્નકીર્તિ, જ્ઞાનશ્રીમિશ્ર, રત્નાકર-શાન્તિ આદિ મુખ્ય હતા. નાલન્દામાં એક જ દ્વાર હતું અને એકજ દ્વારપંડિત હતા. વિક્રમશીલામાં છ દ્વાર હતા અને વિદ્યાપીઠના ભાગ્યનિર્માતા છ દ્વારપંડિત હતા. લામા તારાનાથ કહે છે કે દક્ષિણના દ્વારે પ્રજ્ઞાકારમતિ રહેતા; રત્નાકર–શાન્તિ પૂર્વનું દ્વાર સાચવતા; વાગીશ્વર કીર્તિ પશ્ચિમના દરવાજાનું દ્વાર સાચવતા; નરોપ ઉત્તરના દરવાજાનું શાસન કરતા. મધ્યમાં રત્નવજ્ર વિરાજતા, અને બીજા મધ્યદ્વારે જ્ઞાનશ્રી મિશ્ર વિદ્યાર્થીઓની કસોટી કરી વિદ્યામંદિરમાં દાખલ કરતા. છ દ્વારપંડિતો વિક્રમશીલાના છ વિદ્યાલયોના આચાર્યો હશે એમ અનુમાન થઈ શકે છે.

અખિલ વિદ્યાપીઠના આચાર્ય તરીકે કોઇ પ્રખર વિદ્વાન ધર્મનિષ્ઠ સાધુ વિરાજતા. ધર્મપાલના સમયમાં આચાર્ય બુદ્ધજ્ઞાનપાદ વિદ્યાપીઠનું તન્ત્ર ચલાવતા અને ઈ. સ. ૧૦૩૪–૩૮ પર્યંત દીપંકરના હાથમાં સર્વ કારભાર હતો.

[૧]આ સર્વ પંડિતોમાં સર્વોત્તમજ્ઞાની દીપંકર હતા. ઇ. સ. ૯૮૦ માં બંગાળામાં વિક્રમમણિપુરમાં એમનો જન્મ થયો હતો. એઓ ગૌડ નામના રાજવંશમાં જન્મ્યા હતા.

૧ દીપંકર વિષેની સઘળી હકીકત શ્રી શરચ્ચન્દ્રદાસના 'Indian Pandits in the land of Snow' માંથી લીધી છે. ટિબેટની સરહદ પરથી મળી આવેલા કેટલાક શિલા લેખો ઉપરથી દીપંકર વિષેની હકીકતની સત્યતા ઘણે અંશે સિદ્ધ થાય છે.

એમના પિતાનું નામ કલ્યાણશ્રી અને માતાનું નામ પદ્માવતી હતું. એ નાના હતા ત્યારથીજ અવધૂત જેતારિ પાસે એમને વિદ્યાભ્યાસ માટે મોકલવામાં આવ્યા. દીપંકરે હીનયાન અને મહાયાન પંથના સિદ્ધાન્તોનું જ્ઞાન મેળવ્યું. ઉપરાંત માધ્યમિક અને યોગાચાર્યના તત્ત્વજ્ઞાનમાં અને તંત્રવિદ્યામાં એમણે પ્રવીણતા પ્રાપ્ત કરી. ઉદન્તપુરીના આચાર્ય શીલરક્ષિતે એમને દીપંકર–શ્રી જ્ઞાનનું નામ આપ્યું. સુવર્ણદ્વીપના આચાર્ય ચન્દ્રકીર્તિ પાસે એમણે બાર વર્ષ અભ્યાસ કર્યો અને તામ્રદીપ થઇને મગધમાં પાછા આવ્યા. ત્યારપછી નયપાલ રાજાની વિનંતિથી વિક્રમશીલાના આચાર્યની એમણે પદવી સ્વીકારી.

દીપંકરની કીર્તિ દેશ પરદેશ પસરી હતી. ટિબેટમાં બૌદ્ધધર્મમાં સડો પેઠો હતો. એ દૂર કરવાની જરૂર હતી. ટિબેટનાં રાજાએ બૌદ્ધધર્મમાં સુધારો કરવા માટે આચાર્ય જોવો (પ્રભુ) અતીશને નિમન્ત્રણ કરવા નાગ–ચ્યૉ નામના એક એલચીને મોકલ્યો. આ ટિબેટન એલચી જોવો–અતીશ દીપંકર–ને તેડવા આવ્યો તે અરસામાં વિક્રમશીલાના વિદ્યાપીઠમાં એક ધર્મપરિષદ ભરવામાં આવી હતી. બધા વર્ગના આઠ હજાર ભિક્ષુઓના આ ભવ્ય સમારંભમાં સહુથી તેજસ્વી મનોહર ઉન્નત અને પ્રતાપી વ્યક્તિ અતીશનું દર્શન કરવા તલસતો નાગ–ચ્યૉ પોતાની અસર નીચે પ્રમાણે વર્ણવે છેઃ—

"જ્યારે સ્હવારના આઠ વાગે સાધુઓ સમારંભમાં એકઠા થયા ત્યારે હું વિદ્યાર્થીઓની વચ્ચે બેઠો. પરિષદનું પ્રમુખસ્થાન લેવા સહુથી પ્રથમ માનનીય વિદ્યાકોકિલ આવ્યા.

એમનો દેખાવ ઉમદા અને ભવ્ય હતો. ઉન્નત અને અચલ સુમેરુ પર્વત સમાન એ આચાર્ય એક ઉચ્ચ આસન ઉપર દઢતાથી બેઠા. મારી પાસે બેઠેલાઓને મેં પૂછ્યું, 'આ જ ભગવાન **અ**તીશ કે ?' 'અરે, આયુષ્યમત્, આમ તમે શું બોલો છો ? આ તો પૂજ્ય **લા**મા વિદ્યાકોકિલ છે અને આચાર્ય **ચ**ન્દ્રકીર્તિના શિષ્યક્રમમાં ઉતરેલા છે. આ **જો**વો **અ**તીશના ગુરુ હતા એ તમે નથી જાણતા ?' વળી મેં હારના મોખરે બેઠેલા એક બીજા આચાર્ય તરફ આંગળી કરીને પૂછ્યું, 'આ **અ**તીશ નહિ હોય ?' પણ 'આ તો પૂજ્ય **ન**રપન્ત છે' એવો મને ઉત્તર મળ્યો. 'ધર્મવિદ્યામાં એમનો કોઈ જોટો નથી. આ પણ **અ**તીશના ગુરુ હતા.'

દરમિયાન **અ**તીશને શોધી કાઢવાને આમ તેમ હું ડોળા ફેરવતો હતો ત્યાં વિક્રમશીલાના રાજા પધાર્યા અને એક ઉંચા આસન પર વિરાજ્યા; પરંતુ એના આવવાથી નાના મોટા કોઇ સાધુ ઉભા થયા નહિ. ત્યાર પછી વળી ધીર ગમ્ભીર મુખમુદ્રાવાળા એક બીજા પંડિત મન્દ મન્દ ગતિથી આવ્યા. સુગંધી દ્રવ્યોથી એમને વધાવવાને ઘણા યુવાન આયુષ્મતો આસનેથી ઉઠયા અને રાજાએ પણ ઉભા થઇને એમને માન આપ્યું. રાજા ઉઠયા એટલે સાધુઓ અને પંડિતો પણ પોતપોતાની બેઠકેથી ઉભા થયા. પછી **લા**મા એક ખાસ આસન પર વિરાજ્યા. આ **લા**માને આટલું બધું માન મળ્યુ તેથી મેં વિચાર્યું કે જરૂર આ કોઈ રાજર્ષિ કે માનનીય સ્થવિર અથવા **અ**તીશ પોતે હોવા જોઇએ. 'આ કોણ છે ?' એમ મેં પૂછ્યું એટલે ઉત્તર મળ્યો કે આ **વી**રવજ્ર નામના કોઈ ભારે વિદ્વાન અજ્ઞાત પુરુષ છે.

જ્યારે બધી બેઠકો ભરાઇ ગઇ ત્યારે પરમપૂજ્ય પ્રતાપી જોવો અતીશ પધાર્યા. સહુ એને એકી ટસે જોઈ રહ્યા અને એને જોતાં કોઇ ધરાયું નહિ. એની મનોહર આકૃતિએ અને મન્દ મન્દ સ્મિત કરતા મુખે સર્વ સભાજનોને આકર્ષ્યા. એની કમરે કુંચીઓનો ઝુમખો લટકતો હતો. હિન્દીઓ, નેપાલીઓ અને ટિબેટના વતનીઓ જાણે એ સર્વનો સ્વદેશજન હોય એમ એની સામું જોઈ રહ્યા. એની તેજસ્વી પણ સાદી મુખાકૃતિએ જોનારાઓ ઉપર જાદુઈ અસર કરી !"

નાગ-ચ્યો આગળ ચલાવે છે:—

"બીજે દિવસે પ્રભાતે જ્યાં પ્રભુ અતીશ ગરીબોને અન્નદાન આપતા હતા ત્યાં હું જઈ પહોંચ્યો. દરમિયાન એક બાલભિક્ષુક પોતાનો ભાગ ન મળવાથી આચાર્યની પાછળ દોડતાં દોડતાં બોલી ઉઠયો, 'ઓ નાથ અતીશ ! તારું કલ્યાણ થાઓ, મને તો ભાત આપ.' આ શબ્દો સાંભળતાં વાંતજ મારાં નેત્રમાંથી અપાર હર્ષનાં આંસુ આવ્યાં. હું અતીશની પાછળ પાછળ આગળ ચાલ્યો. મારું ચિત્તતો એનામાં જ ચોંટયું હતું. એટલામાં એણે મને ઓળખી લીધો અને કહ્યું, 'આયુષ્મત્! તમે ટિબેટના લોકો તો સાચા માણસો છો, આંસુ ન પાડો. તમારા પ્રત્યે મને ભારે માન છે. તમે હિંમત ન હારતાં મને ટિબેટમાં લઇ જવા ફરી અત્રે આવ્યા છો; પ્રાર્થના કરો. સહુ સારાં વાનાં થશે.'

અતીશના સ્વમુખનાં આ વચનો સાંભળીને મારી આશા અને મારા આનંદનો પાર રહ્યો નહિ."

પછી **નાગ–ચ્રૉ** અને **અતીશ** વચ્ચે ટિબેટમાં બૌદ્ધધર્મની સ્થિતિ વિષે વાતચિત થઇ. **નાગ–ચ્રૉએ** **અતીશને** ટિબેટ જવા વિનંતિ કરી. **અતીશે** કહ્યું, 'હું વૃદ્ધ થયો છું; આ મઠોની કુંચી મારા હાથમાં છે; હજુ અહિંઆં ઘણું કરવાનું બાકી છે. તુરતજ ટિબેટ તરફ આવવા હું નીકળી શકું તેમ નથી.' **અતીશની** આજ્ઞાનુસાર ટિબેટન એલચી વિક્રમશીલામાં ત્રણ વર્ષ પર્યંત રહ્યો અને એણે બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. છેવટે વિક્રમશીલાના વ્યવસ્થાપકો સાથે **અતીશે** મસલતી કરી ટિબેટ જવા નિર્ણય કર્યો.

માર્ગમાં પ્રભુ **અતીશનું** મંડળ હિન્દ અને ટિબેટની સરહદ પર આવેલા એક વિહારમાં ઉતર્યું. ત્યાંના શ્રમણોએ **અતીશને** વિનયપૂર્વક ચેતાવ્યા, 'આપ ટિબેટ પધારશો તો હિન્દમાં બૌધ્ધ ધર્મનો સૂર્ય અસ્ત થશે.' પણ વિક્રમશીલાના સંઘનો નિર્ણય કાયમ રાખીને **અતીશ** તો આગળ ચાલ્યા. **અતીશની** સાથે બૌધ્ધ ધર્મે પણ હિન્દમાંથી જાણે વિદાય લીધી.

ટિબેટમાં પ્રભુ **અતીશને** રાજા અને પ્રજા ઉભય તરફથી સાર્વભૌમને મળે તેવું સન્માન મળ્યું. એના નેતૃત્વ નિચે ટિબેટના લામાઓને બૌધ્ધધર્મનું સાચું રહસ્ય પ્રાપ્ત થયું. તેર વર્ષના નિવાસ દરમિયાન ટિબેટના જુદા જુદા ભાગોમાં ફરીને **અતીશે** બૌધ્ધધર્મના પુનર્વિધાનનું કાર્ય કર્યું. મહાયાન પંથનો પુનરુધ્ધાર કરનાર પ્રભુ **અતીશ** લાસા પાસે નેથાણમાં ઇસ્વીસન ૧૦૫૩ માં એકોતેર વર્ષની વયે નિર્વાણ પામ્યા. એશિયામાં બલ્કે જ્યાં જ્યાં ટિબેટનો બૌધ્ધ ધર્મ પ્રવર્તે છે ત્યાં ત્યાં ઊંડા માનથી પ્રભુ **અતીશનું** સ્મરણ કરવામાં આવે

છે. અનેક ગ્રન્થોના રચનાર ભગવાન **અતીશ**નો 'બોધિપથ પ્રદીપ' સર્વોત્તમ ગ્રન્થ ગણાય છે.

હવે આપણે વિક્રમશીલાના અભ્યાસક્રમ ઉપર આવીએ. વિક્રમશીલાનો અભ્યાસક્રમ **નાલન્દા** જેટલો વ્યાપક નહોતો. ખાસ કરીને અત્રે તન્ત્ર વિદ્યાનો વિષય ઉત્તમ રીતે શીખવાતો હતો. આ સમયમાં બૌધ્ધધર્મમાં તન્ત્ર વિદ્યા અને જાદુ અભ્યાસકોના પ્રિય વિષયો થઈ પડયાં હતાં. આ ઉપરાંત વ્યાકરણ, અધ્યાત્મશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રનું પણ અત્રે સારું અધ્યાપન થતું. ન્યાય શાસ્ત્રમાં તો વિક્રમશીલાના ઘણા અધ્યાપકો ભારે પ્રવીણ હતા. દ્વારપંડિતો સમર્થ નૈયાયિકો હતા. એ ઉપરથી પણ સિધ્ધ થાય છે કે ન્યાય એ તત્કાલીન લોકપ્રિય વિષય હતો.

નાલન્દા અને વિક્રમશીલાના શિક્ષણ પરત્વે એક ખાસ નોંધ એ કરવા જેવી છે કે પ્રત્યેક નવો વિદ્યાર્થી અમુક ભિક્ષુને ગુરુ તરીકે પસંદ કરી એનો અન્તેવાસી થઇને રહેતો. ગુરુ–શિષ્ય વચ્ચે હૃદયનો સબન્ધ રહેતો. **મહાવગ્ગ** પ્રમાણે આચાર્ય શિષ્યને પુત્ર સમાન ગણતો અને શિષ્ય આચાર્યને પિતા તુલ્ય માનતો. બંને પરસ્પર આદર, વિશ્વાસ અને જીવનયોગથી જોડાતા.

સરસ્વતી દેવીના પરમ શત્રુ હૂણોએ **તક્ષશિલા**ના પ્રાચીન વિદ્યાપીઠનો પાંચમા શતકમાં નાશ કર્યો. ઇસ્વીસનના બારમા શતકની આખરે ત્રણ પ્રસિધ્ધ વિદ્યાપીઠો–નાલન્દા, વિક્રમશીલા અને ઉદ્દન્તપુરીનો સંપૂર્ણ વિનાશ મુસલમાન હુમલાખોરોના હાથે થયો. વિક્રમશીલાના વિનાશકાલે કાશ્મી-

રના શાકય શ્રી પંડિત ત્યાંના આચાર્યસ્થાને હતા. ડૉ. કર્નના[1] કથન પ્રમાણે મુસલમાનોના હુમલાઓના પરિણામે વિક્રમશીલા અને ઉદન્તપુરીનાં વિદ્યામન્દિરોનો નાશ થયો અને ત્યાંના સાધુઓ મરાયા અથવા પરદેશ નાશી ગયા. આચાર્ય શાકય શ્રી ઉત્કલ (ઓરિસ્સા) ગયા અને ત્યાંથી તેઓએ ટિબેટમાં પ્રયાણ કર્યું. રત્ન રક્ષિત નેપાલ ગયા; બુધ્ધ મિત્ર અને અન્ય શ્રમણો દક્ષિણ હિન્દમાં ગયા અને સંગમ શ્રી જ્ઞાન એમના કેટલાક અનુયાયીઓ સાથે બ્રહ્મદેશ અને કેમ્બોડિયામાં ગયા.

કૉન્સ્ટાન્ટીનોપલમાંથી બહિષ્કૃત થએલા ગ્રીક જેમ પોતાનો જ્ઞાનભંડાર ઈટલિ આદિ દેશોમાં લઇ ગયા તેમ ઉદન્તપુરી અને વિક્રમશીલામાંથી ગયેલા શ્રમણો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પોતાની વિદ્યા કલા લઈ ગયા. દક્ષિણના રાજ્યોમાં અને ટિબેટમાં ગયેલા બૌદ્ધસાધુઓને સારો સત્કાર અને રાજ્યાશ્રય મળ્યો. દક્ષિણમાં—ખાસ કરીને વિજયનગર, કોંકણ અને કલિંગમાં જઈને બૌદ્ધ વિદ્વાનોએ નાની નાની પાઠશાળાઓ સ્થાપી. આમ મુસલમાનના હુમલાઓથી સુરક્ષિત રહેવા માટે બૌદ્ધ વિદ્વાનોને છેક દક્ષિણમાં ભરાઇ રહેવું

[1] જુઓ, ડૉ. એચ કર્નનું Manual of Indian Buddhism. 133–134.

તારાનાથનું પ્રમાણ ટાંકીને કર્ન કહે છે કે “૧૬ મા શતક સુધી બૌદ્ધ ધર્મના કેટલાક ઉપાસકો બંગાળામાં હતા. ૧૫ મા સૈકામાં બંગાળાના એક રાજાએ બોધિગયાનો મઠ સમરાવ્યો. ઓરિસ્સામાં હિન્દુ રાજા મુકુન્દદેવહરિશ્ચંદ્રના રાજ્યમાં થોડોક સમય બૌદ્ધ ધર્મનો ઉજાસ જણાયો. પણ બંગાળાના મુસલમાન સુબાએ એ દેશ જીત્યો એટલે ફરી અંધકાર છવાઇ ગયો.”

પડ્યું. મુસલમાનોના આક્રમણથી બૌદ્ધધર્મને કારી ઘા પડયો. આ કારી ઘામાંથી એ ફરી ચૈતન્ય પ્રાપ્ત ન જ કરી શકયો.

મુસલમાનોએ પૂર્વોક્ત વિહારોનો વિધ્વંસ કર્યો તે વિષે ઈસ્લામ ઉપર ઘણું કલંક ચઢાવવાનો યત્ન થાય છે. પરંતુ આ સંબન્ધમાં બે બાબતો ધ્યાનમાં લેવા જેવી છે. ઇતિહાસકાર તારાનાથ કહે છે કે ઉદ્દન્તપુરી અને વિક્રમશીલામાં મગધરાજાએ કિલ્લાઓ ચણાવ્યા હતા અને તેમાં સૈનિકોને રાખ્યા હતા. મુસલમાન હુમલાખોરોની સાથે લઢવામાં આ સૈનિકોની સાથે વિહારોના સાધુઓ પણ સામેલ હતા. વળી હિન્દુ રસાયણ શાસ્ત્રના ઇતિહાસમાં સર **પી. સી. રોયે** દર્શાવ્યું છે કે એ બંને વિહારો એટલે સુધી નીતિ-ભ્રષ્ટ થયાં હતાં કે મઠવાસીઓની કતલ કરતાં ઇસ્લામના વિજેતાઓને લેશ પણ કંપારી છૂટી નહિ.

આ જંગલી હુમલાખોરોના જુલ્મનો ભોગ માત્ર હિ-દુસ્થાન જ થયું નહોતું; ઈસ્લામ પણ એ જુલ્મથી બચી શકયો નહિ. મિ. **આર્નોલ્ડ** કહે છે કે ઇસ્લામના ઇતિહાસમાં ભયાનકતા અને વિનાશમાં મોંગલ વિજય સાથે કોઈપણ અન્ય બનાવની સરખામણી થઈ શકે તેમ નથી. **ચંઘીસખાનના** સૈનિકો મુસ્લીમ સંસ્કારિતા અને સભ્યતા સંપન્ન નગરો પર પહાડની ભેખડો પરથી પડતા બરફના ઢગલાની પેઠે ઉતરી પડયા અને જ્યાં રમ્ય ઉપવનો અને ફળદ્રુપ અનાજનાં ખેતરોથી ઉભરાતાં ભવ્ય શહેરો હોય ત્યાં ઉજ્જડ વેરાન અને બેડોળ ખંડેરો કરતા ગયા. જે રીતે આ હુમલાખોરોએ ઇસ્લામી વિદ્યા અને સંસ્કારિતાના પરમ ધામ બગદાદનો વિનાશ કર્યો તેજ પ્રમાણે તેઓએ બૌધ્ધ સંસ્કારિતાનાં કેન્દ્રોનો ઉચ્છેદ કર્યો.

બૌદ્ધધર્મની અવનતિનાં બીજાં પણ કારણો છે. પાલ રાજાઓ પરમ બૌદ્ધો હતા અને અતીશ જેવા ઘણા પંડિતો તેમના આશ્રય નીચે ઉછર્યા. આ વિદ્વાનો તાન્ત્રિક સંપ્રદાયના હોવા છતાં તેઓ એથી પર હતા. તેઓ પણ બૌદ્ધ ધર્મની પડતી રોકી શકયા નહિ. બીજું એ કે પાલ રાજાઓ નિર્બળ હતા. ધર્મપાલના સમયમાં એના મહાસામન્તે સુબ્બસ્થલી પાસે વિષ્ણુનું મહાન દેવાલય ઉભું કરાવ્યું હતું અને બુદ્ધ-ગયામાં જ લિંગની સ્થાપના થઇ હતી. મુસલ્માનોની જિતના સમયે બુદ્ધગયાનું મંદિર સ્નાતકોના હાથમાં પડયું અને ત્યાંનું બધું ધન પાયમાલ થયું. મહમદ–ઈન–બખ્તીયારને એ સ્થળ જિતવામાં પણ કાંઇ સાર જણાયો નહિ.

આ પ્રમાણે મુસલમાનોની ચઢાઇએ બૌદ્ધ ધર્મને ભોગે બ્રાહ્મણ ધર્મના પુનર્વિધાનમાં સહાયતા કરી.

[1]બૌદ્ધ ધર્મની પડતીનું એક મુખ્ય કારણ એ હતું કે હિન્દી બૌદ્ધ ધર્મ અશોકનો બૌદ્ધ ધર્મ રહ્યો નહોતો. છેક નાગાર્જુનના સમયથી બૌદ્ધ ધર્મ પ્રાચીન વેદ ધર્મ તરફ વળતો હતો. બૌદ્ધધર્મમાં મૂર્તિપૂજામાં શ્રદ્ધા અને ભક્તિ દાખલ થયાં. બ્રાહ્મણોના દેવોની પેઠે બુદ્ધની મૂર્તિઓની પૂજા થવા માંડી. ધર્મગ્રન્થો અને ધર્મોપદેશકોને ગૌરવ અર્પવાને સંસ્કૃત ભાષાનો આશ્રય લેવામાં આવ્યો. સંસ્કૃતના ઉપયોગને લીધે બ્રાહ્મણધર્મની પેઠે બૌદ્ધ ધર્મે પણ નિષેધક (Exclusive) સ્વરૂપ ધારણ કર્યું અને લોકભાષામાં લોકસમૂહપર અસર કરવાનું માંડી વાળ્યું. એના પ્રચારનું ક્ષેત્ર પણ સંકુચિત થયું. આ પ્રમાણે બ્રાહ્મણ ધર્મની પુનર્ઘટનાની સાથે સાથે બૌદ્ધધર્મમાં પણ ફેરફારો થતા ગયા

૧ જુઓ ડૉ. ભાંડારકર કૃત ‘ A peep into the early history of India. ’

અને પરિણામે એણે મહાયાનનું સ્વરૂપ ધારણ કર્યું. પ્રાચીન બૌદ્ધધર્મની અનેક શાખાઓ પડી ગઇ અને એમાંજ એની જીવનશક્તિ ખૂટી ગઇ. પ્રાચીન બૌદ્ધ ધર્મનું સ્થાન બ્રાહ્મણ ધર્મ અને મહાયાન પંથે લીધું. પરંતુ ત્રણ રત્નો–બુદ્ધ, ધર્મ અને સંઘ–ની મોહિની ચાલી ગઇ. પ્રાચીન બૌદ્ધ ધર્મે જે ગુમાવ્યું તે મહાયાન પંથ ફરી પ્રાપ્ત ન કરી શક્યો. પુનરુજ્જીવિત બ્રાહ્મણ ધર્મની સરખામણીમાં એ ચૈતન્ય હીન હતો. અને એના જન્મકાળથી જ નિત્ય નૂતન શક્તિ પ્રાપ્ત કરનાર એના પ્રતિસ્પર્ધીના સખ્ત આક્રમણની સામે એને થવાનું રહ્યું.

બૌદ્ધધર્મ એના ઉત્તરકાળમાં, જડ અને આર્ય સંસ્કાર શૂન્ય બની ગયો હતો.[૧] એમાં વિશેષે કરીને એના તાન્ત્રિક સ્વરૂપમાં અનેક અનાર્ય વિધિઓ દાખલ થઇ હતી. મન્ત્ર, જન્ત્ર અને તન્ત્ર વિદ્યાથી એ ભરપૂર બન્યો હતો. ભૂતપ્રેતાદિમાં માન્યતા વધી પડી હતી. મહાયાન પંથમાં શક્તિ-પૂજા દાખલ થઈ હતી. કાલિ અને બૌદ્ધો વચ્ચે સંબન્ધ સ્થાપવામાં આવ્યો હતો. એનામાં રહેલી પવિત્રતા અને તપસ્યા ઘટતી ગઈ. એમાં આત્મવિકાસની શક્તિ ખૂટી ગઇ. ધીમે ધીમે હિન્દુ વેદધર્મમાં બૌદ્ધધર્મ અન્તર્ગત થતો ગયો.

---

૧ RavindraNath Tagore—A vision of India's History:—

"At the latter end of its carrer in India the mighty stream of Buddhism grew sluggish and lost itself in morasses of Primitive superstitions and promiscuous creeds and practices which had their root in non-Aryan crudities."

૭

ઉદન્તપુરી મહાવિહાર

ઇસ્વીસનના પાંચમાથી અગિયારમા શતક પર્યંત **નાલન્દા** બૌદ્ધ સંસ્કૃતિનું અગત્યનું કેન્દ્ર હતું. **નાલન્દાના** આર ભકાલમાં ગુપ્તરાજાઓએ એ વિદ્યાસ્થાનને આશ્રય આપ્યો. સાતમા શતકના પ્રથમાર્ધમાં સમ્રાટ્ હર્ષવર્ધને **નાલન્દા** મહાવિહારને વિવિધ રીતે સહાયતા કરી. હર્ષવર્ધન પછી ઉત્તર હિન્દમાં મહારાજાધિરાજનો પાઠ ભજવે તેવો કોઇ રાજા રહ્યો નહિ. એના અવસાન પછી દેશમાં રાજકીય પરિવર્તો થવા માંડ્યા. દેશના વિવિધ ધર્મો અને સંપ્રદાયો વચ્ચે મતભેદ તીવ્ર થતા ગયા. આવા અવ્યવસ્થાના સમયે ઇસ્વીસનના આઠમા શતકમાં (૭૩૦–૪૦) રાજા તરીકે **ગોપાલ**ની વરણી થઈ અને એણે મગધમાં રાજ્ય સ્થાપ્યું. હર્ષવર્ધન પછી પાલરાજાઓએ **નાલન્દા** મહાવિહારની સંભાળ હાથમાં લીધી પરંતુ **ગોપાલ**, **દેવપાલ**, **મહિપાલ**, **નયપાલ** અને **રામપાલ**ના સમર્થ પ્રયત્નો છતાં **નાલન્દા**નું જીવન સૂકાતું જ ગયું.

મગધમાં પાલવંશના બૌદ્ધરાજાઓની સત્તા જામી તે પૂર્વે ઉદન્તપુરી વિહારની સ્થાપના થઇ હતી. **તારાનાથ** કહે છે કે **ગોપાલ** અને **દેવપાલ**ના સમયમાં ઉદન્તપુર વિહાર બંધાવવામાં આવ્યો હતો. આ વિહારનું નામ 'ઉડુન્ડપુર–ઉદન્તપુર' હતું. ઉદન્તપુર–હાલનું બિહાર–**નાલન્દા**થી છ માઈલ દૂર છે. **નાલન્દા**, **વિક્રમશીલા** અને ઉદન્તપુરી–એ ત્રણે વિહારો પાસે પાસે આવેલા હતા એમ નિશ્ચિત કહી

શકાય તેમ નથી. મુસલ્માન ઇતિહાસકાર મિંહાજે ઉદન્ત-પુરનો 'અડવંડ બિહાર' (સંસ્કૃત 'उद्दन्डपुर') તરીકે ઉલ્લેખ કર્યો છે.[૧] પાલવંશના રાજા સુરપાલદેવના રાજ્યના શિલા-લેખમાં ઉદન્તપુરીની ઉન્નત સ્થિતિનો ઉલ્લેખ છે. સુરપાલ અને નારાયણ પાલની મૂર્તિઓ 'ઉડ્ડન્ડપુર'ને અર્પણ થઈ હતી એવો નિર્દેશ છે. પાલરાજાઓએ આ વિદ્યાપીઠને બ્રાહ્મણ અને બૌદ્ધગ્રન્થોના એક ભવ્ય પુસ્તકાલયની ભેટ આપી હતી. આ વિહારમાં હિન્દના વિવિધ ભાગોમાંથી સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આવતા અને એ સર્વેને ઉત્તમ પ્રકારની સગ-વડ આપવામાં આવતી. જ્યારે મગધમાં અભયકરગુપ્ત બૌદ્ધ ભિક્ષુઓના પ્રમુખસ્થાને વિરાજતા હતા ત્યારે ઉદન્તપુર વિહારમાં એક હજાર સાધુઓ હતા, વિક્રમશીલામાં ત્રણ હજાર હતા અને બુદ્ધગયામાં ચાર હજાર હતા. રાજા મહિપાલના સમયમાં ઉદન્તપુરીમાં હીનયાન પન્થના એક હજાર અને મહાયાન પન્થના પાંચસો સાધુઓ હતા. ઉદ-ન્તપુરી વિહારનું ચૈત્ય બુદ્ધગયા અને નાલન્દા કરતાં પણ ઊંચું હતું. એમાં બૌદ્ધ અને બ્રાહ્મણ ગ્રન્થોનો સંગ્રહ હતો. ઍલેકઝાન્ડ્રિયાના મહાન ગ્રન્થાલયનો જેમ નાશ કરવામાં આવ્યો તે રીતેજ બખ્ત્યાર ખીલજીના હુકમથી એના સર-દારે આ ગ્રન્થાલય બાળી નાખ્યું.[૨]

ઉદન્તપુરી વિહારની ઇમારત ભવ્ય હતી. આચાર્ય

---

૧ The glories of Magadha.

૨ Universities in Ancient India નામનો એક લેખ -from Journal of the Buddhist Text Society of India 1893 Vol VII.

શાન્તરક્ષિતના ઉપદેશને અનુસરીને ટિબેટના બૌદ્ધોએ આ વિહારનો નમૂનો લઇને ટિબેટમાં વિહાર બંધાવ્યો હતો. આ જ આચાર્ય શીલરક્ષિતે વિક્રમશીલાના આચાર્ય અતીશને એની ઓગણીસ વર્ષની ઉમ્મરે દીક્ષા આપી હતી અને દીપંકર–શ્રીજ્ઞાનનું ઉપનામ આપ્યું હતું.

ઉદન્તપુરીના બીજા આચાર્ય રત્નાકર શાન્તિ–ટિબેટના લોકો જેને આચાર્ય શાન્તિ કહેતા—એ મહાવિહારના 'સર્વાસ્તિવાદ' સંપ્રદાયના ભિક્ષુ હતા. એઓ વિક્રમશીલામાં જેતારિ અને રત્નકીર્તિ પાસે સૂત્ર અને તન્ત્ર શીખ્યા હતા અને ત્યાંના દ્વારપંડિત નિમાયા હતા. સિંહલદ્વીપના રાજાના નિમન્ત્રણથી એઓ નવમા શતકમાં બૌદ્ધસિદ્ધાન્તોનો પ્રચાર કરવા ત્યાં ગયા.

નાલન્દા અને વિક્રમશીલાની કીર્તિ ઉદન્તપુરી વિહાર કદાપિ પ્રાપ્ત કરી શકયો નહિ. વિક્રમશીલાના વિદ્યાપીઠને રાજ્યાશ્રય ભરપૂર હતો એટલે એની જાહોજલાલી જામતી ગઈ. આ કારણને લીધે અગિયારમા શતકથી નાલન્દા અને ઉદન્તપુરીનો વિકાસ અટકી ગયો.

ઇ. સ. ૧૧૯૯ માં મહમ્મદ–ઈન–બખ્ત્યારે વિક્રમશીલા અને ઉદન્તપુરીના વિહારોનો નાશ કર્યો અને ત્યાંના સાધુઓનો સંહાર કર્યો. પરિણામે ઘણાએ બૌદ્ધો મગધ છોડી ચાલ્યા ગયા અને કેટલાકે તો મુસલમાન ધર્મનો અંગીકાર કર્યો. આ હુમલાને લીધે મગધમાંથી બૌદ્ધ ધર્મે વિદાય લીધી.

બૌદ્ધ ધર્મ જે પુષ્યમિત્રની નિર્દય કતલમાંથી અને

કુમારિલ અને શંકરના એ ધર્મના દમન માટે અશ્રાન્ત પ્રયત્નમાંથી બચી શક્યો હતો અને બ્રાહ્મણોની ઇતરાજી છતાં દેશમાં વિસ્તરતો હતો તે મુસલમાન જિતથી બંગાળામાંથી ભુંસાઇ ગયો. પરંતુ એના મહાભિનિષ્ક્રમણથી મૉંગોલિયા, ટિબેટ, બ્રહ્મદેશ અને સિંહલદ્વીપને ભારે લાભ થયો. મુસલમાનોની તલવારમાંથી જે બૌદ્ધો બચી શક્યા તેઓ આત્મરક્ષણ અર્થે પૂર્વોક્ત દેશોમાં ચાલ્યા ગયા. આ નાસેડુઓને તે તે દેશના લોકોએ આવકાર આપ્યો. એમના આગમનથી એ દેશજનો વિદ્યા અને જ્ઞાનમાં આગળ વધ્યા અને ધર્મ અને લલિતકલાના વિસ્તારમાં મહાન વિકાસ સાધી શક્યા.

જગદ્દલ મહાવિહાર

નાલન્દા અને વિક્રમશીલા સાથે બૌદ્ધગ્રન્થોમાં આ પ્રસિદ્ધ વિહારનો નિર્દેશ છે. ઐતિહાસિક મહાકાવ્ય 'રામચરિત'માં જગદ્દલ મહાવિહારનો ઉલ્લેખ છે. ઈસ્વીસનના બારમા શતકના આરંભમાં ઉત્તર બંગાળામાં ગંગા અને કરટોયાના સંગમ ઉપર રાજા રામપાલે નવી વસાવેલી રામાવતી નામની સુન્દર નગરીમાં આ વિહાર બંધાવવામાં આવ્યો હતો. એના સ્થળનો નિર્ણય થઈ શકયો નથી. જગદ્દલ વિદ્યાપીઠ બંગાળાની સંસ્કારિતાનું એક અગત્યનું કેન્દ્ર હતું. નાલન્દાનું જે ઉચ્ચ સ્થાન મગધમાં હતું, કનિષ્કવિહારનું પેશાવરમાં હતું, દીપદત્તમ વિહારનું કોલમ્બોમાં હતું તેવુંજ ઉન્નત સ્થાન જગદ્દલનું બંગાળામાં હતું.[૧] આ મહાવિહારમાં 'અવલોકિતેશ્વર'ની મૂર્તિ હતી એવો 'રામચરિત'માં નિર્દેશ છે. સો વર્ષ પર્યંત આ વિહારનું જીવન ટકી શક્યું. ઇ. સ. ૧૨૦૩ માં મુસલમાનોના હુમલાથી એનો વિનાશ થયો.

જગદ્દલ વિહારના એક શતકના જીવનમાં એણે ઘણા વિદ્વાનો અને પંડિતો ઉત્પન્ન કર્યા. ટિબેટના ત્રિપિટકમાં આ વિદ્યાપીઠના કેટલાક પંડિતોનાં નામો સચવાયાં છે. ટિબેટન ભાષાના કેટલાક ગ્રન્થો ઉપરથી જણાય છે કે વિક્રમશીલા અને જગદ્દલમાં બંગાળાના અને પરદેશના વિદ્વાનોએ અગણિત મૂળ ગ્રન્થો અને અનુવાદો રચ્યા છે.

૧ Contributions of Bengal : Hariprasad S'astri.

મગધના બીજા વિહારો કરતાં આ વિહારની એક વિશિષ્ટતા હતી. હિન્દમાં સંસ્કૃત શીખવા આવનાર ટિબેટના સાધુઓનો આ વિહાર આશ્રયસ્થાન હતો. બંગાળાના બૌદ્ધ સાધુઓને ટિબેટન ભાષા લખતા વાંચતા આવડતી. આ વિદ્યાસ્થાનમાં હજારો સંસ્કૃત ગ્રન્થોનો ટિબેટન ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો. પોતાનું ધાર્મિક સાહિત્ય રચવામાં ટિબેટના લોકોનો મૂળ આધાર જગદ્દલ વિહાર જ હતો. મહાયાનપન્થી જગદ્દલ વિદ્યાપીઠના મહાન વિદ્વાન વિભૂતિચન્દ્ર હતા.[1] એ ટિબેટન ભાષામાં નિષ્ણાત પંડિત હતા અને એ ભાષામાં એમણે ઘણા સંસ્કૃત ગ્રન્થોનો અનુવાદ કર્યો છે. અનુવાદક ઉપરાંત એ સંસ્કૃતના મહાન લેખક હતા. એમને 'મહાપંડિત'ની પદવી અર્પણ થઇ હતી. બૌદ્ધ સાહિત્યનું એમનું જ્ઞાન વિશાળ હતું. વિભૂતિચન્દ્રના ગ્રન્થાલયમાં અગણિત હસ્તલિખિત ગ્રન્થો હતા. એ ગ્રન્થાલયમાંથી એમના પોતા માટે બંગાળીમાં લખાએલી એક હસ્તલિખિત પ્રત હાલ 'કેમ્બ્રીજ યુનિવર્સિટી લાયબ્રેરી'માં સાચવવામાં આવી છે.

વિભૂતિચન્દ્રના સમકાલીન શાક્યશ્રીભદ્ર હતા. ઇસ્વી સન ૧૨૦૩ માં વિક્રમશીલા પરના આક્રમણ વખતે શાક્યશ્રીભદ્ર ત્યાંના આચાર્ય હતા. ઘણું કરીને

---

૧ શાન્તિદેવના 'શિક્ષાસમુચ્ચય' ના અન્તે લખ્યું છે:—

देवंधर्म्मीयं पवरमहायानयायिनो जागन्यलवन्दित विभूतिचन्द्रस्य ॥

શાક્યશ્રીભદ્ર જગદ્દલમાં વિભૂતિચન્દ્રને મળ્યા હશે અને બંને સાથે ટિબેટ ગયા હશે. મુસલમાનો બંગાળા અને મગધમાં પેઠા ત્યારથી બૌદ્ધ સંસ્કારિતાનો હ્રાસ થતો ગયો. વિભૂતિચન્દ્રનો સમય એ મગધ અને બંગાળામાં મુસલમાન આક્રમણનો સમય છે.

વિભૂતિચન્દ્ર ઉપરાંત મહાભિક્ષુ દાનશીલ, સુભાકર અને મોક્ષાકર ગુપ્ત જેવા સમર્થ પંડિતોને પણ આ વિદ્યાપીઠે ઉત્પન્ન કર્યા. મોક્ષાકરગુપ્ત જગદ્દલ મહાવિહારના ધર્માધ્યક્ષ હતા. એઓ મહાન તાર્કિક હતા. એમણે રચેલી 'તર્કભાષા'નું મૂળ સંસ્કૃતનું ટિબેટન ભાષાન્તર મળી આવે છે. આ સર્વ પંડિતોએ અનેક અનુવાદો દ્વારા ટિબેટન બૌધ્ધ સાહિત્ય વિકસાવવાને પ્રબળ પ્રયત્નો કર્યા છે.[1]

બૌધ્ધધર્મની પડતીનાં અનેક કારણો જણાવવામાં આવે છે. એ સર્વમાં એક મુખ્ય કારણ તો એ જણાય છે કે એ ધર્મના સમર્થ શ્રમણો નેપાલ, ટિબેટ, ચીન અને એશિયાના અન્ય દેશોમાં જતા ગયા અને ત્યાંજ ધર્મવિકાસના કાર્યમાં ગુંથાયા અને રોકાયા. આ કારણને લીધે હિન્દના વિહારોમાં ઘણાખરા સાધારણ બુધ્ધિવાળા વિદ્વાનો રહ્યા. એમાંનો મોટો ભાગ તન્ત્રવિદ્યાની જાળમાં ગુંચવાયો અને ફસાયો. પરિણામે ધર્મનો પ્રાણ—એનું જીવન્તબળ—સૂકાતો ગયો. બૌધ્ધધર્મની ભવ્ય ઇમારત જર્જરિત થઈ અને મુસલમાનોના હાથે એ પડી ગઇ.

---

૧ Phanindra Nath Bose—Teachers of the Buddhist Universities p. 147–48.

મિથિલા વિદ્યાપીઠ.

મિથિલાનું નામ ઉચ્ચારતાં જ ' **मिथिलायां प्रदीप्तायां[1] न मे दह्यति किंञ्चन** '– મિથિલા બળે છે તેમાં મારું કાંઈ બળતું નથી–એ પ્રસિદ્ધ પંક્તિમાં જીવનનો ' અનાસક્તિયોગ ' પ્રકટ કરનાર મિથિલાધિપતિ જનકનું સ્મરણ થઈ આવે છે. ઉપનિષદના તત્ત્વવિચારના બ્રાહ્મણ અને ક્ષત્રિય પ્રવર્તકોમાં **યાજ્ઞવલ્કય** અને જનક અગ્રિમ સ્થાને વિરાજે છે.[2] કવિવર **ટાગોર** કહે છે તેમ ' જનક, વિશ્વામિત્ર અને **રામ** આર્ય સંસ્કૃતિના પ્રસિદ્ધ આદર્શ વીરો હતા અને આર્ય વીર રામને રાજયોગી જનક પાસેથી જીવનસંદેશ મળ્યો.[3] જનકના જીવનમાં કૃષિકલા અને બ્રહ્મવિદ્યાનો–યજ્ઞભાવના અને તત્ત્વચિન્તનનો–સુભગ સંયોગ થયો હતો. જેમ **ગાંધીજી** વર્તમાન યુગનું વિશિષ્ટ કર્તવ્ય 'તન્તુયજ્ઞ' માને છે અને આચરે છે, તેમ રાજર્ષિ જનકે 'કૃષિયજ્ઞ'ને પોતાના યુગનો રાષ્ટ્રધર્મ માન્યો હતો અને વ્યવહારમાં મૂકયો હતો.

---

૧ પાઠાન્તરઃ प्रदग्धायां

૨ બ્રાહ્મણો અને ક્ષત્રિયો બંનેએ સાથે મળીને ઉપનિષદનું તત્ત્વચિન્તન કર્યું છે. અશ્વપતિ અને જનક ઉપનિષદના મહાન ક્ષત્રિયચિન્તકો હતા, પણ જનકના અધ્યાત્મવિદ્યાના ગુરુ યાજ્ઞવલ્કય હતા. સંભારો ભવભૂતિની પંક્તિ—

' याज्ञवल्क्यो मुनिर्यस्मै ब्रह्मपारायणं जगौ '

ઉ. રા. અંક ૪

૩ રવીન્દ્રનાથ ટાગોર–A vision of India's History.

તત્ત્વનિષ્ઠ જનક જાતે હળ ખેડતાં 'સીતાના જનક'[૧] બન્યા હતા.

પ્રાચીન ભારતમાં યજ્ઞસમારંભો એ સારસ્વત સત્રો હતા. આવા જ્ઞાનસત્રોમાં દેશના વિવિધ ભાગોમાંથી મહાન વિદ્વાનો એકત્ર થતા અને ધર્મ અને તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ પ્રશ્નો ઉપર વિચાર ચલાવતા. લોકમાનસમાં સંન્યાસની ભાવના હજી કાયમ નહોતી થઈ એટલે તપોવનને સ્થાને ઉપવનમાં કે નગરમાં જ્ઞાનીઓના આ જ્ઞાનવિહાર થતા. મિથિલામાં મહાજ્ઞાની જનકના યજ્ઞમાં વિદ્વાનોની પરિષદો ભરાતી અને ત્યાં તત્ત્વજ્ઞાનના અંતિમ પ્રશ્નો પરત્વે ઊંડી ચર્ચા થતી. વિદેહરાજની નગરી બ્રહ્મવાદીઓની અધ્યાત્મવિદ્યાનું મધ્યબિન્દુ બની હતી. ઉપનિષદના ઘણાખરા મહાન વિચારો જનકની મિથિલામાં ઉત્પન્ન થયા હતા. કોસલ અને છેક કુરુપંચાલના બ્રાહ્મણોની જ્ઞાનચર્ચાથી જનકની મિથિલા ગાજી ઉઠતી. આ સર્વ વિદ્વાનોમાં જનકના ગુરુ **યાજ્ઞવલ્કય** એના દરબારનું ભૂષણ હતા. **અશ્વલ**, **આર્તભાગ**, ઉષસ્ત **ચાક્રાયણ**, બ્રહ્મવાદિની **ગાર્ગી** વાચક્નવી, ઉદ્દાલક **આરુણિ**, વિદગ્ધ **શાકલ્ય** વગેરેની પ્રશ્નપરંપરાના ઉત્તર આપી **યાજ્ઞવલ્કયે** એ સર્વેને પરમાત્માના સત્ય સ્વરૂપની પ્રતીતિ કરાવી. સંન્યાસની ભાવનાના આદ્યપ્રવર્તક અને પ્રચારક ઋષિ **યાજ્ઞવલ્કયને** બ્રાહ્મણો અને

---

૧ अथ मे कृषतः क्षेत्रं लाङ्गलादुत्थिता मया ।
क्षेत्रं शोधयता लब्धा नाम्ना सीतेति विश्रुता ॥

રામાયણ–બાલકાંડ

भूतलादुत्थिता सा तु व्यवर्धत ममात्मजा ।
वीर्यशुल्केति मे कन्या स्थापितेयमयोनिजा ॥ **રામાયણ.**

ક્ષત્રિયો એક અવાજે સર્વોત્તમ જ્ઞાની તરીકે સ્વીકારતા. મિથિલાના સરસ્વતીસત્રની સૂક્ષ્મ ચર્ચાઓ પૂરી થતાં, વિજયની પુષ્પ માળ યાજ્ઞવલ્કયના કંઠે અર્પણ થતી.

ઔપનિષદ કાળની પેઠે મહાભારત કાળની વિદ્વદ્‌–પરિષદો એ બુદ્ધિબળના અખાડા હતા. આ યુગમાં પણ વાદ-વિવાદ એ જ્ઞાનપ્રાપ્તિનું સર્વોત્તમ સાધન મનાતું. યજ્ઞવાટમાં વાદ અર્થે સંખ્યાબંધ વિપ્રો એકઠા થતા અને બુદ્ધિની ઉત્તમતા સિદ્ધ કરતા. રાજર્ષિ જનકનો યજ્ઞવાટ એ જ્ઞાનીઓનો અખાડો હતો. એની યજ્ઞશાલામાં વિદ્વાનોના વાદ સાંભળવાને અને એમાં ભાગ લેવાને અનેક બ્રાહ્મણો ભેગા થતા. આ વિદ્વાનોને જનકનો આશ્રય હતો. જ્ઞાનીઓની જ્ઞાનચર્ચામાં જનકને ખૂબ રસ હતો. આ સર્વ વાદવિવાદમાં જનક રાજા મધ્યસ્થ રહેતા અને એમનો નિર્ણય છેવટનો મનાતો. મહાભારતના 'વનપર્વ'માં મિથિલાની એક વિદ્વદ્‌–પરિષદ્‌નો રસિક ઉલ્લેખ છે:—

જનકની યજ્ઞશાલામાં અનેક વિપ્રો એકઠા થયા છે. ત્યાં ઉદ્દાલકનો શિષ્ય કહોળ દ્રવ્ય યાચવા જનક પાસે આવે છે. યજ્ઞવાટમાં વિદ્વાનોના શિરોમણિ વન્દી કહોળ સાથે વાદમાં ઊતરે છે અને એનો પરાજય કરે છે. પિતાના પરાભવનો વૃત્તાન્ત સાંભળતાં વેંત જ કહોળનો બાલપુત્ર અષ્ટાવક્ર પોતાના મામા શ્વેતકેતુ સહવર્તમાન જનકના નગરમાં આવી પહોંચે છે. વન્દીને વાદમાં હરાવવાને અધીરો બનેલો વિપ્રકુમાર જનકની યજ્ઞશાલામાં પ્રવેશ કરવા જાય છે કે તરત જ દ્વારપાલ એને રોકે છે અને કહે છે કે વિદ્વદ્વર્ય, વન્દીનો હુકમ છે કે બાળકોને યજ્ઞવાટમાં આવવા

ન દેવા. દ્વારપાળનાં આ વચન સાંભળી **અષ્ટાવક્ર** જોરથી પોકારે છેઃ—

' હે દ્વારરક્ષક! જો આ શરત હોય કે વૃદ્ધ માટે જ દ્વાર ઉઘાડું છે તો મને દાખલ કરવો ઘટે છે, હું વૃદ્ધ છું. મેં પવિત્ર વ્રતો પાળ્યાં છે અને હું વેદવિદ્યાની શક્તિ ધરાવું છું.

' જેને માથે પળિયાં આવ્યાં છે તે જ વૃદ્ધ છે એવું કાંઇ નથી. દેવો તેને વૃદ્ધ ગણે છે કે જે વયમાં બાળક છતાં જ્ઞાનમાં વૃદ્ધ છે.

' કમળની માળા ધારણ કરનાર નરપતિને નિવેદન કર કે રાજસંસદમાં **વન્દી**ને મળવાને હું તલસું છું અને બારણે ઉભો છું.

' અરે દ્વારપાળ! આજે સર્વ વિદ્વાનોની સાથે વાદમાં ઊતરેલો અને **વન્દી**ને વાદમાં હરાવેલો તું મને જોઇશ. '

આ બાલવીરનો ઉત્તર સાંભળી રાજર્ષિ પોતે એને પ્રવેશ કરવાની અનુમતિ આપે છે. જનક કહે છેઃ—

' હે દિવ્ય પુરુષ! તને હું મનુષ્ય નથી ગણતો. તને બાળક નહિ પણ વૃદ્ધ લેખું છું. વક્તૃત્વમાં તારા સમાન બીજો કોઇ નથી. હે વિદ્વન્! તારે માટે દ્વાર ખુલ્લું છે.'

અષ્ટાવક્ર **વન્દી**ને વાદમાં હરાવે છે.

વાદવિવાદનાં બે સ્વરૂપો–ઉગ્ર અને સૌમ્ય–અષ્ટાવક્ર અને સુલભાનાં આખ્યાનોમાં પ્રકટ થાય છે. ' શાન્તિપર્વ'માં [1]સુલભા અને જનકનો સુપ્રસિદ્ધ સંવાદ છે. પૃથ્વીમંડલમાં ફરતી ફરતી સુલભા નામની ભિક્ષુકી જનકના દરબારમાં આવે છે અને વાદમાં સૌમ્ય સહેતુક વાણીની

---

૧ ' महीमनुचचारैका सुलभा नाम भिक्षुकी ' શ્લો. ૭

મહાભારત–શાન્તિપર્વ અ. ૩૨૫

ઉત્તમતા દર્શાવી જનકને નિરુત્તર કરે છે. આગળ ચાલતાં એજ પર્વમાં શુકદેવની કથા કહેલી છે. [1]રાજર્ષિ જનક વિદ્યાપરાયણ અને ન્યાયપ્રિય હોવા ઉપરાંત મહાન ઉપદેશક પણ છે. બ્રહ્મજિજ્ઞાસાની તૃપ્તિ અર્થે ખુદ વ્યાસજી શુકદેવને જનક પાસે મોકલે છે. પહાડો, નદીઓ અને સરોવરો ઓળંગીને શુક જનકની મનોહર નગરીમાં પ્રવેશ કરે છે. મિથિલાના રમ્ય ઉપવનમાં સુંદર રાજમહેલમાં રાજર્ષિ જનક શુકદેવનું સ્વાગત કરે છે. 'મોક્ષશાસ્ત્રવિશારદ' રાજા શુકદેવને[2] 'સમત્વ'નું દર્શન કરાવે છે. [3]ભગવદ્ગીતામાં કર્મ

---

૧ યાજ્ઞવલ્કય, ઉદ્દાલક આરુણિ આદિ બ્રહ્મવાદીઓને આશ્રય આપનાર રાજર્ષિ.

૨ જનક શુકદેવ પ્રત્યે કહે છેઃ—

यदा स्तुतिं च निन्दां च समत्वेनैव पश्यति
काञ्चनं चायसं चैव सुखं दुःखं तथैव च ॥
शीतमुष्णं तथैवार्थमनर्थं प्रियमप्रियम् ।
जीवितं मरणं चैव ब्रह्मसंपद्यते तदा ॥

શાન્તિપર્વ–અધ્યાય ૩૩૪ શ્લો. ૩૭, ૩૮.

૩ कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।

ભ. ગી. અ. ૩ શ્લો. ૨૦.

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥
स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥

ભ. ગી. અ. ૪ શ્લો. ૨. ૩.

અને જ્ઞાનનો જીવનમાં સમન્વય કરનાર કર્મયોગી તરીકે જનકનો ઉલ્લેખ થયો છે. 'વિષ્ણુપુરાણ'માં મિથિલાના રાજવીઓ આત્મવિદ્યાપરાયણ હતા એ નિર્દેશ ઉપરથી પણ મિથિલા ઔપનિષદધર્મના પ્રચારનું અગત્યનું કેન્દ્ર હતું એમ સમજાય છે.

મિથિલાના જનકના નામથી કોઇ વિશિષ્ટ રાજર્ષિ વિવક્ષિત નથી. વિદેહવંશમાં એટલા બધા જનક થઈ ગયા કે એ અખિલ રાજપરંપરા જનકવંશ કહેવાતી. શતપથ બ્રાહ્મણ અને બૃહદારણ્યકોપનિષદ્‌માં જનક 'સમ્રાટ્' કહેવાય છે. રાજસૂય યજ્ઞવડે એ રાજા થયો અને વાજપેય વડે એ 'સમ્રાટ્' થયો. આશ્વલાયન શ્રૌતસૂત્રમાં જનક મહાન યાજ્ઞિક તરીકે પ્રસિદ્ધ છે. રામાયણ પ્રમાણે મિથિલાના સ્થાપક નિમિ રાજાના પુત્ર મિથિનો પુત્ર 'સીરધ્વજ'[૧] જનક છે. રામાયણના

---

૧ " By the great Janaka " he (Raychaudhari) refers to the Janaka of the later Vedic texts whose court is said to have been thronged with Brahmans and not to the traditional first King Janaka, the eponymous founder of the JankaVamsa, or JanakaSiradhvaja, the reputed father of Sita. "

A reviewer of 'Political History of Ancient India from the accession of Parikshit to the extinction of the Gupta dynasty.' by Hemchandra Raychaudhari.

બાલકાંડમાં 'મહાત્મા જનકની યજ્ઞસમૃદ્ધિ વિશાળ છે[1]' એવો ઉલ્લેખ છે. ભવિષ્યપુરાણ અનુસાર, નિમિના પુત્ર મિથિએ મિથિલા સ્થાપ્યું અને સ્થાપક તરીકે એ જનક કહેવાયો. બૌદ્ધ જાતકોમાં 'મહાજનક'નો ઉલ્લેખ છે. કૌટિલ્ય અર્થશાસ્ત્ર અને નિમિજાતક પ્રમાણે, વિદેહના છેલ્લા રાજા કરાલ જનકે એક બ્રાહ્મણ કન્યા ઉપર અત્યાચાર કરીને પોતાના વંશનો નાશ કરાવ્યો એવી હકીકત છે.

રામાયણ, મહાભારત, બૌદ્ધ અને જૈન સાહિત્યમાં મિથિલા અથવા તિર્હુત એક નામાંકિત રાજ્ય તરીકે પ્રસિદ્ધ છે. પ્રાચીન કાળથી વિદેહ દેશ એ વિદ્યા સાથે વ્યાપારનું પણ કેન્દ્ર હતો. ગૌતમબુદ્ધના સમયમાં શ્રાવસ્તિથી વિદેહ સુધી લોકો વસ્તુવિક્રય અર્થે જતા. બુદ્ધના સમયમાં વિદેહમાં પ્રજાશાસન પ્રવર્તતું હતું. વજીસંઘમાં વિદેહનો સમાવેશ થતો હતો જેમાં વૈશાલીના લીચ્છવીઓ અગ્રેસર હતા. મહાવીર સ્વામી ત્રીસ વર્ષના એમના વિદેહવાસ દરમિયાન છ માસ પર્યંત એમના પ્રિય નિવાસ મિથિલામાં રહ્યા.[2]

બૌદ્ધ જાતકોમાં તક્ષશિલા અને વારાણસીની સાથે મિથિલા પણ બ્રાહ્મણવિદ્યાના પ્રસિદ્ધ સ્થાન તરીકે નિર્દિષ્ટ થએલું છે. મિથિલાના સંસ્કારી રાજાઓએ જનકની

---

૧ 'साघ्वी यज्ञसमृद्धिर्हि जनकस्य महात्मनः'

રામાયણ–બાલકાંડ

૨ જૈનો પોતાના ચોવીસમાંથી ૧૯ મા તીર્થંકર મલ્લિનાથને મિથિલામાં જ થયેલા માને છે અને હજી દરભંગા પાસેના સીતામઢી ગામમાં તેઓ એજ કારણે યાત્રા અર્થે જાય છે.

જ્ઞાનપરંપરા લાંબો સમય સાચવી રાખી. શસ્ત્રવિદ્યાના મહાન આચાર્ય તરીકે 'વિદેહરાજ' નિમિનો ઉલ્લેખ સંપ્રદાયસિદ્ધ છે. મિથિલાના એક રાજા વિદેહને ધર્મશાસ્ત્રમાં ચાર સન્ત પુરુષો ઉપદેશ આપતા એવો ઉલ્લેખ છે. અન્ય રાજ્યોની પેઠે મિથિલાના રાજકુમારો વિદ્યાવિકાસને અર્થે તક્ષશિલા જતા એ હકીકત જાતકોમાંથી મળી આવે છે. જનકના તેજસ્વી યુગ પછી વિદ્યાના કેન્દ્ર તરીકે મિથિલાનું સ્થાન ચઢતું ઉતરતું થયું હશે, પરન્તુ ઇસ્વીસનના બારમા શતકની આખરે **નાલન્દા, વિક્રમશીલા,** અને **ઉદ્દાન્તપુરીનાં** વિદ્યાપીઠોના વિનાશ પછી બ્રાહ્મણસંસ્કૃતિનું પુનર્વિધાન થતાં, પ્રથમ મિથિલા અને પછી **નવદ્વીપ** બ્રાહ્મણ સંસ્કારિતાનાં મહાન કેન્દ્રો બન્યાં.

મહિપાલદેવના રાજ્યમાં, ચેદીવંશના **ગાંગેવદેવે** ગૌડ રાજ્ય ઉપર હલ્લો કર્યો અને મિથિલા જીત્યું. મિથિલામાં બારમા શતકની આખરે દક્ષિણ હિન્દના રાજા[1] **નાન્યદેવે**

---

૧ શ્રી. કે. પી. જયસ્વાલ 'Contributions to the History of Mithila' B and OR. Journal માં લખે છેઃ—

ઇસ્વીસન ૧૦૯૭ નાન્યદેવના રાજ્યારોહણનું વર્ષ છે.

વિદ્યાપતિની 'પુરુષપરીક્ષા'ની આવૃત્તિમાં પંડિત ચંદા ઝા નીચેનો શ્લોક આપે છેઃ—

स्वाती–शनैश्चरद्युति करि–वैरीलग्ने ।
तन्नान्यदेव नृपतिर्विदधीत वास्तुम् ॥

ઈ. સ. ૧૦૯૭ થી ઇ. સ. ૧૩૨૪ પર્યંત કર્ણાટ વંશના રાજાઓએ મિથિલામાં રાજ્ય કર્યું.

કર્ણાટ વંશની સ્થાપના કરી ત્યારથી મિથિલાના ઇતિહાસમાં ફરી પાછું તેજસ્વી પાનું ઉઘડે છે.

મિથિલાની ઉત્તરમાં તેરાઈનાં અભેદ્ય અરણ્યો આવેલાં છે. એની પશ્ચિમમાં ગંડકી, દક્ષિણમાં ગંગા, અને પૂર્વમાં કૌશિકીનાં ઊંડાં નીર વહી રહ્યાં છે. એની સમસ્ત ભૂમિ નાના નાના વાંકાચૂંકા અગણિત જળમાર્ગોથી ગૂંથાએલી છે. આવા પ્રાકૃતિક રક્ષણને લીધે મિથિલા ઉપર પરદેશીઓ વારંવાર હુમલાઓ કરી શકયા નથી. ઇસ્વીસનના તેરમા શતકમાં મુસલમાન આક્રમણના પ્રલયમાંથી મિથિલા સર્વથા મુક્ત રહી શકયું નહિ તો પણ તુર્ક હુમલાખોરોના અશ્વોને ત્યાં આવતાં ભારે પરિશ્રમ વેઠવો પડયો. મલિક–ઈઝઝુદ્દિન તંઘરિલે મિથિલા ઉપર આક્રમણ કર્યું, પણ માત્ર લૂંટ કરી ચાલતો થયો. ચૌદમા શતકના પ્રથમ ચરણને અંતે ગ્યાઝુદ્દિન તઘલખે રાજા હરિસિંહદેવને હરાવી નેપાલમાં નસાડી મૂકયો. આ બે પ્રસંગો બાદ કરતાં મિથિલાનું લોકજીવન શાન્ત અને સુખી હતું, અને વિદ્વજ્જનો નિર્વિઘ્ને સાહિત્યપ્રવૃત્તિ કરી શકતા. એકસો પચ્ચીસ વર્ષ પર્યંત મુસલમાન આક્રમણથી નજીકનાં રાજ્યો વેરાન ખંડેરો થતાં ગયાં, છતાં સંસ્કૃત વિદ્યાના સદ્‌ભાગ્યે, મિથિલાના સાહિત્યનો સ્રોત વહેતો રહ્યો.

તેરમા સૈકાના આરંભથી પંદરમા સૈકાના અંત સુધી મિથિલામાં સાહિત્યના સમુલ્લાસનો સુવર્ણયુગ હતો. મુસલમાન હુમલાખોરોએ નિકટનાં વિદ્યાલયો બાળી નાખ્યાં પરંતુ એ જ્વાલામાંથી બચીને નાસી છૂટેલા પંડિતો અને અભ્યાસીઓએ મિથિલામાં આશ્રય લીધો. વિદ્વાનોની

ભરતીથી અને કર્ણાટ અને કામેશ્વર કુલના રાજવંશીઓની સહાયતાથી સંસ્કૃત અને મૈથિલી સાહિત્ય વિકાસ પામતું ગયું.

આ સમયમાં મિથિલામાં ન્યાય, સ્મૃતિ, તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, અલંકાર, કાવ્ય આદિ વિષયોમાં વિશારદ મહાન પંડિતો થઇ ગયા. ગંગેશ ઉપાધ્યાયના 'તત્ત્વચિન્તામણિ' ગ્રન્થથી ન્યાયશાસ્ત્રના ઇતિહાસમાં નવીન યુગનો આરંભ થાય છે. આ મહાન ગ્રન્થ હિન્દુ ન્યાયની અર્વાચીન પરંપરાનો આદિગ્રન્થ છે. 'નવ્ય ન્યાય' (Neo-Logic) ના સ્થાપક ગંગેશ અને એના ઉત્તરાધિકારી ન્યાયશાસ્ત્રાચાર્યોની શૈલી એમના પૂર્વાચાર્યો—ગૌતમ, નાગાર્જુન, આર્યદેવ, વાત્સ્યાયન, દિઙ્નાગ, ઉદ્યોતકર, ધર્મકીર્તિ, કુમારિલ, વાચસ્પતિ અને ઉદયન કરતાં જુદી તરી આવે છે. આ નવીન વિદ્વાનોએ વ્યાપ્તિના અર્થની વિશેષ ચર્ચા કરી છે. માધવાચાર્યના 'સર્વદર્શનસંગ્રહ'માં 'તત્ત્વચિન્તામણિ પ્રકાશ'ના કર્તા ગંગેશના પુત્ર વર્ધમાન ઉપાધ્યાયનો આદરપૂર્વક ઉલ્લેખ થયો છે. આ યુગમાં હરિસિંહદેવના મન્ત્રી નેપાલ વિજેતા ચન્દ્રેશ્વર ઠક્કુર 'સ્મૃતિનું પુનર્વિધાન' કરે છે. સાત વિભાગમાં 'સ્મૃતિ રત્નાકર' રચી એઓ 'નવ્ય સ્મૃતિ'નો આરંભ કરે છે. પદ્મનાભદત્ત વ્યાકરણનો નવીન સંપ્રદાય સ્થાપે છે. ભાનુદત્ત મિશ્ર અલંકારશાસ્ત્ર ઉપર લોકપ્રિય ગ્રન્થો રચે છે. જ્યોતિરીશ્વર કવિશેખરાચાર્ય[1] મૈથિલીમાં 'વર્ણ

૧ Suniti Kumar Chatterji: The Varna-Ratnakar of Jyotiris'vara Kavis'ekharacharya.

રત્નાકર ' લખે છે. **અભિનવ વાચસ્પતિ** ન્યાય સ્મૃતિ અને તત્ત્વજ્ઞાનના સમર્થ લેખક છે. **મિથિલાના** હરિનારાયણ અર્થે એ 'વિવાદ ચિન્તામણિ' રચે છે. નવદ્વીપના સુપ્રસિદ્ધ આચાર્યો **વાસુદેવ સાર્વભૌમ** અને રઘુનાથ શિરોમણિના ગુરુ **પક્ષધર** મિશ્ર ન્યાય ગ્રન્થો ઉપરાંત 'પ્રસન્ન રાઘવ' અને 'ચન્દ્રાલોક' ના કર્તા છે. [1]**શંકર મિશ્ર** વૈશેષિક અને ન્યાયના ગ્રન્થો ઉપરાંત 'સ્મૃતિ સુધાકર' નામનો સ્મૃતિ-ગ્રન્થ રચે છે. **જગદ્ધર**, ગીતા, દેવી માહાત્મ્ય, મેઘદૂત, ગીત-ગોવિન્દ, માલતીમાધવ અને વેણીસંહાર ઉપર ટીકા લખે છે અને 'રસિક સર્વસ્વ' અને 'સંગીત સર્વસ્વ' નામના મૂળ ગ્રન્થો રચે છે. **મિથિલાના** સર્વોત્તમ કવિ **વિદ્યાપતિનું** નામ મૈથિલી ગીતો સાથે જોડાએલું છે. 'કૃત્તિલતા' 'કૃત્તિપતાકા' અને ખાસ કરીને પદાવલીએ બંગાળાના વૈષ્ણવ લેખકો અને ઉપદેશકોને અદ્ભુત પ્રેરણા આપી છે.

---

૧ **મિથિલાના** ત્રણ પ્રસિદ્ધ વિદ્વાનો પરત્વે એક સુપ્રસિદ્ધ ઉક્તિ નીચે પ્રમાણે કહેવાતીઃ—

शंकरवाचस्पत्योः शंकरवाचस्पती सदृशौ ।
पक्षधरः प्रतिपक्षी लक्ष्यीभूतो न च क्वापि ॥

શંકર અને વાચસ્પતિને શિવ અને બૃહસ્પતિ સાથે સરખાવાય પણ પક્ષધરને તો કોઇની સાથે સરખાવાય નહિ.

વળી,

येषां कोमलकान्त कौशलकला लीलावती भारती ।
तेषां कर्कशतर्कवचनोद्धारेऽसि किं हीयते ॥

(**પ્રસન્નરાઘવ-પ્રસ્તાવના**)

મિથિલામાં જ્ઞાનની ભારે પ્રવૃત્તિનો આ યુગ હતો. પૂર્વોક્ત પંડિતો તે સમયના નભોમંડળના મહાન જ્યોતિર્ધરો હતા, મિથિલાના વિદ્યાપીઠનો સર્વોત્તમ પાક હતા. આ સમયમાં મિથિલાની કીર્તિ ટોચે પહોંચી હતી અને હિંદનાં સર્વ વિદ્યાલયોમાં પ્રસરી હતી.

ઇસ્વીસનના તેરમા, ચૌદમા અને પંદરમા શતકોમાં મિથિલા બ્રાહ્મણવિદ્યાનું એક મહાન કેન્દ્રસ્થાન હતું. ન્યાય, તત્ત્વજ્ઞાન, સ્મૃતિ આદિ વિષયો ત્યાં શીખવાતા. ખાસ કરીને ન્યાયશાસ્ત્રનું અધ્યયન કરવા અર્થે હિંદના બધા ભાગમાંથી વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં ત્યાં ઊભરાતાં.

આ પ્રસિદ્ધ વિદ્યાસ્થાનમાં વિદ્યાભ્યાસ પરિપૂર્ણ કરનાર વિદ્યાર્થીને શલાકા–પરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડતું. ગ્રન્થના અમુક પૃષ્ઠમાં સોય ખોશી વિદ્યાર્થીને પ્રશ્ન તરીકે પૂછાતું. આ પ્રમાણે ગ્રન્થનો કોઇ પણ ભાગ સમજાવવામાં એને પોતાની શક્તિ સિદ્ધ કરવી પડતી. પરીક્ષામાં સફલ થયા પછી એને મિથિલા વિદ્યાપીઠની ઉપાધિ પ્રાપ્ત થતી. નવદ્વીપના સમર્થ પંડિત **વાસુદેવ–સાર્વભૌમે**, તે સમયના સર્વોત્તમ નૈયાયિક **પક્ષધર મિશ્રના** મહાવિદ્યાલયમાં અભ્યાસ સમાપ્ત કર્યા બાદ શલાકા–પરીક્ષા પસાર કરી. પરીક્ષામાં સોયથી વિંધેલા તાડપત્રની એક હસ્તલિખિત પ્રત એને સમજાવવાની હતી. પરંતુ એક પછી એક એમ સો પ્રતો એણે સમજાવી એટલે આચાર્ય એટલા પ્રસન્ન થયા કે એને 'સાર્વભૌમ'ની ઉપાધિ અર્પણ કરી. **વાસુદેવ સાર્વભૌમે**

નવદ્વીપ જઇ 'નવ્ય ન્યાય'ના અધ્યયન અર્થે વિદ્યાલય ઉઘાડયું. પંડિત વાસુદેવના શિષ્ય રઘુનાથ શિરોમણિએ પણ મિથિલા વિદ્યાપીઠમાં ન્યાયનું અધ્યયન કર્યું અને આચાર્ય પક્ષધરમિશ્રે એની પીઢ પ્રજ્ઞાથી પ્રસન્ન થઇ એક વિદ્વદ્-પરિષદ્‌માં રઘુનાથની સર્વોત્કૃષ્ટતા જાહેર કરી અને નવદ્વીપ વિદ્યાપીઠને ઉપાધિઓ એનાયત કરવાનો અધિકાર આપ્યો.

મિથિલા વિદ્યાપીઠે બંગાળાના અનેક વિદ્વાનો ઉત્પન્ન કર્યા. સંસ્કૃતવિદ્યામાં-ખાસ કરીને ન્યાય અને સ્મૃતિમાં-મિથિલાએ સમસ્ત બંગાળાના ગુરુ અને પ્રેરકનું કાર્ય કર્યું. મિથિલામાં સ્નાતક વા નિષ્ણાત બનીને બંગાળી વિદ્વાનો પાછા ફરતા ત્યારે વિદ્યાપતિનાં મૈથિલી ગીતો ગાતાં ગાતાં સમસ્ત બંગાળાને સંસ્કારી બનાવતા.

આવી યશસ્વી કારકીર્દી મિથિલા વિદ્યાપીઠ ચિરકાલ ભોગવી શક્યું નહિ. આ વિદ્યાપીઠે જ્ઞાનનો છૂટથી વિનિમય ન કરતાં ન્યાયશાસ્ત્રની હસ્તલિખિત પ્રતો કે નિષ્ણાત અધ્યાપકોનાં વ્યાખ્યાનની નોંધો સંસ્થા બહાર લઇ જવાનો વિદ્યાર્થીમાત્રને નિષેધ કર્યો. કેવળ ઉપાધિઓ લઇને સ્નાતકો બહાર જઈ શકતા. આ પ્રતિબંધને લીધે મિથિલા સિવાયનાં વિદ્યાલયોમાં ન્યાયનો અભ્યાસ વધારવામાં ભારે મુશ્કેલીઓ નડવા માંડી. આખરે નવદ્વીપના બે સમર્થ પંડિતો-વાસુદેવ સાર્વભૌમ અને રઘુનાથ શિરોમણિએ મિથિલા જઈ ન્યાયનું સાંગોપાંગ અધ્યયન કર્યું અને નવદ્વીપમાં 'નવ્ય ન્યાય'ની પ્રણાલિકા સ્થાપી. નદીઆના મહાન નૈયાયિકોએ

બહોળે હાથે જ્ઞાનનો પ્રચાર કરવા માંડયો અને મિથિલાની કીર્તિ ઝાંખી પડી.

સોળમા સૈકામાં મિથિલા વિદ્યાપીઠની સંકુચિત નીતિને પરિણામે ન્યાયશાસ્ત્રનો જોશબંધ વહેતો પ્રવાહ કાંઇક મંદ પડી ગયો. પંદરમા, સોળમા અને સત્તરમા શતકમાં, જ્યારે પંજાબમાં નાનક અને બંગાળમાં ચૈતન્યના ઉપદેશની અસરથી સમસ્ત ઉત્તરહિંદ ધાર્મિક અને સામાજિક સંચલનોથી ખળભળ્યું હતું ત્યારે મિથિલા એ સર્વ પ્રવૃત્તિઓથી અલિપ્ત રહી કર્મકાંડની જાળમાં વ્યાપૃત રહ્યું. ઓગણીસ અને વીસમી સદીમાં વિસ્તરેલી વર્તમાન કેળવણીથી એ બહુધા અસ્પૃષ્ટ રહ્યું. આ ઊણપો છતાં અખિલ હિંદમાં સ્મૃતિના આદિથી તે અંત પર્યંત પ્રત્યેક અંગ ઘડવામાં મિથિલાનો સર્વોત્તમ ફાળો છે.

જેમ બૌદ્ધોના શૂન્યવાદ–અદ્વયવાદ–સામે ટકવાને બ્રાહ્મણોએ ન્યાય અને વૈશેષિકનું શરણ લીધું, તેમ મુસલમાનોના રીતરીવાજોમાંથી હિંદુસમાજનું સંરક્ષણ કરવાને એમણે સ્મૃતિની નવીન રચના કરી. શ્રી. કાશીપ્રસાદ જયસ્વાલ કહે છે તેમ[૧] 'વ્યવહાર–વિવાદ આદિ સાંગોપાંગ સ્મૃતિપરંપરા (Legal history) મિથિલા આજ સુધી સાચવતું આવ્યું છે.' બ્રિટિશ યુગ પહેલાં પણ આ દેશમાં પ્રાડ્વિવાકે (મુખ્ય ન્યાયાધીશ) સંસ્કૃતમાં લખેલું 'જયપત્ર' (ન્યાયાધીશ અને સભ્યોની પરિષદ્નો નિર્ણય) સ્મૃતિનો અદ્ભુતવિકાસ દર્શાવે છે. આવાં 'જયપત્રો' ના સુપ્રસિદ્ધ નમૂનાઓ મળી આવ્યા

૧ K. P. Jayaswal–A Judgment of a Hindu Court in Sanskrit. J. B. O. R. S. 1920.

છે.[1] સમુદ્રની પેલી પાર આવેલા જાવાના હિંદુ સંસ્થાનમાં લખાએલું 'જયપત્ર' અને મિથિલાનું 'જયપત્ર' એક જ પરંપરાને અનુસરેલ છે, એમ ડૉ. જુલિઅસ જૉલીએ દર્શાવ્યું છે. આવો આ સુપ્રસિદ્ધ વિદ્યાસ્થળનો મહિમા છે.

મિથિલાના ઇતિહાસમાં યુદ્ધના ભેરીનાદ કે વિજયવંત રાજવીઓના જયઘોષ સંભળાતા નથી; પરંતુ સાહિત્યના શાન્ત અને સાત્ત્વિક રસમાં નિમગ્ન જનકના ઉત્તરાધિકારી રાજર્ષિઓના દરબારની જ્ઞાનગોષ્ઠીઓના મનોહર સૂર સંભળાય છે. સમગ્ર બંગાળા અને બિહાર મુસલમાન આક્રમણથી સંક્ષુબ્ધ થયા હતા તેવે સમયે પણ મિથિલાના હિંદુ રાજાઓ અને રાણીઓ વિદ્વત્ સમાગમમાં અને કવિતા અને સાહિત્યના ઉપભોગમાં આયુષ્ય નિર્ગમન કરી શકતાં હતાં. 'શાન્તિની અધિત્યકાએ' ચિરકાળ રહીને મિથિલાએ શુદ્ધ સંસ્કૃત સાહિત્યનાં અમૃત ઝરણાં વહેવડાવ્યાં છે. જ્ઞાની રાજર્ષિઓની પરંપરા અને તજ્જન્ય સાહિત્ય–સમુલ્લાસ એ મિથિલાની સંસ્કૃતિની અનન્યસાધારણતા છે. વિદ્યા એ બજારુ સોદાની વસ્તુ નથી, પરંતુ આત્માની સ્વાભાવિક અને અનિવાર્ય ભૂખ છે અને એ ભૂખની તૃપ્તિમાં કોઈ અનિર્વચનીય આનંદ રહેલો છે, એ મિથિલાના ઇતિહાસનો રહસ્યમન્ત્ર છે.

---

૧ Ashutosh Mookerji–Historical Research in Bihar & Orissa. J. B. O. R. S. 1924.

૧૦

નવદ્વીપ વિદ્યાપીઠ.

ઇસ્વીસનના અગિયારમા શતકના મધ્યભાગમાં નવદ્વીપ (નદીઆ) ચોક્કસ તારીખવાર ઇતિહાસની રંગમૂમિ ઉપર દૃષ્ટિગોચર થાય છે. ભાગીરથી અને જલાંગીના સંગમ ઉપર એ આવેલું છે. સપ્તગ્રામ અને સંસુક્ત પ્રાંતો વચ્ચે ભાગીરથીમાં થઇને વેપાર ચાલતો. ભાગીરથીની પવિત્રતા વિચારી સેનરાજાઓએ એ રાજધાની માટે પસંદ કર્યું. દશમી સદીમાં પાલરાજાઓ પણ આ સ્થળમાં આવતા અને થોડોક સમય રહી જતા એમ કેટલાંક બૌદ્ધ ખંડેરો ઉપરથી જણાય છે.

મગધનાં વિદ્યાપીઠોનો વિનાશ કરીને ઇ. સ. ૧૨૦૩ માં બખત્યારના પુત્ર મહમદે બંગાળાના વિજય અર્થે લશ્કર તૈયાર કર્યું અને નદીઆના રાજા લક્ષ્મણસેન ઉપર અણધાર્યો છાપો માર્યો. ભોજન અધૂરુ મુકીને રાજા મહેલના પાછલા બારણેથી નાઠો. એની રાણીઓ, દાસદાસીઓ અને અપાર દોલત મુસલ્માનોના હાથમાં ગયાં.[૧] રાજા લક્ષ્મણસેન કવિ હતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તેરમા શતકના આરંભથી પ્લાસીના યુદ્ધપર્યંત નદીઆમાં મુસલ્માન અમલ રહ્યો; તથાપિ બંગાળામાં એ હિંદુવિદ્યાનું મહાન સ્થાન બની શક્યું. પંદરમા શતકમાં નદીઆમાં વિદ્યાપીઠનું બીજ રોપાયું. મુસલ્માન રાજાઓએ આ વિદ્યાપીઠના બંધારણ અને વિકાસમાં સીધી રીતે કેટલી સહાયતા કરી હશે એ કહી શકાય

૧ V. A. Smith: Early History of India.

તેમ નથી. મુસલમાનોએ બંગાળાના ખૂણાઓમાંથી પણ બૌદ્ધધર્મ અને એની સંસ્થાઓનો વિનાશ કર્યો, પરંતુ બ્રાહ્મણોએ સ્થાપેલી આ નવી વિદ્યાપીઠ મુસલમાન શાસન દરમિયાન પણ ખીલી શકી.

બંગાળામાં **નદીઆ** વિદ્યાપીઠના ઉદય પહેલાં બિહારમાં બે સુપ્રસિદ્ધ વિદ્યાપીઠો હતાં: **વિક્રમશીલાનું** બૌદ્ધ વિદ્યાપીઠ; અને **મિથિલાનું** બ્રાહ્મણ વિદ્યાપીઠ. મુસલમાન હુમલાખોરોએ વિક્રમશીલાનું વિદ્યાપીઠ બાળી નાખ્યું અને વિહારવાસીઓનો સંહાર કર્યો એટલે **મિથિલા** વિદ્યાપીઠનું અગત્ય વધતું ગયું; પરંતુ **નવદ્વીપના** મહાન વિદ્વાનોને લીધે **મિથિલાની** કીર્તિ ઝાંખી પડતી ગઇ.

નદીઆ વિદ્યાપીઠના પ્રથમ આચાર્ય **વાસુદેવ સાર્વભૌમ** હતા. પંદરમા શતકના મધ્યમાં એઓ **નદીઆમાં** જન્મ્યા હતા. એમના પિતા મહેશ્વર વિશારદે એમને સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય અને ધર્મશાસ્ત્રમાં વિશારદ કર્યા. પચ્ચીસ વર્ષની વયે પંડિત **વાસુદેવ મિથિલા** ગયા અને એ સમયના સર્વશ્રેષ્ઠ નૈયાયિક **પક્ષધરમિશ્રના** વિદ્યાલયમાં દાખલ થયા. **મિથિલામાં** અધ્યયન પૂરું કર્યા બાદ એમને શલાકા–પરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડયું. આ પરીક્ષામાં સોયથી વીંધેલા તાડપત્ર પરની એક હસ્તલિખિત પ્રત એમને સમજાવવાની હતી. એક પછી એક એમ સો પ્રત પંડિત **વાસુદેવે** સમજાવી. એમના ગુરુએ પ્રસન્ન થઈ એમને **સાર્વભૌમની** ઉપાધિ આપી.

વાસુદેવ સાર્વભૌમને લાગ્યું કે **મિથિલાના** અધ્યાપકો

બહારના વિદ્યાર્થીઓને ન્યાયના ગ્રન્થો ઉતારવાની રજા આપતા નથી એટલે ગંગેશ ઉપાધ્યાયના 'તત્ત્વચિન્તામણિ'નો સમગ્ર ગ્રન્થ અને 'ઉદયનાચાર્ય'ની 'ન્યાય કુસુમાંજલિ'નો છંદોબદ્ધ ભાગ એમણે કંઠે કર્યા. મિથિલાથી પાછા ફરતાં કદાચ જિંદગી જોખમાશે એ ડરથી નદીઆ જવાના બહાને ગુપ્ત રીતે એ કાશી ગયા અને ત્યાં કેટલાંક વર્ષ વેદાન્ત શીખ્યા બાદ પંદરમા શતકના સમાપ્તિકાલે નદીઆ પાછા ફર્યા.

પંડિત વાસુદેવે સ્મૃતિમાંથી પૂર્વોક્ત બંને ગ્રંથો લખાવીને નદીઆમાં ન્યાયની પ્રથમ પાઠશાળા સ્થાપી. વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં આ મહાન આચાર્ય પાસે એકઠાં થતાં ગયાં. એમના બે યશસ્વી શિષ્યો સમર્થમાં સમર્થ ન્યાયશાસ્ત્રાચાર્ય રઘુનાથ શિરોમણિ અને બંગાળામાં વૈષ્ણવસંપ્રદાયના પ્રવર્તક ગૌરાંગ મહાપ્રભુ (ચૈતન્ય) હતા. ઉત્તરાવસ્થામાં પંડિત વાસુદેવે પોતાના શિષ્ય ચૈતન્યના વૈષ્ણવધર્મના સિદ્ધાંતો સ્વીકાર્યા એમ કહેવાય છે.[1] એ 'સાર્વભૌમ નિરુક્તિ'ના લેખક છે, જે ગંગેશના મહાન ગ્રંથનું ભાષ્ય છે.

નદીઆના વિદ્યાસ્થાનને 'યુનિવર્સિટી'નું સ્વરૂપ અને અધિકાર અપાવવાનું માન તો પંડિત વાસુદેવના પટ્ટશિષ્ય રઘુનાથ શિરોમણિને ઘટે છે. મિથિલાના ન્યાયશાસ્ત્રાચાર્યોને જિતી એ મહાવિદ્વાને નવદ્વીપની ખ્યાતિ સમસ્ત દેશમાં વિસ્તારી.

---

१ नौमि तं गौरचन्द्रं यः कुतर्क कर्कशाशयम् ।
सार्वभौमं सर्वभूमा भक्ति भूमानमाचरत् ॥ मध्यलीला
History of Bengali Literature–Dineshchandra.

રઘુનાથનો જન્મ ઈસ્વીસન ૧૪૭૭ માં નદીઆમાં થયો હતો. એની ચાર વર્ષની ઉંમરે પિતાનું અવસાન થયું. નિરાધાર માતાએ મહામહેનતે પુત્રનું ભરણપોષણ કર્યું. પાંચ વર્ષની વયે બાળક રઘુનાથને માતાએ નજીકના સાર્વભૌમ વિદ્યાલયમાં અગ્નિ લેવા મોકલ્યો. રઘુનાથ સાથે વાસણ લેવાનું ભૂલી ગયો. તુરતજ એક વિદ્યાર્થી ધગધગતો અંગારો લઇને બહાર આવ્યો એટલે રઘુનાથે જમીન પરથી રેતી લઇને એ લઈ લીધો. **વાસુદેવ સાર્વભૌમ** આ બુદ્ધિમાન બાળકની પ્રત્યુત્પન્નમતિથી આશ્ચર્યચકિત થઈ ગયા અને એ જ ક્ષણથી આ બાળકના પોષણ: અને કેળવણીનો જાતે પ્રબંધ કર્યો. રઘુનાથે વ્યંજન શીખવાનો આરંભ કર્યો એટલે ગુરુઓને પ્રશ્ન પૂછવા માંડયા કે 'ખ' પહેલાં 'ક' કેમ આવે ? આથી એના ગુરુઓને છન્દઃશાસ્ત્ર (phonetics) અને વ્યાકરણના નિયમો સ્પષ્ટતાથી એને સમજાવવા પડતા. વ્યાકરણ, સાહિત્ય, કોષ અને નિર્ણયસિંધુ પૂરા કર્યા પછી રઘુનાથ તત્પરતાથી **વાસુદેવ સાર્વભૌમ** પાસે ન્યાય શીખવા લાગી ગયા અને એ વિષયની સૂક્ષ્મતમ ચર્ચાઓ કરવા માંડી. વિદ્યાલય પાસેના ખેતરમાં એક વડના ઝાડ પાસે બેસી ઊંડા ધ્યાનપરાયણ થઇ ન્યાયના પ્રશ્નો ઉપર એ વિચાર ચલાવતા. એમના ગુરુ કરતાં જ્ઞાનમાં એ સવિશેષ ચડી ગયા અને ગંગેશ પરની **વાસુદેવ**ની ટીકા નિરર્થક છે એમ જાતે દર્શાવવાની હિંમત કરી. આ ઉપરાંત **નદીઆ** વિદ્યાલયને ઉપાધિઓ આપવાનો અધિકાર અપાવવા માટે એઓ પંડિત **વાસુદેવ**ની રજા લઇને શિષ્યભાવે **મિથિલા** ગયા અને ત્યાંના સુપ્રસિદ્ધ આચાર્ય **પક્ષધરમિશ્ર**ના વિદ્યાલયમાં પોતે પ્રવેશ કર્યો. રઘુનાથ એકાક્ષ હોવાથી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ એનો

ઉપહાસ કરતા અને કહેતા કે 'ઇન્દ્રને એક હજાર આંખો છે, શિવને ત્રણ છે, બીજા બધાંને બે છે, પણ રઘુનાથ! તારે કેમ એક છે?'

તથાપિ વિદ્યાલયમાં દાખલ થઇને રઘુનાથે પોતાની લાયકાત સિદ્ધ કરી બતાવી. ગુરુને પણ આ મહાન વિદ્યાર્થીને શીખવવું ભારે થઈ પડતું અને આ તેજસ્વી શિષ્યની સાથે અનેક વાર વિવાદમાં ઊતરવું પડતું. એક પ્રસંગે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અને વિદ્વાનો સમક્ષ ગુરુ–શિષ્ય વચ્ચે લાંબી અને ગરમાગરમ ચર્ચા થઇ. પરિણામે ગુરુ હાર્યા અને ચીઢાયા અને ક્રોધના માર્યા બોલી ઊઠ્યા: '**अभाग्यं गौडदेशस्य काणः यत्र शिरोमणिः**' ગૌડદેશનું દુર્ભાગ્ય છે કે ત્યાં કાણો શિરોમણિ છે!

આ અપમાન પર વારંવાર ચિંતન કરતાં રઘુનાથનો અભિમાની સ્વભાવ છંછેડાયો અને પ્રતિસ્પર્ધી ગુરુ પર વેર લેવા એણે નિશ્ચય કર્યો. એ જ રાત્રે હાથમાં તલવાર લઇને પક્ષધરમિશ્રના ઘરમાં એ લપાઈ ગયો. મધ્યરાત્રિએ સુયોગ્ય તક વિચારીને ગુરુ અને ગુરુપત્ની સૂતાં હતાં ત્યાં એ ગયો. રઘુનાથ આ દુષ્ટ હેતુ પાર પાડતાં અચકાયો. શરદ્‌ની તેજસ્વી પૂર્ણિમા હતી અને ચંદ્ર આકાશે ચઢ્યો હતો. આકાશમાં અને સર્વત્ર શાન્તિ હતી. બે દુર્ભાગી નૈયાયિકો સિવાય સર્વ સુખી હતા. શિષ્યને કીર્તિ મેળવવી હતી અને ગુરુને એ સાચવવી હતી. રઘુનાથ આગળ ધસ્યો પણ ખંચાયો. એ રીઢો પાતકી ન હતો, એ કાંઈક સાંભળવા રોકાયો. ગુરુપત્નીએ અરૂન્ધતીની પેઠે ચંદ્રના તેજની સ્તુતિ કરી અને પતિને કહ્યું: 'નાથ! આ ચંદ્ર જેવું કાંઈએ તેજસ્વી છે?'

વૃદ્ધ પતિએ ઉત્તર વાળ્યો: 'એક જ વસ્તુ એના જેવી બલ્કે એના તેજથીએ ચઢિયાતી છે, એ જ આખી રાત હું વિચારતો હતો. બંગાળાથી મિથિલામાં એક વિદ્યાર્થી આવ્યો છે. પ્રભાતે વિવાદમાં એણે મારા ઉપર વિજય પ્રાપ્ર કર્યો છે. મને લાગે છે કે ચંદ્ર કરતાં પણ એની બુદ્ધિ અધિક તેજસ્વી છે !'

રઘુનાથે આ વાર્તાલાપ સાંભળ્યો. એના હાથમાંથી તલવાર સરી ગઈ અને એ વિસ્મયચકિત બનીને ગુરુના ચરણે ઢળ્યો. પક્ષધરે શિષ્યને ક્ષમા આપી અને એને સ્નેહથી ભેટી પડ્યા. બીજે દિવસે સમસ્ત વિદ્વદ્–પરિષદમાં પોતાના યુવાન બંગાળી નૈયાયિક શિષ્યની સર્વોત્તમતા પક્ષધરમિશ્રે જાહેર કરી. આ સ્વીકારથી રઘુનાથને નદીઆમાં ઉપાધિઓ આપવાનો પરવાનો મળી ચૂક્યો. ઈ. સ. ૧૫૧૪ માં રઘુનાથે આ વિજય પ્રાપ્ત કર્યો ત્યારથી નદીઆ વિદ્યાપીઠનો ખરા અર્થમાં પાયો નંખાયો. મિથિલાથી પાછા ફરીને રઘુનાથે નદીઆમાં ન્યાયની પાઠશાળા સ્થાપી. [૧]

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં મહાન પરિવર્તન કરનાર ગંગેશ ઉપાધ્યાયનો 'તત્ત્વચિંતામણિ' ગ્રંથ મિથિલાના પંડિતોના અભ્યાસનો મહાન વિષય થઇ પડયો હતો. પંદરમા શતકના મધ્યભાગમાં પંડિત વાસુદેવે મિથિલા વિદ્યાપીઠમાં એ ગ્રંથ શીખી કંઠે કરી એનું અધ્યયન બંગાળામાં દાખલ કર્યું. ઇ. સ. ૧૫૦૩ માં નવદ્વીપનું વિદ્યા-

---

૧ વાસુદેવ સાર્વભૌમ અને રઘુનાથ શિરોમણિના જીવનવૃત્તાંતનો ભાગ સતીશચન્દ્ર વિદ્યાભૂષણના 'History of Indian Logic' ના આધારે લખ્યો છે. આમાંનો ઘણોખરો ભાગ દંતકથા છે.

પીઠ સ્થપાયું એટલે શિરોમણિ અને એના અનુગામીઓના મહાન પ્રયાસથી સમસ્ત બંગાળામાં વિદ્વાનોનો એ પ્રિય ગ્રન્થ થયો. ધીમે ધીમે આ ગ્રંથ મદ્રાસ, મહારાષ્ટ્ર અને કાશ્મીરમાં દાખલ થયો અને બે સૈકામાં તો અખિલ હિંદમાં એ સુપ્રસિદ્ધ થઈ ગયો. આ ગ્રંથના અભ્યાસ અને પ્રચારને અંગે છેલ્લાં પાંચસો વર્ષમાં પ્રસિદ્ધ થએલા સંસ્કૃત સાહિત્યની લગભગ પ્રત્યેક શાખાના ગ્રંથો ઉપર એની અસર થઈ છે.[૧]

રઘુનાથ શિરોમણિ અને એમના ઉત્તરાધિકારી ન્યાયશાસ્ત્રાચાર્યોએ ન્યાયની ભાષા સજ્જડ કરી ગોઠવી દીધી અને અવચ્છેદ અને અવચ્છિન્નનો પ્રયોગ વિશાળ કર્યો. એઓએ વાસ્તવિક અભિમાન અને અસાધારણ વિવેચનશક્તિથી બધા પ્રાંન્તોના નૈયાયિકોને ઝાંખા પાડી દીધા.

શિરોમણિએ નદીઆમાં ન્યાયની પ્રણાલિકા સ્થાપી. આ સ્થાન એના પછી બંગાળાના મહાન નૈયાયિકોએ ઉત્તરોત્તર શોભાવ્યું છે. ઉત્તમ અધ્યાપકનું સ્થાન શોભાવવાને મૂળગ્રંથો રચવાની શક્તિ પ્રાપ્ત કરવી એટલું જ બસ નથી, પરંતુ વાણીવ્યવહારમાં કુશળતા પ્રાપ્ત કરી શકે અને પ્રતિસ્પર્ધીઓને વિવાદમાં હરાવી શકે તે અધ્યાપકનું આસન સારી રીતે શોભાવી શકે. શિરોમણિના સમયથી નદીઆ વિદ્યાપીઠે અસંખ્ય વિદ્વાનો ઉત્પન્ન કર્યા છે.

આ મહાન ન્યાયશાસ્ત્રાચાર્યનું અવસાન ૧૬ મા શત-

---

૧ J. A. S. of Bengal Vol. XIV 1918 p. 281

કના મધ્યભાગમાં સિત્તેર વર્ષની વયે થયું. રઘુનાથનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ 'તત્ત્વચિન્તામણિ દીધિતિ' છે જે ગંગેશના 'તત્ત્વચિન્તામણિ' ઉપર ભાષ્ય છે. રઘુનાથ પોતાની જાતને 'તર્કશિરોમણિ' તરીકે ઓળખાવતા. યશોવિજય ગણિ રઘુનાથ પરત્વે કહે છે:—

न्यायाम्बुदीधितिकारयुक्ति–कल्लोल कोलाहल दुर्विग्राहः ।
तस्यापिपातुं न पयः समर्थः किं नाम धीमत् प्रतिभाम्बुवाहेः ।।

શિરોમણિની દીધિતિના ભંગના કોલાહલથી ન્યાયસમુદ્ર પાસે જવું દુષ્કર છે, તથાપિ આપણી પ્રતિભારૂપી વાદળાંથી એ જલનું પાન શક્ય નથી ?

રઘુનાથ શિરોમણિ, વાસુદેવ સાર્વભૌમ અને પક્ષધરમિશ્રના શિષ્ય હોવા ઉપરાંત એમણે મહારાષ્ટ્રમાં જઇને રામેશ્વર નામના ગુરુ પાસે વિદ્યોપાર્જન કર્યું હતું. એમના શિષ્યો માત્ર બંગાળીઓ જ નહોતા પણ દરભંગાના રાજાના પૂર્વજ નામાંકિત મહેશ્વર પંડિતે અખિલ જ્ઞાનભંડાર એમની પાસેથી પ્રાપ્ત કર્યો હતો.

સોળમા, સત્તરમા અને અઢારમા શતકોમાં નદીઆનો ન્યાયસંપ્રદાય ખીલતો ગયો. જગદીશ તર્કાલંકાર, ગદાધર ભટ્ટાચાર્ય આદિ મહાન નૈયાયિકો ન્યાયશાસ્ત્રનો ઉત્તરોત્તર વિકાસ સાધતા ગયા. નવ્ય–ન્યાયની સાથે સાથે નવ્યસ્મૃતિ, તંત્રવિદ્યા અને જ્યોતિષ્શાસ્ત્રમાં પણ નિષ્ણાત પંડિતો થઈ ગયા. સોળમા શતકમાં રઘુનંદને સ્માર્ત ગ્રંથો રચી સ્મૃતિનો અદ્ભુત વિકાસ સાધ્યો. કૃષ્ણાનંદ આગમ વાગીશે તંત્રવિ-

દ્યાના અને રામચંદ્ર વિદ્યાનિધિએ જ્યોતિષનાં આસનો શોભાવી તે તે વિદ્યાઓનો બહોળો પ્રચાર કર્યો.

બંગાળાના મુસલ્માન રાજ્યકર્તાઓ હિંદુ જમીનદારો પાસે નિયમસર મહેસુલની અપેક્ષા રાખતા અને તેથી એમની ઇતર પ્રવૃત્તિઓમાં એમની સ્વતંત્રતાનો નિરોધ કરતા નહિ. તેથી જ હિંદુ જમીનદારો સંસ્કૃતવિદ્યાને સહેલાઇથી ઉત્તેજન આપી શકતા. પ્રત્યેક ઉદાર શ્રીમંત કુટુંબને ત્યાં એકાદ ચતુષ્પાઠી તો હોય જ અને ત્યાં ભણતા વિદ્યાર્થીઓ અને વિદ્યાગુરુઓનું બધું ખર્ચ એને શિર રહેતું. વળી ઉત્સવના પ્રસંગોએ ગુરુશિષ્યોને દક્ષિણા પણ સારી પેઠે મળતી.[1]

નવદ્વીપાધિપતિઓએ નદીઆ વિદ્યાપીઠમાં જ્ઞાનની અનેક શાખાઓને સમૃદ્ધ કરવામાં અમૂલ્ય આશ્રય આપ્યો છે. પરિણામે બંગાળામાં બલ્કે સમસ્ત પૂર્વ હિંદુસ્થાનમાં નદીઆ વિદ્યાનું ભારે અગત્યનું કેન્દ્રસ્થાન બની શક્યું. આથી 'બંગાળાના ઑક્સફર્ડ' તરીકે એ ઓળખાવવામાં આવ્યું છે એ તદ્દન વાસ્તવિક છે.

બ્રાહ્મણ સંસ્કારિતાના આ મહાન સ્થાનમાં અધ્યયન અર્થે હજારો વિદ્યાર્થીઓ આવતા. નદીઆના સરસ્વતીસત્રમાં નાનાં નાનાં ટોલમાં માટીનાં બનાવેલાં સાદાં ઝૂંપડાંમાં વિદ્યાર્થીઓ ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરતા. કોઈ શ્રીમન્ત કે રાજા પાસેથી ધન યાચી પોતાના વિદ્યાર્થીઓને અન્નવસ્ત્ર અને

---

૧ Chintaharan Chakravarti: Bengal's Contributions to Sanskrit Literature: Annals of Bhandarkar Oriental Research Institute Vol. XI.

વિદ્યાદાન આ પંડિતો વિનામૂલ્યે પૂરાં પાડતા. પ્રત્યેક ટોલમાં આશરે ૨૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા.

નદીઆમાં આ ટોલ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણા ફેરફારો થયા કર્યા છે: ૧૮૧૬ માં ૪૬ ટોલ હતા અને ૩૮૦ શિષ્યો હતા; ૧૮૬૪ માં ૧૨ ટોલમાં ૧૫૦ વિદ્યાર્થીઓ હતા; અને ૧૯૦૮ માં ૩૦ ટોલમાં ૨૫૦ વિદ્યાર્થીઓ હતા. વિદ્યાલયોમાં વેદ, વેદાંગ, ષડ્દર્શન, મીમાંસા, ન્યાય, યોગ, કાવ્ય, જ્યોતિષ, વ્યાકરણ આદિ વિષયો શીખવાય છે.[1]

નદીઆ વિદ્યાપીઠની જાહોજલાલીના સમયમાં વિદ્યાના વાતાવરણથી ભરપૂર એ નગર હતું. આ નગરમાં સંભાવિત શહેરીનો આદર્શ જ્ઞાનપ્રાપ્તિ હતો. પ્રાચીન એથેન્સ સાથે આ નગરને સરખાવી શકાય. ઉચ્ચ જાતિનાં વૃદ્ધો અને યુવાનો, સ્ત્રીઓ અને પુરુષો જ્ઞાનચર્ચામાં પુષ્કળ રસ લેતાં. નદીઆમાં દ્રવ્યપ્રાપ્તિ, રાજકારણ, યુદ્ધ, રમતગમત અને મોજશોખમાં જીવનનો ઉલ્લાસ મનાતો નહિ પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ એજ જીવનનું અંતિમ ધ્યેય ગણાતું. શિશિરકુમાર ઘોષ 'ભગવાન ગૌરાંગ' નામના ગ્રન્થમાં લખે છે કે:—

"**નવદ્વીપ**ના ઘણાખરા નાગરિકોના પરમ વિદ્યાનુરાગને લીધે એ નગર જગતનાં બધાં નગરોથી જુદું પડતું. જ્યાં જુઓ ત્યાં વિદ્યાર્થીઓનો જમાવ નજરે પડે. બજારો, શેરીઓ અને નદીના આરાઓ વિદ્યાર્થીઓથી ભરચક રહેતા. વાદવિવાદને અર્થે પ્રત્યેક અનુકૂળ સ્થાને તેઓ હજારોની સંખ્યામાં એકઠા થતા. રસ્તે ચાલતાં પણ વિદ્યાર્થીઓ જ્ઞાનગોષ્ઠીઓ કરતા હોય. રોજ રોજ નગરના ઘાટે

---

૧ Keay: Ancient–Indian Education p. 52–53

ઘાટે વિવાદ–પરિષદો ભરાતી. આ બુદ્ધિબળના અખાડાઓમાં વાદીઓ વચ્ચે સામસામી લડાઇઓ પણ થતી અને હારેલા પક્ષને નદીના સામે કાંઠે તરી જવું પડતું."

નદીઆનાં વિદ્યાલયોમાં કેવી સૂક્ષ્મતમ ચર્ચાઓ થતી એની નોંધ લેતાં પ્રો. કૉવેલ લખે છે કે:–

"'જ્ઞાનતૃષાતુર' વિદ્યાર્થીસંઘના જમાનાના જમાનાઓને ઉપદેશામૃત આપતા પંડિતોનો જ્યારે મને વિચાર આવ્યો ત્યારે આ સાદા અભ્યાસગૃહો પ્રતિ ઉંડા રસથી જોયા વગર મારાથી રહેવાયું નહિ. પોતાની આસપાસ વર્તુલાકારમાં શ્રવણપાન કરતા વિદ્યાર્થીઓના મધ્યમાં બેસીને અધ્યાપક ન્યાયના સૂક્ષ્મતમ સિદ્ધાંતોની ચર્ચા કરે છે, જેનો વિચાર કરતાં યુરોપિયન મગજને તમ્મર આવે છે, અને જેના ઝીણામાં ઝીણા તાર દઢતાથી અને ચોકસાઇથી નદીઆનો અન્તેવાસી કાઢી શકે છે. મારી મુલાકાત દરમિયાન મેં તો છાત્રગણમાં આધેડ વયના અને વૃદ્ધોને પણ જોયા."

નદીઆ વિદ્યાપીઠનું પ્રાચીન અવશેષ આજ પણ રહ્યું છે. આ જ પણ વિદ્વાન બ્રાહ્મણ અધ્યાપકો નદીઆમાં વિદ્યાલયો ચલાવી રહ્યા છે. અનેક પ્રાચીન વિદ્યાપીઠોમાંથી કાશી અને નદીઆનાં વિદ્યાસ્થાનો જ આજ એ વિદ્યાપીઠોનો સંપ્રદાય જાળવી રહ્યાં છે. જ્ઞાનપ્રાપ્તિ કેટલી કષ્ટસાધ્ય છે તેનાં એ જીવન્ત ઉદાહરણો છે.

પરિશિષ્ટ અને ટિપ્પણ

પૃ. ૫ પંક્તિ ૫

એચ. જી. વેલ્સના અવતરણનું મૂળ અંગ્રેજી નીચે પ્રમાણે છે :—

"The overriding powers that hitherto in the individual Soul and in the community have struggled and prevailed against the ferocious, base and individual impulses that divide us from one another, have been the powers of religion and education. Religion and education, those closely interwoven influences, have made possible the greater human societies whose growth we have traced in this Outline; they have been the chief Synthetic forces throughout this great story of enlarging human cooperations that we have traced from its beginnings. We have found in the intellectual and theological conflicts of the nineteenth century the explanation of that curious exceptional disentanglement of religious teaching from formal education which is a distinctive feature of our age, and we have traced the consequences of this phase of religious disputation and confusion in the reversion of international politics towards a brutal nationalism and in the backward drift of industrial and business life towards harsh, selfish and uncreative profit-seeking. There has been a slipping off of ancient restraints; a real **decivilization** of men's minds. We would lay stress here on the suggestion that divorce of religious teaching from organized education is necessarily a temporary one, a transitory dislocation, and that presently education must become again in attention and spint religious, and that the impulse to devotion to universal

service and to a complete escape from self, which has been the common underlying force in all the great religions of the last five and twenty centuries, an impulse which ebbed so perceptibly during the prosperity, laxity, disillusionment and Scepticism of the past seventy or eighty years, will reappear again, stripped and plain, as the recognised fundamental structural impulse in human society.

Education is the preparation of the individual for the community, and his religious training is the core of that preparation. With the great intellectual restatements and expansions of the nineteenth century, an intellectual break-up, a confusion and loss of aim in education, was inevitable. We can no longer prepare the individual for a community when our ideas of a community are shattered and undergoing reconstruction. ....But out of the trouble and tragedy of this present time there may emerge a moral and intellectual revival, a religious revival, of a simplicity and scope to draw together men of alien races and now discrete traditions into one common and sustained way of living for the world's service. We cannot foretell the scope and power of such a revival ; we cannot even produce evidence of its onset. Great movements of the racial soul come at first "like a thief in the night" and then suddenly are discovered to be powerful and worldwide. Religious emotion—stripped of corruptions and freed from its priestly entanglements—may presently blow through life again like a great wind, bursting the doors and flinging open the shutters of the individul life, and

making many things possible and easy that in these present days of exhaustion seem almost too difficult to desire."

The Outline of History,
By H. G. Wells.

પૃ. ૧૦ પંક્તિ ૭–૮.

વર્તમાન યુરોપના વિચારને ઘડવામાં હિન્દના વિચારે કેટલી અસર કરી છે તે સંબન્ધી પ્રો. વિનયકુમાર સરકાર એમના 'The Futurism of Young Asia' માં લખે છે કે :—

"It goes without saying that the achievements of the occidental world in industry, science, philosophy and the fine arts during the nineteenth century have profoundly influenced the thoughts and activities of the people of India, as of other regions of Asia. But what is most likely to be missed by the student of culture history is the fact that even the ancient and medieval civilization of the Hindus has been one of the feeders of the modern civilization itself ; *i. e.* that the cultural movements in Europe and America since 1776 have been affected to an appreciable extent by the achievements of free India down to that period."

પૃ. ૧૩–૧૪. કવિવર ટાગોરનું અવતરણ.

કલકત્તામાં ભરાએલી પહેલી તત્ત્વચિન્તક પરિષદ્‌માં હિન્દમાં પ્રવર્તમાન સામુદાયિક કેળવણી વિષે કવિવર રવીન્દ્રનાથે એમની મનોહર વાણીમાં ઉચ્ચારેલાં મૂળવચન :—

All this is owing to the wonderful system of mass education which has prevailed for ages in India, and which to-day is in danger of becoming extinct. We

have our academic seats of learning where students flock round their famous teachers from distant parts of the country. These places are like lakes full of deep but still water, which have to be approached through difficult paths. But the constant evaporation from them, forming clouds, is carried by the wind from field to field, across hills and dales and through all the different divisions of the land. Operas based upon legendary poems, recitations and story—telling by trained men, the lyrical wealth of literature distributed far and wide by the agency of mendicant singers—these are the clouds that help to irrigate the minds of the people with the ideas which in their original form belonged to different doctrines of metaphysies. Profound speculations contained in the systems of Samkhya, Vedanta and Yoga are transformed into the living harvest of the people's literature, brought to the door of those who can never have the leisure and training to pursue these thoughts to their fountain-head."

(વિશ્વભારતી.)

પૃ. ૧૪. પંક્તિ ૧૧-૧૫. ગ્રામપંચાયત

હિન્દનાં ગ્રામપંચાયતો અને એને અંગે ચાલતી શાળાઓ વિષે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કોર્ટ ઑફ ડાયરેકટર્સે બંગાળાના ગવર્નર જનરલ ઇન-કાઉન્સિલને તા. ૩-૬-૧૮૧૪ ના રોજ લખેલો પત્ર આ પ્રમાણે છે:—

"This venerable and benevolent institution of the Hindus is represented as having withstood the shock of revolution, and to its operation is ascribed the general intelligence of the natives as scribes and accountants.

We are strongly persuaded of its great utility that we are desirous that you should take early measures to inform yourselves of its present state, and that you will report to us the result of your inquiries affording in the meantime, the protection of Government to the village teachers in all their just rights and immunities, and marking by some favourable distinction, any individual amongst them who may be recommended by superior merits or acquirements; for humble as their situation may appear, if judged by a comparision with any corresponding character in this country, we understand these village teachers as held in great veneration throughout India."

પૃ. ૧૬. પંક્તિ ૧૧. 'તામિલ સંઘ.'

'સંગમ' અથવા 'સંઘ' નો અર્થ 'સંસદ્' અથવા 'સભા' થાય છે. દક્ષિણના 'સંગમો' અથવા 'સંઘો' વિદ્વન્મંડળ અથવા વિવેચનમંડળ હતાં. સમકાલીન રાજાઓ પ્રતિષ્ઠિત વિદ્વાનોને આશ્રય આપતા અને વિદ્વાનોના આ મંડળ સમક્ષ પ્રત્યેક ગ્રન્થ વંચાતો અને 'સંગમગ્રન્થ'માં સ્વીકાર માટે વિદ્વાનોના સંઘની મુદ્રા આવશ્યક ગણાતી.

જુઓ એસ. કૃષ્ણુસ્વામી આયંગર કૃતઃ Some Contributions of South India to Indian Culture. પૃ. ૧૦

પૃ. ૧૬–૧૭

જુઓ છાન્દોગ્ય ઉપનિષદ્‌ના ૭મા અધ્યાયનો આરંભનો ભાગઃ—

॥ अधीहि भगव इति होपससाद सनत्कुमारं नारदस्तँ होवाच यद्वेत्थ तेन मोपसीद ततस्त ऊर्ध्वं वक्ष्यामीति ॥१॥ स होवाचर्ग्वेदं भगवोऽध्येमि यजुर्वेदँ सामवेदमाथ-

र्वेणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं पित्र्यꣳ राशिं दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्याꣳ सर्पदेवजनविद्यामेतद्भगवोऽध्येति ॥ ઇત્યાદિ.

પૃ. ૧૮. પંક્તિ ૨. અષ્ટાદશકલા

જાતકોમાં વેદત્રયી અને ૧૮ કલાનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં ૧૮ કલામાં, ચાર વેદ, ૭ વેદાંગ, મીમાંસા, ન્યાય, ધર્મશાસ્ત્ર, પુરાણ, આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ અને અર્થશાસ્ત્રનો સમાવેશ થાય છે.

પૃ. ૨૦. પંક્તિ ૪ થી ૭. રામભદ્રામ્બા

કવયિત્રી **રામભદ્રામ્બા**, સંસ્કૃત, તેલુગુ અને ૭ પ્રાકૃત ભાષાઓમાં કવિતા રચી શકતી. એણે '**रघुनाथाभ्युदयम्**' નામનું ઐતિહાસિક કાવ્ય રચ્યું છે. બારમા સર્ગની અંતે નીચે પ્રમાણેવચન છેઃ—

इतिश्री रामभद्रकरुणाकटाक्षलब्धसार सारस्वतप्रवर्धमान शतलेखिनी समयलेखिनीष्याष्टभाषाकल्पित चतुर्विधकवितानुप्राणितसाहित्यसाम्राज्यपदपीठारूढरामभद्राम्बाविरचिते रघुनाथाभ्युदये महाकाव्ये द्वादशसर्गः समाप्तः ॥

૨

પૃ. ૨૭. પંક્તિ ૧૪. નિદિધ્યાસન

સરખાવો **શેલીની** પંક્તિઓઃ—

. . . That content surpassing wealth
'The sage in meditation found
And walk'd with inward glory crown'd'
(from 'Stanzas written in Dejection')

પૃ. ૨૭. પંક્તિ ૧૬–૧૭. 'આકાશના તારાગણ અને અન્તરમાં રહેલા નીતિનિયમ.'

જર્મન તત્ત્વજ્ઞ કૅન્ટની આ પ્રસિદ્ધ ઉક્તિ છે. કૅન્ટ એક સ્થળે કહે છે:—

"Two things fill my mind with ever renewed wonder and awe the more often and deeper I dwell on them-the starry heavens above and the moral law within.

તાત્પર્ય કે હું જેમ જેમ ઊંડા વિચાર કરૂં છું તેમ તેમ આકાશના તારાગણ અને અન્તરમાં રહેલા નીતિનિયમ એ બે વસ્તુઓ અત્યંત ચમત્કૃતિથી અને ભવ્યતાથી મારૂં મન ભરી દે છે.

બીજી તત્ત્વચિન્તક પરિષદ્‌ના ઇન્ડિયન વિભાગના પ્રમુખ તરીકે કરેલા ભાષણમાં **આચાર્ય ધ્રુવ** બ્રહ્મસૂત્રના પ્રથમ પાદના પ્રથમ અધ્યાયના બીજા અને ત્રીજા સૂત્રો સાથે કૅન્ટનું સૂત્ર નીચે પ્રમાણે સરખાવે છે:—

His (Kant's) famous declaration that "the starry heavens above and the moral law within" convinced him of the existence of God may be matched by two consecutive Sutras, the very second and third of the 1st Adh. 1st Pada of the Brahma Sûtras: "**जन्माद्यस्य यतः**" and "**शास्त्रयोनित्वात्**" i.e. From Him this springs, in Him this lives, into Him this returns (Here mark the pronoun 'this' '**अस्य**'). The author, it would seem, when he wrote this, was standing face to face before the world, as did Kant, when the Starry Sky inspired him with faith in the existence of God. Next '**शास्त्रयोनित्वात्**'- He is the source of the S'astra—that is, Truth and Law which in the Indian sense includes moral as well as social and religious law."

'**આશ્રમ વિદ્યાપીઠ**' **માં પૃ.** ૨૯–૩૦ માં ચાર આશ્રમનું સ્વરૂપ નિરૂપણ કરવામાં આવ્યું છે. કવિવર રવીન્દ્રનાથે 'વિશ્વભારતી' ત્રૈમાસિકમાં 'What then'–'**ततःकिम्**' વિષે એક તેજસ્વી લેખ લખ્યો છે. એનું તાત્પર્ય એ છે કે હિન્દના પ્રાચીન ઋષિવરોએ આદિથી તે અન્તપર્યંત મનુષ્યજીવનનો સળંગ અર્થ કર્યો હતો અને એમની આશ્રમવ્યવસ્થામાં એ ઉતાર્યો હતો. એ લેખમાંનો થોડોક અગત્યનો ભાગ નીચે પ્રમાણે છેઃ–

In Europe we see only two divisions of man's worldly life—the period of training, and that of work. In work it ends. But work is a process and cannot really be the end of anything; it must have some gain, some achievement, as its object. And yet Europe has omitted to put before man any definite goal in which his work may find its natural termination and gain its rest. To acquisition whether of material or of knowledge, there is no limit. And the European idea of civilization puts all its emphasis on the progress of this cumulative acquisition, forgetting that the best contribution which each individual can make to the progressive life of humanity is in the perfection of his own life. So their end comes in the middle of things; there is no game, but only the chase.

We, also, say that the desire is not exhausted, but rather increases, with the getting. How then is one to come to the end of work? The reply that India of old gave was, that there is an exception to this general rule, that there **is** a plane wherein getting does arrive at its terminus, whereto if we strive to attain, our work shall come to an end, and rest be ours. The

Universe cannot be so madly conceived that desire should be an interminable song with no finale. And just as it is painful to stop in the middle of the time, it should be as pleasant to reach its final cadence.

India has not advised us to come to a sudden stop while work is in full swing. It is true that the unending procession of the world has gone on; through its ups and downs, from the beginning of creation till to-day; but it is equally obvious that each individual's connection therewith **does** get finished. Must he necessarily quit it without any sense of fulfilment? Had that been so, he would have been unfortunate indeed!

So, in the divisions of man's worldly life which we had in India, work came in the middle, and freedom at the end. As the day is divided into morning, noon, afternoon, and evening so India had divided man's life into four parts, following the requirements of his nature. The day has the waxing and waning of its light; so has man of his bodily powers; and acknowledging this, India gave a connected meaning to his life from start to finish."

'મનુસ્મૃતિ'ના ૬ઠ્ઠા અધ્યાયમાંથી આશ્રમવ્યવસ્થા વિષે કેટલાક અગત્યના શ્લોક ઉતાર્યા છે :—

एवं गृहस्थाश्रमे स्थित्वा विधिवत् स्नातकोद्विजः ।
वने वसेत्तु नियतो यथावद्विजितेन्द्रियः ॥
गृहस्थस्तु यदा पश्येद्वलीपलितमात्मनः ।
अपत्यस्यैव चापत्यः तदारण्यं समाश्रयेत् ।
संत्यज्य ग्राम्यमाहारं सर्वं चैव परिच्छदम् ।
पुत्रेषुभार्यां निक्षिप्य वनंगच्छेत्सहैव वा ॥
मुन्यन्नैर्विविधै र्मध्यैः शाकमूलफलेन वा ।

एतानेव महायज्ञान्निर्वपेद्विधिपूर्वकम् ॥
स्वाध्याये नित्ययुक्तः स्याद्दान्तो मैत्रः समाहितः ।
दाता नित्यमनादाता सर्वभूतानुकम्पकः ॥
वनेषुच विहृत्यैवं तृतीयं भागमायुषः ।
चतुर्थमायुषो भागं त्यक्त्वा सङ्गान्परिव्रजेत् ॥

× × × ×

